
ચીત્ર ૧ લું.
બેરન મુનચાસનનો મુબારક ચેહરો.

તોપખાનાનો ભંડાર.

યાને

બેરન મુનચાસનની માહભારત મુસાફરીનો બોલે બોલ સાચો હેવાલ.

મુંબઈ.

રીપન પ્રીનટીંગ પ્રેસમાં છાપીછે.

૧૮૮૬.

કીંમત રૂ૧ાા.

દીબાચો.

" સાચને કદી ન આવે આંચ. "

મારી મુસાફરીના બનાવો એકતો જાતે નવાઇ જેવા, એટલે સાધારણ સમજના માણસોને તેની સચાઇ વીશે જરા બઆર શક પડયા વીના રહે નહીં, પણ આટલી મેહનત અને ખરચ કીધો તો વલી જરા વધારે કરીને મારા હેવાલની સચાઇની જામીનગીરી વાંચનારી આલમની સેવામાં મેલવા માટે હે પ્રીય વાંચનાર! પાસેના સફાપર નજર નાખો, તારા મનમાં જે જરારતી પણ શક હોય તે કાહાડી નાખ.

મુનચાસન.

જત, અમો નીચે સહી કરનાર મુસાફરો આ લખવાથી કુલ વાંચનારી આલમને ખાતરી આપયે છીયે કે અમારા પ્રખયાત ભાઇબંધ મુનચાસને લખેલો તેની મુસાફરીનો હેવાલ, અમારી મુસાફરીઓ જેવોજ શરાધાતથી મોકલો, અને ખોલેખોલ સાચો છે.

લા૦ સેવકો,

સીનબાદ ખલાસી,

ગુલીવર,

અને

ડોન કવીક્ષોટ.

તોપખાનાંનો ભંડાર

યાને

બેરન મુનચાસનની

માહાભારત મુસાફરીનો બોલેબોલ સાચો હેવાલ.

પ્રકરણ પેહેલું.

(વાંચનારે ધ્યાનમાં રાખવું કે પ્રથમમાં શ્રી દાદાર હોરમજદનું નામ લેવા બાદ, લાલમલાલ શરાબની એક જામ કે કહાચ ઘણી તો એકાદ બે બાટલી ચહડાવવા પછી બેરન સાહેબે આ હેવાલ પોતાના થોડાએક મીત્રો આગલ વરણવયો હતો, તોપણ તેની સચાઇ વીશે જરાબી શક રાખવો નહીં.)

નીકલવું નામના ઉઠાવનાર બેરન મુનચાસનનું પોતાની પહેલી સફર ઉપર, સખત તોફાન લાગવા પછી આવી પુગવું સીંહુલદીપ (સીલોન) ખાતે, અને બે જબરા હરીફો જીતીને સુરખરૂઈ સાથ પોતાને વતન પાછા ફરવું.

થોડાં વરસની વાત ઉપર, મારી અતયાર સુધીની મખમલ જેવી સુંવાલી હુંડડી ઉપર થોડાક આછા નીમાલાએ દેખાવ દઇને, મરદાની વયની પધરામણી વીશે પેગામ પોંહચાડયો ત્યારે, અથવા તો બરાબર બોલતાં, મરદબી નહીં ને છોકરોબી નહીં, એટલે કે બરાબર બંને હાલતની વયમાં

હું ડોલતો હતો તેવારે, દુનિયામાં ફરીને અનુભવ મેલવવાની તમારા સેવકને લાલચ થઇ. જો કે મારા બાવા તો અછાં મુસાફર હતા, તોપણ તેવણ અને તેવણ જોડે મારી માતા-એ મારા એ ઇરાદા સામે સખત બાથ લીધી. તોપણ ખોદા ભલું કરે મારા મામાના દીકરાનું, તે તે બીચારાએ મારી હોશયારીથી છક થઇ જઇને મારા એ વીચારને ટેકો આપયો, અને મારાં માબાપને સમજાવીને ઠેકાણે આણયાં. તેની સમજાવટથી અંતે મારા બાપ મને પોતા જોડે સીલાન, કે જયાં તેવણનો એક કાકો ગવરનર હતો, ત્યાં લઇજવા કબુલ થયા.

આમસટરડામથી એક દીને શુભ ચોઘડયું જોઇને, હાલંડની નામદાર સરકાર તરફથી કાગજ પતરો લઇ અમે નીકલયા. મારગમાં માત્ર એકજ જાણવા જોગ બનાવ બ-નયો, પણ તે સેંકડોની ગરજ સારે એવો હતો. અમને તો-ફાન લાગું; પણ તે કેવું તોફાન? કે જેનું નામજ તોફાન. એક ટાપુ આગલ થોડાંક લાકડાં અને પાણી લેવા માટે અમે લંગર કરી પડેલા હતા, તેવામાં આ તોફાન થયું. ખોદાની બ-રકતથી અને તમારા સેવકનાં નસીબને જોરે અમારૂં વાહાણ તો સલામત રહ્યું, પણ પેલાં ટાપુમાં ભારે ખોહારી થઇ સેંકડો ખાંડીનાં વજનના ઝાડો જડમુલથી ઉખડીને હવાપર અધર જે ઉડયાં, તે પતંગની માફક ઉંચે ચહડયાંજ કીધાં નાંખી દેતાં જમીનથી પાંચ માઇલ ઉપર તો તેઓ ગયાંજ હશે. એવી હાલતમાં ગંજાવર તાડ અને માહડનાં ઝાડો ઘાસનાં તણખાં જેવાં અમને દેખાતાં હતાં. પણ અંહીંજ એ તોફાનની અજાયબી અટકતી નથી. એ ઝાડો તોફાન ટકયું તેટલો વખત તો હવામાં અધર ઉભાં, પણ તે સમી જતાં વાર તરતજ જાણે બપોરની છુટીમાં મસતી તોફાન

કરવા પછી ઘંટ વાગતાંવાર પોતપોતાની જગાએ એક નીશાલમાં નાનકડાં તોફાની બારકસો કેમ ગોઠવાઈ જાય, તેમ આ ઝાડો પોતાની અસલ જગાએ સીધાં ને સીધાં આવી ઉભાં! એટલુંજ નહીં પણ તેઓએ પાછી જડ પકડી, અને અસલ માફક ઉગવાં લાગાં! પણ એ ઝાડોમાંના એક સરવેથી મોટાં ઝાડે માત્ર લગાર જુદી વલણ લીધી. તે ઝાડ હવામાં ઉડયું તે વખતે એક ઘરડો ખેડુત અને તેની ધણીઆણી તેની ઉપર કાકડી તોડવા ચહડયાં હતાં. (વાંચનારે ધ્યાનમાં રાખવું કે, દુનયાના આ ભાગમાં કાકડીઓ વેલા ઉપર ઉગવાને બદલે મોટાં ઝાડો ઉપર ઉગેછે. કુદરતની તરેહવાર અજાયબીઓમાંની આ પણ એક છે, જેનો ભેદ સમજવાની કોઈએ તજવીજ કરવી નહીં.) એ ભલાં ડોશાડોશી તોફાન ટકયું એટલો વખત હવાઈ સેહલની મજાહ ભોગવતાં બેઠાં હતાં, અને તોફાન સમતાંવાર તેઓ ઝાડ સાથે નીચે ઉતર્યાં; પણ તેમના ભારની મોહકાણને લીધે ઝાડ જમીન ઉપર સીધું પડવાને બદલે આડું પડ્યું. વલી તે પડ્યું તે વેલા બરાબર તેની નીચે તે ટાપુનો દેશી હાકમ ફરતો ફરતો આવી લાગવાથી, તે કમનસીબ કચડાઈ મુઓ, અને સાથે લાગું ઝાડપણ પોતાની જગાએ પડતું અટકી નકામું થયું. તોફાન વખતે રખે પોતાનું ઘર તુટી પડે એવી બીકથી હાકમ ઘર છોડીને બાહાર નીકલી પડ્યો હતો, પણ જે મોતથી તે બી હતો હતો તે તેને અંહી આ ભાગયસાલી અકસમાતને લીધે આવી મલ્યું. પણ એ અકસમાત ભાગયશાલી કાંય? સમજો! એ હાકમ બહુ જુલમી અને લોભયો હતો. બચ્ચાં છોકરાં નહીં છતાં, લોકોને લુટીને ઘર ભરયા કરતો હતો. આથી લોકો તેનાથી બહુ કંટાલી ગયાં હતાં, અને તેનું મોત તેઓને મુબારકબાદી ભરેલું થઈ પડયું. જો કે આ બ-

નાવ તો માત્ર અકસમાતથી બનયો, તોપણ પેલાં ડોશા ડોશીનો તે અકસમાતમાં હાથ હોવાથી પેલા જુલમી હાકમને બસથી છુટવાના હરખમાં આવેલા લોકોએ તેમનેજ પોતાના હાકમ બનાવી દીધાં.

આવાં અજાયબીઓથી ભરેલાં તોફાનનો અંત આવતાં વાર અમારાં વાહાણને થયલું થોડું ઘણું નુકસાન સમારીને અમે લંગર ઉંચકયું. અલબતાં ઉપડતી વખતે તે ટાપુના નવા હાકમ અને તેની બાનું, પેલાં ભાગયશાલી કાકડીવાલાં જોડાંની ભેટ લેવા, તથા તેમને મુબારકબાદી આપવાને અમે ચુકયા ન હતા.

છ અઠવાડયામાં અમે સીલોન અથવા સીહલદીપ ખાતે આવી પુગા. અંહી અમને સંઘેથી ઘણો આવકાર મલયો, અને પેટભરતી મજાહ પડી. પણ સરવેથી જાણવા જોગ બનાવ સીલોનમાં અમોએ અનુભવયો તેને નીચે નોંધવાની જરૂરછે.

સીલોનમાં એક પખવાડયું રેહવા પછી, ગવરનરના મામા જોડે હું શેકારે ગયો. તે જવાન, જોરાવર અને તંદરોસત હતો. સીલોનમાં ઘણો વખત રહેલો હોવાથી તે ત્યાંની રૂત સેહલાઇથી ખમી શકતો હતો. પણ મારાથી તેને પુરૂં કેમ પડાય. એક ગીચ જંગલમાં તેતો પુશકલ આગલ વધી ગયો, અને હુંતો તેના ઉંબર આગલજ અટવાતો ઉભો.

જંગલની બીજી બાજુએ એક ખાડી આવેલી હતી, તેનાં વેહતાં પાણી હું નીહાલતો હતો, એવામાં કંઈ ખખડાત સંભલાયો. પાછલ ફરી જોતાં હુંતો ટાટજ થઈ ઉભો. કોની માએ સુંઠ ખાધી હોય, કે તે દેખાવ જોવા પછી ટાટ નહીં થાય! મેં એક સીંહને મારી તરફ આવતો દીઠો. મારી રજા વીના મારાં શરીર ઉપર નાસતો કરવાનો તેનો ઇરાદો દીશતો હતો. શું કરવું તે કાંઇ સુજે નહીં. માત્ર પછી

ચીત્ર ૨ જુ.



સ્વાર અને સીંહની લડાઈ (જુઓ રાદે ૫)

મારવાની એક બંદુક મારી પાસ હતી, અને તે વડે સીંહને આવાજ કરીને બીહવાડવા અને બને તો તેને જખમી કરવાનો વીચાર કરી મેં તે ફોડી. બંદુકથી તેને ઇજા તો થઇ નહીં, પણ તેના આવાજથી સામો તેનો ગુસો ઉસ્કેરાયો. વધારે ગુસાથી તેણે મારી તરફ ધસવા માંડયું. મેં હવે નહાસવાની તજવીજ કીધી, પણ તે કોશેશ તો મારી મુશકેલીમાં જાણે કંઇ હજી બાકી હોય, તેમ નવો વધારો કરનાર થઇ પડી. નાહાસતો નાહાસતો હું પેલી ખાડીની તરફ ગયો, અને ત્યાં એક સોસવાટને ડાચું વકાશીને મને આવકાર દેવા માટે તઇયાર ઉભેલી મેં દીઠી. હવે કયાં જાઉં! એક તરફ સોસવાટ અને બીજી તરફ સીંહ, એ બેમાંથી કોને હાથે મરવું? સીંહ હવે મારેથી થોડોજ દુર હતો. તે પોતાના પાછલા પગ ઉપર તઇયાર થયો. એકજ કુદકો મારવાની તેને ફકત ખોટી હતી. મરવાને માટે હું તઇયાર થયો. ધાસતીનેમારે હું વગર મરજીએ ભોંયે પડયો અને અબ ઘડી સીંહના દાંત અને કયાં કયાં ભોકાશે તેનો વીચાર કરી ધ્રુજવા લાગો. કેટલોક વખત એવી ધાસ્તીમાં મેં કહાડયો, સીંહને મેં કુદીને ઉછલતાં વટીક દીઠો, પણ તે કયાં ગયો તે જણાયું નહીં. એવામાં મને કંઇ અજાબ જેવો વીચીત્ર આવાજ સંભલાયો. જરા ધાસતી શાંત કરીને મેં મારૂં માથું ઉંચકયું, અને આસપાસ નજર ફેરવી. જે દેખાવ મારી નજરે પડયો, તે જોતાં હરખનો શું પાર! મને ચટ કરી નાખવાની ઉલટમાં સીંહ એટલો તો ઉછલયો, કે મારી ઉપર આવી પડવાને બદલે મારી પાછલ થોડેક દુર પડેલા પેલા સોસવાટનાં વકાસાયલાં ડાચાંમાં તે જઇ પડયો. સીંહનું માથું અને અરધું આંગ તે જડબાંમાં પેશી ગયું. સોસવાટને આ આપતો શેકાર મલયો ખરો, પણ તે તેના ગલામાં એવો ખુતો કે તેની લહેજત ચાખવાની તક મલેજ

ક્યાંથી? આ વીચીત્ર ગુચવણમાંથી છુટવાને બંને પછાડ-મારવા લાગા. તરતજ હું પગભર થયો, અને કમરેથી તલવાર કાહડીને એકજ ફટકે સીંહના બે તુકડા કીધા. તેનો આગલો અરધો ભાગ સોસવાટનાં ડાચાંમાં રહયો, અને બીજો અરધો મારા પગ આગલ પડયો. પછી સીંહનાં અરધાં ધડને મારી બંદુકનાં કુંદાં વતે સોસવાટનાં ગલાંમાં ઠોકીને એવી રીતે ધુસાડયું, કે નહીં તે તેનાથી ગલી જવાય, કે નહીં ઓકી કહડાય. આવી હાલતમાં તે શુંગલાઇને મરણ પામયું.

બે જબરા દુશમનો ઉપર એવકે એવી ફતેહ મેલવી, અને થોડાવારમાં મારો સાથી પણ આવી લાગો. જંગલમાં તેની પાછલ મારાથી જવાયું નહીં તેથી ગભરાઇને તે મને સોધવા નીકલયો હતો, તે અંહી આવી પુગો.

અરસપરસની મુબારકબાદી વરણવવા પછી, અમે પેલી સોસવાટને માપી, તો ચાલીશ ફીટ તેની લંબાઇ જણાઇ!

ઘરે જવા પછી સીલોનનાં ગવરનરને જયારે મેં મારો હેવાલ કહયો, ત્યારે તરત તેણે માણસો મોકલીને બંને શીકારોના મુરદાં મંગાવ્યાં. સીંહનાં ચામડાંને બાલ સુધાં સુકવાને, તેમાંથી મેં તંબાકુ ભરવાની કોથલીઓ બનાવી, અને મારે વતન પાછો ફરયો તે વેલા મને આવકાર દેવા આવેલા આગેવાન શેહરીઓને તે ભેટ કીધી.

સોસવાટના પેટમાં ભરીને આમસટરડામના સંગ્રહસથાનમાં આજ સુધી તેને રાખવામાં આવીછે. જે શખસ એ સંગ્રહસથાનમાં રખેવાલ છે, તે નખોત ગીઆને ડફાંસ મારવાની પુરી આદત પડેલી છે. મારૂં સોસવાટ લોકોને દેખાડતી વેલા, તેનો શેકાર મેં કેમ કીધો તેનો હેવાલ આપતાં અંદર એવું મોહું મરચું ભભરાવેછે કે, એકતો પેહલેથી એ નવાઇ જેવી વાત, તે લોકોને તેના મસાલા સાથ મુદલ

માનવા જેવી લાગતી નથી. તેની શરાઘાતના એકાદ બે દાખલા અતરે આપવા ઠીક પડશે. કોઇવાર તે તમાસગીરોને કહેછે કે, સોસવાટનાં જડબાં તરફ સીંહ એટલાતો જોર સાથ ધસયો, કે આરપાર તે નીકલયો, પણ જેવો પાછલે રસતેથી બાહાર નીકલવા માથું કાહડે, કે તરત નામવર બેરન સાહેબે તે માથું છટકાવી નાખયું.

પણ કમબખત રંગેવાલ કોઇકોઇવાર એથીબી આગલ વધીને લોકોને કહેછે કે, સીંહનું માથું કાપતી વખતે સોસવાટની પુછડીનો ત્રણ ફીટ જેટલો કકડોબી સાથે લાગો કપાઇ ગયો, અને તે બનાવ જોતાંજ સોસવાટે ચીરડાઇને બેરનના હાથમાંની તલવાર ઉપર ડાપું ભરયું, અને તેને કરડી ખાવાની ઉલટમાં ગલી ગયું, જે હથયાર તેનાં દીલગુરદાની આરપાર નીકલી જવાથી તે મરણ પામયું.

પણ તે લફંગાની આ ડફાંસને લીધે સોના જેવી મારી સાચી વાતને ધોકો પુગેછે.

પ્રકરણ ૨ જું.

લખયું છે દાસતાન, બેરન સાહેબની નીશાનબાજીની સીફતમાં તથા તેવણે એક વરૂ ઉપર કરેલી સવારી અને બીજાં મરદાંનગીનાં કામોનાં બયાંનમાં.


રૂશયા, અને યુરોપની ઉતરના બીજા મુલકોના રસતા ઘણા ખરાબ કેહવાય છે, પણ થંડીમાં બરફ પડવા પછી તે રસ્તા ઠીક સુધરી જવા જોઇયે, એવી વાજબી તરક કરીને, એક શીયાલાની મોહસમમાં તમારા સેવકે રોમથી રૂશયા જવાનો ઇરાદો કીધો. વખત અને જગા પ્રમાણે ઘોડેસવારી ઠીક ધારીને એક અછા ઘોડા પર

સ્વાર થઇ આપણે નીકલયા. કપડાં લતાં ઝાંઝાં અને થંડીને ખરનાં લેવાનું માંડી વાલયું. પણ જેમ થંડી વધતી ગઇ, અને રૂશયા નજદીક આવતું ગયું, તેમ તેમ એ ગફલત ભારી પડતી ગઇ. તેવાંમાં વલી પોલાંડનાં એક ઉજડ મેદાનમાં એક ડોશાને નાગે ડીલે થંડીમાં થથરતો જોઇને મારૂં સખી દીલ પીગલી ગયું, અને મારી પોતાની દરકાર નહીં કરતાં મારો મોટો ડગલો કાહડીને તેને ઢાંકયો. અલબતાં મને એ સખાવત ભારી તો પડી, પણ તેનો બદલો ખોદા તરફથી મલી રહયો. જેવો મેં તે ડોશા પર મારો ડગલો નાખયો, કે તરત આકાશમાંથી આવાજ થયો કે—

"દીકરા આ સખાવતનો બદલો તને આગલ ચાલતાં મલી રહેશે."

પરવરદેગારની મહેરબાનીની માટે શુકર કરતો હું આગલ વધયો. અંતે રાત પડી, અને અંધારૂં તો એવું સખત પડયું, કે મારૂં પોતાનું નાક મારી આંખની છેક પડોશમાં છતાં તે વટીક હું જોઇ શકયો નહીં. જયાં જોઉ તયાં તયાં બરફ શીવાએ બીજું કંઇ નહીં. સીધા રસતામાં છું કે જંગલમાં તે પણ જણાય નહીં. એટલું તો ખરૂં કે વસતીથી હું બહુ દુર હતો. જયાં હોય તયાં પણ થાક બહુ ચહડેલી, એટલે કંઇ સુકઇ ગયલાં ઝાડના ખુંટા જેવું જણાયું તે સાથ ઘોડાને બાંધીને આપણ તો બરફપરજ લાંબા થઇ ગયા. ઉંઘતો એવી કાહડી, કે સહવાર પડતાં સુધી જરાબી આંખ ઉઘાડી નહીં. પણ સજાગરૂ થવા પછી મારી અજાયબીનો શો પાર! જે જગાને ઉજડ જંગલ સમજી સુતો હતો, તે તો કેથું એક ગામડું જણાયું, અને તે ગામડાંનાં દેવલના ચોકમાં મેં પોતાને સુતેલો દીઠો. મારો ઘોડો પણ કેથે ગેપ થયલો જણાયો. કેટલે વારે તેના

ચીત્ર ૩ જું.



હવામાં લટકતો ઘોડો. (જુઓ સફે ૯)

ખંખારવાનો અવાજ સાંભલી આજુબાજુ જોઉ તો દેવલના મીનારાની ટોંચપર જડેલા "વેધર કાક" સાથ લગામથી બંધાઇને અધર લટકતો તે દેખાયો. હવે બધી વાતની સમજ પડી. રાતે કેહું ગામમાં પુશકલ બરફ પડીને જમી-નથી તે છેક દેવલનાં મથાલાં સુધી તેનું પડ બંધાયલું, તે વખતે પેલા વેધર કાકને ઝાડનું ઠુંઠું સંમજીને મેં ઘોડો બાંધવ્યો હશે. સુતા પછી હવામાં અં-ચીતો ફેરફાર થવાને લીધે બરફ પીઘલી જવાથી હું ચોકમાં આવી પડયો હોઇશ, પણ ઘોડો બાપડો બંધાયલો હોવાથી લટકી રહયો. હવે તેને ઉતારવો કેમ? તમારા સેવક સમય-સુચકતામાં કોઇ રીતે કમતી નથી. તરતજ મારી પાસની એક પીસતોલ કાહડીને ઘોડાને બાંધેલી લગામપર નેમ તા-કીને ફોડી, એટલે લગામ તુટી ને ઘોડો આબાદ જમીનપર આવી પડયો. જરાપણ ઇજા વગર હો. નીશાનબાજીમાંબી એવી સીફત હોયછે. એક તરફથી ઘોડો ઉતરયો, અને બીજી તરફથી તેપર સવાર થઇ આપણે આગલ વધયા (આ વખતે નામવર બેરન સાહેબ પોતાની સરૈસતાની ઉદાર લાગ-ણી ભુલી ગયલા લાગેછે, કાંકે આખી રાત કફોડી હાલતે હ-વામાં અધર લટકવા પછી બાપડા ઘોડાને કશા ઘાસ ચારાથી આશાયશ આપવા વીનાજ તેની ઉપર તેવણે સવારી કરી.)

અંતે હું અને મારો ઘોડો રૂશયાના માંહેલા ભાગમાં આવી ચહડયા. મારો તો ધારોજછે કે જેવો દેશ હોય તેવો વેશ રાખવો, તે પ્રમાણે રૂશયામાં આવતાંવાર તયાંની ઢપની એક પૈડી વગર પઇડાંની સલેડજ ગાડી લેઇને તેમાં આપણો ઘોડો જોડી દીધો, અને ફરવા માંડયું. એવી હાલતે ફરતાં એક દીને એક ઉજડ જંગલમાં અમે આવી લાગા. એ વખતે એક જબરદસત કદનાં વરૂને અમારી પાછલ લા-ગેલું મેં દીઠું, તરતજ લગામ છોડીને સલેડજમાં હું ચતો

પાટ સુઇ ગયો, જેથી વરૂની નજર મારા ઉપર પડી નહીં, પણ મારાં માથાં ઉપરથી કુદીને તે મારા ઘોડા ઉપર તુટી પડ્યું. એક તરફથી તે ઘોડાને ખાતું જાય, અને બીજી તરફથી ઘોડો પોતાની બનતી ઝડફે દોડતો જાય. અંતે વરૂએ ઘોડાને એવી રીતે ફોલી ખાધો, કે અરધોઅરધ ઘોડાનાં આંગમાં તે ઘુસી ગયું. આ તકનો લાભ લેઇ મેં ચાબક વતે તેને પાછલથી ધુંમ જોખવા માંડયું, જે બનાવથી ગભરાઇને વરૂએ આગલ વધવાને એવોતો ધસારો કીધો, કે ઘોડાનું મુરદું નીકલીને છુટું પડીગયું, અને તેની જગામાં વરૂ હા-રનેસમાં જોતરાઇ ગયું! આતો જેવું જોઇએ તેવું થયું. મારો શીકાર કરવાને બદલે વરૂ સામું મારી સેવા બજાવનાર થઇ પડયું. આપણે તો તેને જેરબંધ માર મારવાનું ચાલુજ રાખયું, અને તેણે પણ બનતી ઝડફે દોડવાનું ચાલુ રાખયું. એવી હાલતમાં અમે સેંટ પીટરસબરગમાં દાખલ થયા. તયાંના લોકો આ નવાઇ સરખી સવારી જોઇને અજબ થ-યા, અને તેમને જોઇને તથા પોતાની નવાઈ જેવી હાલતથી બેશક મારાં વરૂને પણ નવાઇ લાગી હશે.

રૂશયાની આ રાજધાનીમાં મેં શું શું જોયું, તેના સાધારણ હેવાલથી હું તમોને કંટાલો આપનાર નથી. પણ માત્ર નવાઇ જેવા બનાવોજ વીસતારીશ.

પ્રકરણ ત્રીજું.

આપણા જંગી બેરનના નાક ઉપર ગુજરેલી મુસી-બત—એક ગોલી પણ શું શું કરી શકેછે— શીકારી કાંઈ સઉથી થવાયછે ?

શીકારની ગમતમાં કંઇ ઓરજ મજાહ છે. રૂશયા ખાતે લશકરી નોકરીની જંજાલોમાં પડવા અગાઉ તમારા સેવકે

શીકારની મરદાની રમતથી ઘણી મજાહ મેલવી છે. તે મજાહ હવડાંબી વાત કરતાં હઇડે ચહડી આવેછે. સેવક વીશે શું ધારીયું.? કંઇ જેવા તેવા શેકારી નથી હો. એક સહવારે સુવાના ઓરડાની બારીએથી બાહાર નજર કરતાં થોડેક દુર પર આવેલું એક તલાવ જંગલી બતકોથી ભરાઇ ગયલું જણાયું. કુદકો મારતો કે હું ઉઠયો, આંખ વીચીને ઉધાડો તેટલાં હાથમાં બંદુક ઝાલી, અને નહાસવા માંડયું. પણ ઉતાવલને લીધે બારણાં સાથે મારૂં મોહડું અને તેની ઉપરનું સહુથી આગલ વધી આવેલું મારૂં નાક બહુ જોરથી અફલાયું. તેબી કેવી રીતે! નાક અફલાતાં વાર મારી આંખોમાંથી આતશની ચીંનગારી ઉડવા લાગી! પણ તમારા સેવકને એટલાંની થોડીજ દરકાર હતી. હું તો આગલજ ધસયો, આબાદ નેમ ટાંકી. પણ મોહકાન! બંદુક સલગાવવાની ચકમક ઉતાવલને લીધે કેથી પડી ગયલી. હવે કરવું કેમ! તરતજ પેલો આંખમાંથી આતશ ઉડવાનો બનાવ યાદ આયો અને જોરથી આંખ ઉપર મુક્કી મારીને આતશ કાહડી તે વતે બંદુક સલગાવી; અને એક ગોળી પેલાં બતકો પર ફેંકી. પણ તે કેવી ગોલી! એકે સપાટે પચાશ જોડી જંગલી બતક અને તે ઉપરાંત બીજાં છવીશ પક્ષીઓ આરપાર વીંધાઇ ગયાં.!

સમયસુચકતા અજબ ચીજ છે. લડવઇયાઓને તેનું ઘણું કામ પડેછે એ વાત ખરી, પણ શેકારી બચાઓને કાંઇ તેની ઓછી જરૂર પડતી નથી. સેવકનોજ એક દાખલો લેવો. રૂશયાના એક જંગલમાં એક દીને ફરતાં એક સરસ સુધ કાલું શીયાલ નજરે પડયું. એ જાતનાં શીયાલનાં ચાંમડાં બહુ કીમતી હોવાથી તેને ગોલી મારીને ખરાબ કરવાને બદલે એમનું એમજ અખંડ ઊતારી લેવાનું મને મન થયું. તે કેમ બને? સાધારણ મગજનાં

માણુસે એ વાત પડતી મેલી હતે, પણ તમારા સેવક પાસ-તો હીકમત અને સમયસુચકતા સદા તઇઆર. તરતજ બંદુકમાંથી ગોલી કાહડીને તેને બદલે એક ખીલો નાખયો, અને શીયાલ પોતાની ઝાડુ જેવી પુછડી એક ઝાડના થડ સાથ અડડાવીને ઉભું હતું તે વખતે ખીલો બંદુક ભરીને એવી રીતે આબાદ ફેંકયો, કે શીયાલની પુછડી તે વતે ઝાડ સાથ બંધાઇ ગઇ. પછી ચાબકે ચાબકે તેને એવું તો જુરી કાહાડયું, કે સરસડાટ તેની આખી ચામડી એમની એમ નીકલી પડી.

નસીબની યારી ઉપર પણ શેકારીને ઘણો આધાર રાખવો પડેછે. ઘણી વાર આપણી હીકમત અને હીમત હારી ખાયછે, તયારે નસીબ દેવીની કલમનો એકજ ગો-દો, આપણું કામ હાર પાડી આપેછે. તમારા સેવક ઉપર ભાગય દેવીની કમતી મેહરબાની નથી. એક વખતે એક જં-ગલી ભુંડે મારા ઉપર હુમલો કીધો. એ વખતે પાસે કંઇ હ-થીઆર નહી હોવાથી, તેની સામે થવાને બદલે, તણે મને ડાપું ભરવાની તજવીજ કીધી તેવો તરતજ ઓકનાં એક ઝા-ડને આશરે હું ભરાયો. આથી ભુંડનું વકાસેલું ડાચું મારાં માંસને બદલે પેલાં ઝાડને પેશી ગયું; અને તેના દાંત તેમાં એવાતો ચપટ ભરાયા, કે નીકલેજ નહીં. એબી ઠીક! મારો શેકારી હવે મારોજ શેકાર બનયો. એક પથર વતે તેના દાંતને ઠોકીને મેં ઝાડમાં વધારે ને વધારે ચપટાવયા. તેવી હાલતમાં તેને પડતો મેલીને પછી હું ગામમાં ગયો, અને એક ગાડું તથા દોરડાં આણીને તેમાં ભુંડને સીકરીને નાખ્યો.

ભુંડોની એક બીજી વાત કહું. એક દીને એક ભું-ડણીને એક તેનાં મોટાં બચ્ચાં સાથ જતાં જોઇ મેં તેઓ તરફ મારી ગોલી છોડી. ગોલી રદ ગઇ, અને પેલું બચ્ચું

નાસી ગયું, પણ ભુંડણી તો થમજ ઉભી રહી. આગલ જઇ જોતાં જણાયું કે તે બાપડી આંધલી હતી, અને પોતાનાં બાલકનું પુછડું મોંમાં ઝાલીને ફરતી હતી, પણ મારી ગોલી આબાદ તે પુછડાંની અધવચમાં લાગવાથી તે તુટીગઇ હતી. અરધી પુછડી લેઇ પેલું નાનું ભુંડ નાસી ગયું, પણ બાકી-ની અરધી ભુંડણીનાં મોમાં રહી જવાથી, તે બાપડા પોતા-નું બચ્ચું ઉભું રહયું હશે એમ સમજી પુછડું મોમાં લઇ ઉભી રહી હતી. મેં જોયું કે આ તકનો લાભ લેવો. પેલી પુંછડીનો છેડો મારા હાતમાં લઇ મેં ચાલવા માંડયું, અને ભુંડણી પોતાનું બચ્ચું ચાલેછે એમ સમજી મારી સાથે વ-ગર હરકતે મારે ઘર આવી! એ રીતે આવાં જંગલી જાન-વરને સેહલાઇથી હું મારે ઘર લઇ જઇ શકયો.

પ્રકરણ ચોથું.

શેકારગાહમાં બેરન મુનચાસને દેખાડેલી વધુ ચાલાકીના થોડાક નમુના—એક નવા હુનરની શોધ—જીવતાં જાનવરનાં માથાં ઉપર ઝાડ ઉગાડવાની કલા.

શેકારીઓની રખેવાલી કરનાર પીર સેંટ હરબરટ વીશે તો તમે સાંભલયું હશે. તે પવીત્ર સાહેબ પાસનાં એક સાંબર વીશે કહેછે કે, ખોદાઇ કુદરતથી તેનાં માથાં ઉપર સીંગડાંની વચોવચમાં એક પવીત્ર કરાસ ઉગી નીકલેલો હતો. તે કરાસની વાત ખોટી નહીં હોય, કેમકે તમારા સે-વકે ખુદ નજરોનજર તેને મલતોજ એક ચમતકાર જોયલો છે. એક દહાડે શેકાર રમતાં ઉલટમાં ને ઉલટમાં સાંજ

સુધીમાં એકે એક ગોલી મેં ખપાવી નાખી. એવામાં સમી સાંજે, સીરે પોહરને વખતે એક દમાંમદાર દેખાવનું ખુબસુરત સાબર મારી નજરે પડયું; પાસે તો એકબી ગોલી નહીં, પણ સાબરતો મારવુંજ જોઇએ. જાણે કે મારી નબલી હાલત સમજતું હોય, તેમ બાડે ડોલે સાબર મને ટીકવા લાગ્યું, અને તે જોઇ મારું તો પાકી આવ્યું. પણ તેટલાં એક ઇલાજ સુજયો. મારી પાસે થોડાંક ચેરી ફલ હતાં, તે ખાઇને નાખેલા તેના ઠલીઆ મારા પગ આગલ પડેલા હતા, તે તરફ મારી નજર ખેંચાઇ. તરતજ એક ખોબો ભરીને ઠલયા લઇ તે બંદુકમાં ભરયા, અને સાબરના માથાં ઉપર નેમ ટાંકીને બાર કીધો. નેમ તો આબાદ લાગી, અને સાબર જરાક જખમી થયું ખરું, પણ આખર કરે તોબી સાદા ઠલીયા, એટલે તેની અસર જાજી થઇ નહીં, અને સાબર જીવ લઇને નાઠું. બે વરસ એ બનાવને ગુજરી ગયાં. તે પછી એક દને એજ જંગલમાં કેટલાક મીત્રો જોડે હું શેકાર કરવા ગયો. એ વખતે અમે શું દેખાવ જોયો, તે માનશો? આબાદ પેલુંજ સાબર અમારી સામે આવી ઉભું, અને તેના માથાં ઉપર સીંગડાંની બરાબર વચમાં એક મોટું ચેરીનું ઝાડ ઉગેલું, જેને પાતરે પાતરે કેવાં સરસ ચેરી ફલો લટકેલાં! મારા મીત્રો તો આ દેખાવ જોઇ ડંગજ થઇ ગયા, પણ હું તરત પામી ગયો કે, મેં મારેલા ઠલયાનુંજ આ ઝાડ ઉગી નીકલયું છે. એ સાબર અને તે પરનું ઝાડ બંને અલબતાં મારીજ મતા, એટલે એક સાબુત ગોલી ફેંકીને બંનેને મેં ભોંયે નાખયા. મારા મીત્રોને મેં એ સાબરની તવારીખથી જાણીતાં કીધા, અને પછી તેને રોસટ કરીને, તેનાંજ માથાં પરના ચેરીના સાસ સાથે અમે તે ઉપર ભોજન કીધું. 'કહેછે કે, લોહી ખાતરમાં વાપરવાથી તે

ચીત્ર ૪ થું.



જીવતાં જાનવરના માથાપર ઝાડ. (જુઓ સફે ૧૪)

ઘણો ફાયદો કરેછે તે વાત ખોટી ન હોય, કેમકે, સાબરનાં માથાં ઉપર ઉગેલાં આ ચેરી ફલો જેવાં સવાદદાર ફલ મેં મારા જનમમાં કદી ખાધાં નથી, અને બેશક સાબરનાં લોહી-નોજ તે પ્રતાપ. સેંટ હરબરટનાં પવીત્ર સાબરનાં માથાંમાંનો ઠરાસબી કદાચ આ ઝાડની માફકજ કાં નહીં ઉગયો હોય ?

અડીભીડીના વખતમાં શેકારી બચ્ચાને તરેહવાર રીતે પોતાનો બચાવ કરવો પડેછે, અને કચરા જેવી ચીજ પણ હથયારને ઠેકાણે કામ લાગેછે. દુર કહાં જાવોછો? મારોજ દાખલો લેવાને! એક દહાડે શેકાર કરતાં સઘલો દારૂ ગોલો ખુટી ગયો, તેવામાં એક રાક્ષી કદનું રીંછ મારી સામે આવા ઉઠ્યું. એકજ મીનીટ વધારે અને તે મને આખોનેઆખો ગલી ગયું હોત, પણ હું તેને તેવી તક આપું શા માટે? “ગોસત નહીં માલે તો શુરવેસે કામ લેના”, એ કેહવત પ્રમાણે આપણે તો હથયાર નહીં હોય તે વેલા ધુલનેબી હથયાર બનાવવા તઈયાર. તરતજ ખાસામાંથી એક ચક-મકનો નાનો પથર કાહડીને રીંછનાં વકાસેલાં ડાચાંમાં ફેંક-યો; તે એટલા તો જોરમાં રીંછની હોજરીમાં ઘુસયો, કે તરતજ તેના પેટમાં ચુંકો ચાલવા લાગી. આથી તે તાસ-વીસ કરીને આમતેમ ફરવા લાગું. તેની પીઠ મારી તરફ આવી, એટલે વલી પાછલે રસતેથી બીજો કાંકરો માહે ફેંક-યો. આથી બંને કકડા હોજરમા જોરથી અફડાને સલગી ઉઠયા, એક મોટો ધડાકો થયો, અને રીંછના ફુરજેફુરજા હવામાં અધર ઉડયા!

મારે હાથે એવાં માહભારત કામો બજાવાની ખુદરત-ની મરજીજ છે. ગમે તે કહો, પણ મારી એવી સરજતજ છે કે, જ્યારે હું તદન બચાવ વગરની હાલતમાં હોઉં તયા-રેજ ઘણાં વીકાલ અને જંગલી જાનવરો મારી સામે આવી લાગેછે, અને અજબ જેવી યુકતીઓથી હું મારો બચાવ

કરી શકું છું. એક દહાડે એવીજ હાલતમાં એક જબરાં વરૂએ મને ઘેરયો અચીંતો ધસારો કરીને મારાં ડાચાં પાસેજ તે આવી ઉભું. કંઇ ચારો નહીં રેહવાથી વગર વીચારેં મેં મારો હાથજ તેનાં ડાચાંમાં ઘુસાડી દીધો. એકવખત હાથ નાખીને તેને છેડવા પછી પાછો કાહડું, તો ગરદન આપવા વીના છુટકો નહીં, એટલે મેં હાથ વધારે ને વધારે અંદર ખોસયો. એમ કરતાં છેક હાથ એટલોતો અંદર ગયો, કે વરૂનું મોહડું અને મારૂં મોહડું પાસે પાસે થઇ ગયાં, જે મોહબતી મુલાકાત કોઇબી રીતે આપણુને તો પસંદ પડી નહીં. વરૂની આતસીયા આંખો મારી સામે એવા તો તેજથી ચલકવા લાગી, કે મારા ગુડા ગગડીજ ગયા.. તો પણ છેલી ઘડીએ એક ઇલાજ સુજયો. જરાક હાથ વધારે લંબાવીને વરૂની પુંછડી ઝાલી, અને પછી તે પુંછડી માહેલે રસતેથી બાહાર એવી રીતે ઘસડી કાહાડી, કે એક મોજુ ઉઠલાય તેવી રીતે આખું વરૂ ઉઠલાઇને ઊંધું થઇ ગયું, અને પટ કરતો કે પ્રાણ છોડી દીધો !

પણ એકાદ હડખાં કુતરાં સામે એ ઇલાજ અજમાવી શકાય નહીં, હો. તેની સાથે વલી જુદીજ રીતે કામ લેવાનું. એક દહાડે સેંટ પીટરસબરગમાં એવો એક કુતરો મારી પુઠે લાગો. એવાં જનાવર સાથે જોર અજમાવવામાં નકામી હુલડાઇ, એટલે આપણે તો નાસવા માંડયું. પણ કુતરાએ બહુ ઝડપથી કામ લેઇ મને લગભગ પકડી પાડયો, તેથી મારો રૂઆંનો ગરમ ડગલો ભોંયપર નાખીને હું આગલ દોડયો. કુતરાએ તે ડગલા ઉપર પોતાનો ગુસ્સો ખાલી કરવા માંડયો, તેટલાં મારૂં ઘર નજદીકજ હોવાથી ઝટકમાં દોડીને હું માંહે ભરાઇ ગયો. કુતરો જવા પછી નોકરને મોકલીને રસતામાં પડેલો મારો ડગલો મંગાવયો. પણ ડગલો પાછો ઘરમાં રાખવામાં મોટી

ભુલ કીધી તે કેમ, તે સાંભલો. એ ડગલાને કબાટમાં મેલયા પછી બીજેજ દીને સહવારે મારો નોકર ઓરડામા બુમ પાડતો આયો:—

"દોડો સાહેબ, દોડો! તમારો ડગલો ઘેલો થયોછે!"

કપડાંવાલા ઓરડામાં જઇ જોઉં છું, તો બધાં કપડાં ફાટી તુટીને વીખરાઇ પડેલાં, અને મારી નજર આગલ પેલા કુતરે કરડેલા ડગલાએ એક કપડાંની જોડીને ફાડી તોડીને પીખા નાખી! ખરે! એ ડગલાનેબી હડખુ લાગેલું!

પ્રકરણ પાંચમું.

એક શીકારી કુતરા તથા સસલાની કાહણી—સ્વારીના હુનરમાં આપણા નાયક શું શું કરી બતાવે છે—એક ઘોડો કપાઇને બે તુકડા થઈ જવા છતાં જીવતો રહી તથા દોડી શકેછે.

બાનુઓ અને ગ્રહસ્થો.—એક લડવઇયા કે શેકારીને કેવી હીકમતોથી અને નસીબની મેહેરબાનીની ઉપર આધાર રાખીને કામ લેવુ પડેછે, તે તમે જોઇ ચુકા. પણ એટલાંપરજ તેનો આધાર રેહતો નથી. પોતાના હથયારો તથા બીજો અસબાબ પણ સારો રાખવાની તેની ફરજ છે. તે ફરજમાં તમારા સેવક પછાત નથી. મારાં હથઆરો, કે શેકારી જાનવરો, તમનાં ધણીને બજાવવા પડતાં માહભારત કામને બરનાંછે. મારી શેકારી કુતરીનોજ દાખલો લેવો. વીજલી જેવી તેજ તેની ઝડફછે. એક વખત તે દોડવા પડી એટલે ગમે તે હરકત છતાં થોભવાની નહીં. એકવાર મેં તને એક સસલી પાછલ દોડાવી, તે વખતે ગરભવંતી હોવાથી દોડતાં દોડતાં તણીએ છ બચ્ચાં જણયાં, પણ સસલીને

પકડી ત્યાંસુધી તે થોભી નહીં. સસલી પણ કેથી એ વખતે ગરભવંતી હતી, અને તેણીએ પણ દોડતાં દોડતાં હમેલથી છુટીને છ બચ્ચાં જણ્યાં. આથી શેકાર શરૂ થયો તે વખતે એક સસલી અને એક કુતરી હતી, પણ શેકાર પુરો થતાં બંને જણે અરધા અરધા ડજનનો વધારો પોતાની ઓલાદમાં કીધો. શેકાર કરવા તો સઉ કોઈ બાહાર પડે છે, પણ આવા શેકાર તે ખરા.

બીચારી મારી કુતરી આજે વરશો થયાં સવરગવાસી થઈ છે, તોપણ તેને અને મારા એક ચુનંદા મરનાર ઘોડાને હું કદી ભુલનાર નથી. પણ તે ઘોડાની તો કશી વાત મેં તમને કહી નથી. શું સરસ જાનવર! એક અકસમાતથી તે મને મલી ગયો હતો. લીથવાનયા ખાતે કાઉનટ પીઝીઓસકીને તયાં હું એક વખત મેહમાન ઉતરયો હતો. તે વેલા એક દીવસે કેટલાક મેહમાનો સહીત અમે ચાહ પીવા બેઠા, તેટલાં તબેલામાં નવા આવેલા એક તેજી ઘોડાએ મસતી કરવાની બુમ પડી રહી. બાનુઓ ચાહ પીતી બેશી રહી. પણ અમે મરદો પેલા જાનવરને જોવા દોડી ગયા. ઘોડો તો એવા જહનુનમાં છુટેલો હતો, કે તેની આગલ જવાની કોઈની હીમત ચાલી નહીં. અમારાં માંના ઘણા ગ્રહસ્થો ચુંનદા ઘોડેસવાર કેહવાતા હતા, પણ આ મસતાના ઘોડા સામે જવાની કોઈની છાતી ચાલી નહીં. મેં જોયું કે મારૂં પાણી બતાવવાની આ અછી તક છે. ઠીકે ચોહેરે બધાઓ ઘોડાને જોતાં ઉભા હતા, તેઓમાંથી અંચીતો ઉછલીને હું તેપર કુદી બેઠો. ઘોડોબી આ અંચીતાં બનાવથી ગભરાટમાં પડયો. તે ચેતી ગયો, કે ઉસતાદ સાથ કામ લેવાનું છે. ઘોડે સવારીનો સરસમાં સરસ હુંનર વાપરીને જોતાં જોતાંમાં મેં તેને જેર કીધો. પછી મેં જોયું કે, આ અજબ જેવી રીતે

ચીત્ર ૫ મું.



ટેબલપર નાચતો ઘોડો. (જુઓ સફે ૧૯)

જેર થયલા ઘોડાને જોવા માટે બાનુઓ બાહાર આવશે; પણ તે બાપડીઓને તેટલી તસદી પડવા દેવી નહીં. એ વીચારથી ઘોડાને મેં બારી વાટેથી માલ કુદાવીને જમવાના ઓરડામાંજ ઉતારી દીધો. પછી તેને તરેહવાર ધીમી તથા ઝડપી ચાલે બાનુઓની ખુરશીની આસપાસ ફેરવયો. શેવટે તેને ચાહની ટેબલપર કુદાવયો. પણ તે કેવી સીફતથી? બરાબર ટેબલની વચે વચમાં તે કુદયો, અને એક પયાલાં કે રકાબીને જરાબી હુરકત કરવા વગર તરેહવાર કસરત ટેબલ ઉપર કરી બતાવી! સરવે બાનુઓ અને ગ્રહસ્થો એ તમાશાથી છકથઇ ગયાં. પણ સઉથી વધારે ખુશી મારો માનવંત મેહમાન થયો, અને તે ઘોડો તેણે મનેજ ભેટ કીધો. કાઉનટ મયુનીચની સરદારી હેઠલ તુરકીઓ સામે ચાલુ થયલી લડાઇમાં મેં સોલજર તરીકે ઉમેદવારી કીધી હુતી, અને તે લડાઇમાં આ ઘોડા સાથે ફતેહ ભરયો ભાગ લેવાને મને મારા ભલા મેહમાને આશીશ દીધા, જે કેવી રીતે ખરા પડયા, તે આગેલ ચાલતાં તમો જોશો.

શાહનશાહ સીકંદરના બુસીફાલસ ઘોડાની માફક, મારો આ જવાન ઘોડો જેવો તેજી તેવોજ નરમ પણ હતો. કામ પડતાં તે મેંઢાં જેવો ગરીબ, અને વલી જયારે જોઇયે તયારે સીંહ જેવો વીક્રાલ તે થઇ જતો.

રૂશયાના શાહાનશાહ પીટરે પરૂથ ખાતે હારખાઇને મેલવેલી નામોશીનું વેર લેવાને આ લડાઇ ચાલુ કરવામાં આવી હુતી, અને તે વેર કેવી સરસ રીતે અમે લીધું તે તમે જોશો. અલબતાં એ સઘલી કીરતીમાં તમારા શેવકનો ભાગ કંઇ જેટલો તેટલો નથી. શેવકે શું શું કીધું તે જો બધું વરણુવવામાં આવે, તો સરવે હેરત થઇ જાય, પણ મારા જેવા નમાના માણસને આપ વડાઇ પસંદ નથી. પણ મારો થોડો ઘણો અનુભવ નમનતાઇ સાથે તમોને

જણાવીશ. હુઝારસ લશકરની એક તુકડી કુલ મુખ-તયારી સાથ મારે હવાલે કરવામાં આવી હતી. એ લશકર સાથે મેં જે માહાભારત ફતેહો મેલવીછે, તેની કીરતી ઉપર બીજા એકલપેટા સરદારો માફક હું એકલો દાવો કરવાનો નથી, પણ સાફ કહુંછું કે, સઉનો તેમાં અછો ભાગ હતો.

એક દહાડે તુરકીઓની એક તુકડી ઉપર હલલો કરીને અમે તેઓને એવાતો હંફાવયા, કે હઠતા હઠતા એક કીલ્લાની દેવાલ સાથ જઇને તેઓ અડડયા. એટલુંજ નહી પણ તે દેવાલની આરપાર અમે તેમને દાબી કાહાડયા! મારા ઘોડાની ઝડફને લીધે, એ ઝપાઝપીમાં હું સંધે આગલનોઆગલજ રેહતો હતો. તુરકીઓ જયારે પેલા કીલ્લામાં નાહસતા પેઠા, તે વખતે તેમની પુઠે ધસારાબંધ હું અંદર દોડયોજ ગયો. અંતે બજારના ચોકમાં જઇને હું ઉભો. મારા મનમાં કે મારા સવારો મારી પાછલ આવતા હશે. પણ અંહી આવીને થોભતાં તો મેં પોતાને એકલોજ દીઠો. મોડે વેહલે તેઓ આવી લાગશે, એવા વીચારથી હું થોભયો, અને મારા થાકેલા ઘોડાને એક ઝરામાં પાણી પાવા માંડયું. પણ ઘોડાને શું જબરી થાક ચહડેલી! પાણી પીયે પીયે તેનો શુમારજ નહીં. એકાદ કુવો ભરાય તેટલું પાણી પીવા પછી મી થોભેજ નહીં. પણ અંચીતું પાછલ ફરી જોતાં કારણ સમજાયું. મેં શું જોયું, ધારોછો ગ્રહસ્થો! ગરીબ બાપડો મારો ઘોડો! તેનાં આંગનો પછવાડેનો અરધો ભાગ અને બે પગ કપાઇ ગયલા, અને તે સબબે તે જેટલું પાણી પીતો તેટલું બધું તેની તરસ મટાડવા વીના પાછલે રસતે બાહાર ઢોરાઇ જયા કરતું. કીલ્લામાં ધસારાબંધ હું દાખલ થયો તે વખતે અમારાં લશકરને અટકાવવા માટે લોખંડની જાલીદાર બારી નાહસતા દુશમનોએ ઝડપથી ઉતારી

ચીત્ર ૬ ઠું.



અરધા ઘોડાપર સવાંરી. (જુઓ સફે ૨૧)

પાડેલી તેમાં કચડાઈ જઈને મારો ઘોડો અરધો કપાઈ ગયો હતો. તેનું અરધું આંગ મારો બોજો ઉપાડી કીલ્લામાં દાખલ થયું હતું, જયારે બાકીનું અરધું કીલ્લાની બાહાર તરફનું પડયું હતું ! તે અરધાં આંગની ગેરહાજરીમાં મારા ઘોડાને તેમજ મને બહુ અગવડ પડતે, પણ મારૂં લશકર કીલ્લામાં દાખલ થતાં વારજ ઉતાવલે માણસો દોડાવીને તે ભાગ મેં ગરમ ગરમ હતો, તેટલાંજ મંગાવ્યો અને ઝડપથી સીવીને વલગાવી દીધો! લારલનાં પાતરાંની ચીપો, તે સીવવાનાં કામમાં વાપરી હતી. ઝડપથી જખમ રૂજાતો ગયો, અને વલી પેલાં લારલનાં પાતરાંએ ઘોડાનાં માશમાં જડ પકડવાથી ઘોડાની પીડમાં તેનું ઝાડ ઉગી નીકલયું ! આતો બેવડો ફાયદો ! ઘોડો ને ઘોડો સાજો થયો, અને સાથે લાગો તેને અને મને ઝાડનો છાંયડો થયો. કંઈ જેવા તેવા ઘોડાને આ પ્રમાણે ઝાડ ઉગે નહીં હો. એતો જાનવર અસીલ જાતનું, તેના એ પ્રતાપ !

પ્રકરણ છઠું.

બેઢંગા જમાનાની ગીરદેશમાં સપડાઈને કેદ પડવું નામવર બેરનનું તુરકીઓના હાથ પર, ગોલામ તરીકે સુલતાનના જનાનામાં નોકરી રેહવું, તયાંથી બાહરો બાહર ચાંદ ઉપર મુસાફરીએ જવું તથા એ વગેરે અજાએબ બનાવોનું દાસતાન લખયું છે.

એક શાયર, જેનું નામ જણાવવાની જરૂર નથી, તે કહે છે કે, ઓ બીરાદર! તું આ બેઢંગા જમાનાનો વીશવાસ મા કર, કેમકે ગમે એવા જેહાં પેહલવાનનેબી

તે સદા મારી આપતો રહયો નથી. તેજ મુજબ આ જમાનો એકવાર તમારા સેવક ઉપર પણ રૂઠયો હતો. તુરકીઓનાં જબરાં લશકરને હાથ એકવાર હારખાઇ મને કેદ પકડાવું પડયું હતું. તુરકીઓના રેવાજ પ્રમાણે, બીજા લડાઇના બંધવા ભેગો મનેબી ગોલામ બનાવવામાં આવયો. પણ સારે ભાયગે સુલતાનના પોતાના હાથમાં જવાથી આઝી મેહનતની નોકરી મલી નહીં. મારૂં કામ સાદું, પણ લગાર નવાઇ જેવું હતું. સુલતાને કેટલીક મધમાખો પાલેલી હતી, તેમને રોજ સહવારના ચારો ચરાવા લઇ જવાનું અને આખો દીવસ તેમની સાથે રહી સાંજે તેમને પાછી તેમના મધપુડા ભણી હાંકી લાવવાનું કામ મારૂં હતું. કામતો સેહલું હતું, પણ જેણે લડાઇના મેદાનો અને માહાભારત કામોમાં જનમ કાહાડેલો તેને એવી હલકી હાલતમાં જીંદગી ગુજારતાં કેટલું દુખ લાગે, તેનો વીચાર કરો! પણ મોટાઓથી સદા મોટુંજ કામ થાય. અંહી પણ મારા સરજતમાં મોટાઇજ કરવાની. એક દહાડે મારી મધમાખોને ઘર ભણી હાંકી લાવતો હતો, તેવામાં છેલ્લી એકની પુઠે બે ગંજાવર રીંછો લાગ્યાં. તેઓ તેનું મધ પીવા તલપેલાં હોવાથી જરાક વારમાં તેને ચીરી નાખતે. મારી પાસે તો કશું હથયાર નહીં હતું, પણ સુલતાનના માલીઓ વગેરેને નીશાની દાખલ એક નાનો રૂપાંનો પાવડો આપવામાં આવેછે તેમાંનો એક પાવડો હતો, તે રીંછોને બીહવાડવા માટે તેઓ ઉપર ફેંકયો, પણ કમનસીબે તે છટકીને જરા ઉંચો ગયો. એ વલાણે ચહડતો તેતો છેક જઇને ચાંદમાં ભરાઈ બેઠો! હવે તે પાછો કેમ મેલવવો? સારે ભાયગે મને યાદ આવયું કે, તુરકી વાલ ઉગવે ઘણા ઝડફ્યા હોયછે, અને તેનાં ઝાડ ઘણાં ઉંચાં

ચીત્ર ૭ મું.



ચંદરમાંપર મુસાફરી. (જુઓ સફે ૨૩)

થાયછે. તરતજ એક વાલનું ઝાડ રોપી દીધું. જોતાં જોતા- માં તેતો વધીને ચાંદના એક છેડામાં જઇને ભેરવાયું! લા- ગલાજ કે આપણે એ ઝાડપર ચહડીને ચાંદ ઉપર સહી સલામત જઇ પુગા. એટલે સુધી તો સઉ પાર ઉતરયું, પણ ચાંદમાં પાવડો સોધવાની બહુજ કડાકુટ પડી. અંહી તો બધી ચીજો રૂપાં જેવી ચલકતી, એટલે તેમાંથી મારો રૂપાંનો પાવડો પારખી કાહાડતાં બહુ વખત નીકલી ગયો. તે લેઇને પાછો નીચે ઉતરવા જાઉં છું, તો ચાલ જા! મારૂં વાલનું ઝાડ સુરજની બહુ પાસે આવી જવાને લીધે સુકાઇને કરમા- ઇ ગયલું. પણ આપણી અખુટ સમયસુચકતા આ વેલા પણ કામ લાગી. એક ઠેકાણે ઘાસની ગંજી પડેલી હતી, તેમાનું થોડુંક ઘાસ લઇને લાંબી જમીનપર પુગે એટલી દોરડી વણી કાહડી. તેને ચાંદનાં એક છેડા સાથ બાંધીને ડાબે હાથે દોરડી તથા જમણે હાથે પાવડો ઝાલીને આપણે ઉતરવા માંડયું; પણ ભર દરયો તરવા પછી કીનારે આવીને ડુબવા જેવું થયું. જમીનથી માત્ર ત્રણ ચાર માઇલ રહયો તેટલાં દોરડી તુટી, અને આપણે તો ભોંય માપી પણ તે કેવાં જોર સાથ! બહુ ઉંચાઇએથી હું જમીન સાથે અફલાયો તેને લીધે ભોંયમાં ખાસો નવ વામ જેટલો ખાડો પડયો. તયાં પડતાં હું બેહોશ થયો, અને કેટલેકવારે હોશયારી આવી. હવે વલી નવી પંચાતી. ખાડામાંથી બાહાર કેમ નીકલવું? એવામાં હાથનાં નખ તરફ નજર ગઇ. જોઉંચ તો ચાલીશ વરશ સુધી વધીને હથીઆર જેવાં જબરાં થઇ રહેલાં. એ નખ વધારયાં, તો આજે કામ લાગાં. પેલી "સંઘરેલા સાંપ" વીશેની કેહવત કંઇ ખોટી નહીં. તરતજ નખે નખે ખાડામાં પગથીયા ખોદીને તેપર ચહડી ઉપર આયો, અને મારી નોકરીપર ગયો. અંહીથી હવે વેહલોજ છુટક થયો. તુરકી અને રૂશયા વચે સમજુતી થવાથી, બીજા બંધવાઓ

એગો હું પણ છુટો થયો. તયાંથી રૂશયા જઈને મારે વતન પાછો ફરવા માંડયું. એ મુસાફરી ટપાલની ગાડીમાં કરવી પડી હતી. તેમાં ફરતાં એક વખત એક સાંકડી ગલીમાં અમે આવી લાગા. ગલી એટલી તો સાંકડી, કે સામેથી એકજ ગાડી આવી લાગે, તો બંને ત્યાંજ અટકી પડે. તેવી હુનારતથી બચવા માટે ગાડીવાને પોતાનું રણસીંગડું વગાડવાનો વીચાર કીધો, પણ કંઈ સમજ પડે નહીં એવા અકસમાતથી તે રણસીંગડું ફુકાયુંજ નહી. એવામાં જે ચીજથી બીહતા હતા તેજ સામી થઈ. એક ગાડી સામી બાજુથી આવી ઉભી, અને અમે બંને આમણસામણ અટકી પડયા. તરતજ હું ગાડીમાંથી ઉતરયો, અને લગાર મજબુત આંગનો હોવાથી, આખી ગાડી એમનીએમ માથે ચહડાવીને પડોશની એક નવ ફીટ ઉંચી વાડ કુદાવીને ગાડી બાહાર કહાડી. વલી તેવોજ બીજો કુદકો મારીને ગાડીને પાછી ગલીમાં પેલી ગાડીની ઉલટી બાજુએ મેલી. તે પછી વલી એક ઘોડાને બગલમાં મારી તથા બીજાને માથાંપર ચહડાવી, તેજ પ્રમાણે સાંધી બાજુપર મેલયા. અલબતાં, તમો કબુલ કરશો કે, આવા મોટા બોજા સાથ ઉંચી વાડ કુદાવતાં મને ઘણી અગવડ પડવી જોઈયે. વલી મારી બગલમાંનો ઘો . તોફાની હતો, તેને હું વાડ કુદયો તે વેલાની હાલચાલ પસંદ નહીં પડવાથી તણે મારા પેટપર પછાડી ઝાડવા માંડી; પણ મેં તેના પાછલા પગ મારાં ગજવામાં મેલી દઈ તેની મસતી નરમ પાડી. અંતે ગાડી બરાબર કરી અમે આગલ વધયા, અને કેટલીક મંજલ પછી એક પોંહચખાનાંમાં આવી ઉતરયા.

અમે જમવા બેઠા તે વેલા કંઈ નવાઈ જેવો અવાજ સંભલાયો. આજુબાજુ જોતાં જણાયું કે, અમારા ગાડીવાનનું પેલું રણસીંગડું પોતાની મેલે વાગેછે. હવે સમ-

ચીત્ર ૮ મું.



નાનો સરખો એક કુદકો. (જુઓ સફે ૨૪)

ગયું. કેમકે થંડીને લીધે એ રણસીંગડાંનો અવાજ બંધ થઇ ગયલો, અને હાલ તેને ચુલા પાસેની એક ખુંટીપર ઓલવેલું હોવાથી, ગરમીને સબબે બંધાયલો અવાજ છુટો હતો ! રણસીંગડાંનો અવાજ બંધાઇ ગયો તેમાં નવાઇ નહીં. તે સાલ કંઇ થંડી એવી તો સખત પડી હતી, કે બોલવાની વાત નહીં. ખુદ સુરજનોબી કેટલોક ભાગ તે થંડીથી બંધાઇ ગયો હતો, અને આજ દીન સુધી તેની અસર સુરજ ઉપર થોડી થોડી રહી ગઇછે !

એક વખત અવાજ છુટો થયો, એટલે રણસીંગડું તો પોતાની મેલેજ વાગવા લાગું અને તેને મોહડે લગાંડવા વીના હાથે ફેરવી ફેરવીનેજ તરેહવાર રાગો અમારા ગાડીવાને વગાડયા. પણ અંતે તે થાકું અને તેનો અવાજ પુરો થયો. તેની સાથે રૂશયા ખાતેની મારી મુસાફરીનો હેવાલ પણ આ પુરો થયો.

તાલેકલમ—કેટલાક અભાગયા મુસાફરોને એવી ફફોડા ટેવ હોયછે કે, પોતાની મુસાફરીના હેવાલોમાં હમેંશ બે ટકા ઉમેરવા ધુલ જેવી મુસાફરી કરે અને પછી વલી તેના હેવાલ લખવા બેસે તયારે લોકોને ખુશ કરવા ખાતર ગરપછાંટનો આશરો લેવાવીના છુટકજ નહી તો ! અજબ જેવી મુસાફરીઓ કંઇ સઉથીજ થઇ? આપણે તો ડગલેને પગલે કાહાણી કીસા કરતાં વધારે નવાઇ જેવા બનવો જોયલા, એટલે તેમાં પછી વધારે ઉમેરવાની જરૂરજ શી પણ પેલા કમબખત ગપીદાસ મુસાફરોને લીધે મારા સાચા હેવાલો તરફબી કેટલાકોને શક લાગશે. પણ જુવો ભાઇઓ ! આ હેવાલમાં સચાઇથી એક કદમ હું વેગલો થયો નથી. જેઓને વીશવાસ હોય, તેઓ બેશીને ભલે સાંભલો, પણ જેવો વેહમી દીલના હોય, તેઓએ બેલાશક ચાલતી પકડવી; કાંકે તેવાઓ માટે હું આ વાત કરતો નથી. મારી નવી મુસાફરીઓ આગલીના કરતાં વધારે હેરત ભરી છે, છતાં તેઓના જેવીજ બોલબોલ સાચી છે.

પ્રકરણ સાતમું.

પ્રીય વાંચનાર, સાંભલવાને તયાર થા, સુરા બેરનની ઉતર અમેરીકાની સફરનો હેવાલ, કે જેમાં સવપને વીચાર નહીં આવે એવા અજબ ખરા બનાવોનો તને અનુભવ મલશે.

ઉતર અમેરીકા ખાતે પણ તમારો ગોલામ પુગી વલેલો છે. ત્યાં જતી વેલા, એકસો તોપ અને ચઉદસો માણસોની એક ગંજાવર મનવારમાં સેવકે સફર કીધી હતી. સેંટ લારનસની નદીમાં જઈ પુગા, ત્યાં સુધી તો અમારી સફરમાં કંઈબી જાણવાજોગ બનયું નહીં, પણ એ નદીમાં પગ નાખતાંવાર કંઈ જબરી કઠણ ચીજનો ગોદો અમને લાગો. ખડક હશે એમ ધારી અમે તપાસ કરવા માંડી, પણ અમારા વાહાણની નીચે ત્રણસો વામ જેટલી ઉંડાઈએ વટીક જમીન જેવું તો કંઈ મલયું નહીં.. ત્યારે એ આંચકો શાનો હશે? કાંઈ નાનોસુનો આંચકો નહીં હતો હું! સઢ અને ડોલની ખરાબી થઈ, તે ઉપરાંત સઢ ઉપરથી ઉડીને એક સેલર દરયામાં ત્રણસો લીગ જેટલો દુર જઈ પડયો પણ સારે ભાયગે પડતાં પડતાં તેણે એક મોટી જલ કુકડીની પુછડી હાથમાં આવી જવાથી તે ઝાલી લીધી, અને કુકડીપર સવાર થયો, જે બીચારીએ તેને આબાદ પાછો વાહાણ ઉપર લાવી ઉતારયો! વલી એ આચકાથી અમોને ઉતારૂઓનેબી તરેહવાર હોનારત થઈ. દાખલા તરીકે મારૂં માથું ડપ કરતુંકે મારા પેટમાં એવું ચપટ ભરાઈ ગયું, કે કેટલા મહીના સુધી મને પેટમાં માથું ખોસેલુંજ લઈને ફરવું પડયું! અને માહા મેહનતે કંઈ કંઈ ઈલાજ કરતાં તે છુટું. એવી એવી ખરાબી એટલા એક આચકાથી નીપજી. અમે

તેનાં કારણ વીશે તરેહવાર અટકલ કરતા તથા આસપાસ નજર ફેરવતા ઉભા હતા, તેવામા અમે એક જબરદસત મગરને અમારૂં વાહાણ ઘસડતી દીઠી. હવે જણાયું કે, તેણેજ પેલો જબરો ગોદો લગાવેલો. તે કેયું પડયું પડયું ઉંઘાતું હતું, પણ અમારા અંચીતા જઇ લાગવાથી તેની ઉંઘમાં ખલલ થઇ, જેથી તેણે ગોસાને મારે પોતાની પુછડીનો સવાદ અમને ચખાડયો હતો. વલી આંચકાનું એ ઉપરાંત બીજુંબી એક કારણ હતું. અમારૂં સુકાન તેનાં નાક સાથ ઘસાવાથી તેને છીંક આવી ગઈ હતી, જેનું જોર પણ એ આંચકામાં ઉમેરાયું હતું. એ તે છીંક ખરી! માર તમારા જેવાઓ છીંકે, તો ઘાસનું એક તણખું વટીક ભાગ્યે હાલે; પણ આવાં મગરોની છીંકથી તો જમાનપર વરતાકંપ [illegible] વખતે છીંકીને મોહડુ બંધ કરતી વખતે પેલાં મગરનાં મોહડાંમાં અકસમાતથી અમારૂં લંગર ચાલી ગયું. આથી તે જેમ ઘસડાય તેમ તેની સાથે અમારૂં વાહાણ ઘસડાવા લાગું. કલાકના બાર લીગની ઝડપે તે દોડયું અને એવી ઝડપે ખાસસા સાઠેક લીગ તે અમને ખેંચી ગયું. પણ અંતે લંગરની દોરી તુટી, અને અમે છુટા થયા, પણ તેજ પલે મગર અને તેની જોડે લંગર કેથે ગુમ થયાં. તેઓનું શું થયું, તે તરત વેલાતો જણાયું નહી, પણ યુરોપ તરફ પાછાં જતાં મારગમાં તે મગરની મુવેલી લાશ અમને મલી. એ વખતે તેને માપયું તો અરધા માઇલ જેટલી લંબાઇ તેની જણાઇ. એટલા મોટા રાક્ષશને અમારી સટીમર પરતો લેવાય નહી, તથી તેને કાપીને અગત જોગ ભાગો અમે લીધા. કાપતી વખતે તેનું માથું ધડથી છુટું પાડતાંજ, અમારૂં લંગર અને તેની સાથની દોરી તેની જીભના ડાબી તરફના છેડા આગલથી નીકલી પડયાં!

એ લંગર ગલાઇ જવાથી તેનું મરણ નીપજ્યું હશે, એમ મને લાગે છે, અને મારા સોબતીઓનું બી તેજ મત હતું; કાંકે જીબના જે છેડા આગલથી લંગર મલચું તે ભાગ બહુ સુજી આવેલો હતો. માત્ર અમારી ઉતર અમેરીકાની સહેલમાં જાણવા જોગ બનાવ આજ હતો. પણ સબર! હું ભુલયો. મુશકલ અને તરેહવાર ચીજો જોવા અને જાણવાને લીધે, મારી યાદદાશતમાંથી કોઇ કોઇ વાર એકાદ વાત નીસરી જાય છે. આએ હમણાંજ એક વાત હું ભુલયો. પેલી મગરે વાહણને પુછડીથી ઝાપટયું તે વેલા માંહે ગાબરૂં પડવાથી પાણી આપાઆપ ભરાઇ જવા લાગું. વાહાણ પરના સઘલા ણુંઆ કામે લગાડી દીધા; પણ પાણીતો ખુટેજ નહી. તરત મને એક વીચાર સુજયો. તે ગાબરાં ઉપર હું પોતે બેસી ગયો, અને આંખના પલકારામાં પાણી જંપ! અલબતા કઇ ઘણીવાર એવી રીતે બેસી રહેતા પરવડે નહી, પણ સુથારોને કામે લગાડી દઇને જલદીજ ગાબડું પુરાવ્યું. આખાં વાહાણના માણસોને ડુબી મરતાં બચાવવાની કીરતી સરવે ઉતારૂઓ મને આપવા લાગા; પણ અહસ્ત્રો, સેવકનો નમાનો સવભાવ એવાં કામોમાં કોઇબી રીતે વડાઇ લેતા તેને અટકાવે છે.

પ્રકરણ આઠમું.

જઈ પુગવું બેરન મુનચાસનનું એક મગરના કાચા-
માં, તે રસતે માહેલા ભાગોમાં સેહેલ કરી
નવાઈ જેવી હીકમતથી પાછા બાહાર નીકલવું.

દરયામાં નાહવાનો સેવકને લગાર શોક છે. એક દાહાડે ગરમી ઘણી પડવાથી મારસેલીસ આગલ ભુમધ્ય

સમુદ્રમાં નહાવા ઉતરયો. એવામાં વીજળીની ઝડપે એક મસમોટી મગરને મારી તરફ આવતી મેં દીઠી. તેના સપાટામાંથી છટકવાની તો તક હતીજ નહી, એટલે આપણે વીચાર કીધો કે, જો બને તે ખરી, પણ મગરનાં દાંતમાંથી છટકીને તેનાં પેટમાં ભરાવું, અને પછી કંઇબી તદબીર કરીને છટકી જવું. આથી હાથપગ વાળીને, હું તો ઝડપથી તેનાં ઉઘાડાં ડાચાંમાં ધસયો. સરસડાટ હોજરી સુધી પુગી જતાં કંઇ વારજ નલાગી. અંહીયાં અલબતાં અંધારૂં બહુજ પડતું હતું, તે કહેવાની જરૂર નથી. પણ જગા સારી હુફાલી હતી, એમ મારે ઇનસાફને ખાતર કબુલવું જોઇયે. પણ હવે અંહીથી બાહાર કેમ નીકલવું? મેં જોયું કે, કંઇબી કરીને મગરને ખુબ કંટાલો આપયો હોય તો તે બહુ ખુશીથી મારી પીડા દુર કરશે. આથી આપણે અંદર કસરત કરવા માંડી. જગાતો બહુ કુશાદે હુતી, એટલે ગમે તેમ ગોલાંટ લેવા, પટા ફેરવવા દંડ પીલવા, કુદકા મારવા વગેરે ગમતો કરવાની આપણને પુરતી સગવડ મલી. મગરે લગાર તાસવીસ કરવા માડી, પણ ઝાઝું કંટાલેલું જણાયું નહીં. પણ પછી જયારે સેવકે કેરબો નાચવા માંડયો, ત્યારે જોઇલયો મજાહ ! આખો દરગો ધુજે તેવી બરાડ મારી અને પાણીમાંથી માથું બાહાર કાહાડી પગપર, અરે પગ કયાંથી હોય, પુછડીપર તે ઉભું થયું. પાણીમાંથી બાહાર નીકલયું, એટલે નજદીકમાંથી પસાર થતાં એક ઇટાલીઅન વાહાણપરનાં માણસોની નજર તેના તરફ ખેંચાઇ. તરતજ તેઓએ ભાલા ફેંકીને તેને વીંધયું, અને તેનું તેલ કાહાડવાના ઇરાદાથી વાહાણ ઉપર ઘસડયું. તેને કઇ બાજુથી કાપવું તે વીશે કેટલાક અમલદારો મસલેહત કરવા લાગા. મને બીજી ભાશાઓ જોડે ઇટલીયન ભાશા

પણ ખબર હોવાથી, તેમની વાતચીત સમજાઇ, અને અભંરાટમાં પડયો, કે રખેને મગરની સાથે સાથે મનેબી કાપી નાખે. આથી આશરા માટે હોજરીના બરાબર વચલા ભાગમાં જઇ ઉભો. આ હોજરીમાં ખાસાં ડજન માણસ માય એટલી જગા હતી. પણ મારી ધાસતી જલદીજ સાંત થઈ. પેલા ઇટાલીઅનોએ સેજવારમા માછલીનું પેટ ફોડયું, અને તે વાટે હોજરીનાં ખુણામાં રેશની દેખાતાંજ મેં છુટકારા માટે બુમ પાડી. માછલીના પેટમાંથી માણસનો આવાજ સાંભલી બધાઓએ અજાયબીથી જે ચેહરા કીધા તેનું વરણન કરવાને, ગમે એટલી ચાલાકી છતાં, તમારો સેવક અશકત છે; પણ વલી પેટ વધારે ફોડવા પછી, નાગે દીલે મને બાહાર ચાલી આવતા જોઇ તે મને જે અજાયબી ઉપજી તેનો તો પારજ ન હતો.

ટુંકમાં, ગ્રહસ્થો, મેં મારી હકીકત તેમને સમજાવી અને તે સાંભલવા પછી અજાયબીથી તેઓએ આંગલાં કરડયાં. એ વાહાણપર જરા લગાર નાસતો પાણી કરવા પછી પાછો હું દરયામાં કુદયો, અને સારીપઠે નાહીને આંગ સાફ કરવા પછી તરીને કીનારે જઇ લાગો, અને તયાં મેલેલાં મારાં કપડાં પાછાં પેહરયાં. સુમારે સાહડાચાર કલાક, મેં પેલી મગરનાં પેટાખાનાંમાં કાહાડયાં હશે.

પ્રકણ નવમું.

તરકી ખાતે નામવર બેરનની સેહલ,—એક બલુંનમાં સફર કરતા ફીલસુફ સાથ મુલાકાત—નાઈલ નદીની રેલ અને તેમા બેરન અને તેવણના સાથીઓ ઉપર ગુજરેલી મુસીબતોનું દાસતાન લખયું છે.

તુરકી સરકારની નોકરી પણ સેવકે બજાવેલી છે. એ વખતે વાહાણમાં બેશીને નદીપર સેહલ કરવાને હું

અવાર નવાર નીકળતો હતો. એ વાહાણ પરથી આખાં શેહરનો અને નામદાર સુલતાનના જનાનખાનાનો વટીક દેખાવ દીશતો હતો. એક સહવારે શીરેપોહરને વખતે ખુલાં આસમાન ઉપર કંઈ ગોલ ચીજ અધર લટકતી મને દેખાઈ. તરતજ કેબીનમાંથી મારી મોટામાં મોટી બંદુક મંગાવીને તે આ ચીજ તરફ ફોડી પણ એ ચીજ બહુ છેટે હોવાથી ગોલી રદ ગઈ. પણ મુનચાસનનાં ખાનદાનનો નબીરો કાંઈ તેથી હટે? તરતજ બંદુકમાં બેવડો દારૂ ભરયો, અને તેની ઉપર એકેક પાછલ પાંચ છ ગોલીઓ ઉતારી દીધી. એટલી બધી ગોલીઓ નાખવાની મતલબ સમજયા? એકેકના આચકાથી આગલ વધીને સરવેથી છેલ્લી ગોલી બહુ દુર જાય, એવી મારી નેમ હતી, અને તે કોશેશ પાર પડી. તરતજ પેલી ચીજ ફાટીને નીચે પડી. નીચે આવતાં જણાયું કે, તેતો એક બલુન હતું. એ બલુનમાં એક માણસ અને શેસટ કીપેલાં મેઢાંનો થોડોક ભાગ પડેલો જોયો. અંચીતો પડવાથી પેલો માણસ બેભાન થયો હતો. તેની ઘટતી માવજત કરવા પછી, તણે પોતાનો હેવાલ કેહવા માંડયો. તપરથી જણાયું કે, તે એક ફરેંચ વીદવાન હતો, અને વીદયા હુનર સંબંધી નવી શોધો કરવા માટે બલુનમાં ફરમાવાની કલમો હતી. તે બોલયો "સાતેક દહાડા થયા હું કારનવાલથી નીકલચો હતો. મારી સાથે એક મેંઢાને હવાના ફેરફારોની તના ઉપર કેવી અસર થાયછે તેના અખતરા અજમાવવા ખાતર મેં લીધું હતું; પણ મારૂં બલુન અખતયારમાં નહીં રેહવાથી હુંતો હવામાં આગલ વધયાજ કીધો. અખતરા અખતરાને ઠેકાણે રહીગયા, અને પેટમાં કડકઈ પડવામાંડી એટલે આપણો તો ડોલો પેલાં ફરબે મેંઢામાં પેઠો. હવામાં બહુ ઉંચો જવાને લીધે સુરજ આપણી બહુ પડોશમાંજ હતો, એટલે મેંઢાંને જબે

કરીને સુરજના તાપમાં તેને સુંછ કાહાડયું, અને પછી તે ઉપર ગુજારો કરવા માંડયો. જો તમે મને નીચે પાડયો નહોત, તો એવી હાલતે હવામાં કયાં સુધી લટકી રહયો હતે, તે કેહવાતું નથી."

એટલું બોલી આ ફરેંચ ફીલસુફ મુંગો રહયો, અને તેની ઘટતી માવજત કરવા પછી મેં તેને રવાના કીધો.

નાંમવર સુલતાનને મારા ઉપર બહુ વીસવાસ હોવાથી એકવાર તેણે મને કંઇ ખાનગી કામસર કેરો મોકલયો હતો. સુલતાનના એલચી તરીકે બહુ મોટા રસાલા અને દમામ સાથ હું કેરો ગયો, પણ કામ પુરૂં થવા પછી રસાલાને ઉતાવલેં ઇસતમબોલ મોકલી દેઇને હું એકલોજ સાધારણ ગ્રહસ્થ તરીકે ફરતો નીકલયો. ખુબસુરત નીલ નદીમાં સેહલ કરવાને મન થવાથી એક નાનાં વાહાણમાં એલેક્ષાનડરીયા જવા નીકલયો. બે દહાડા તો પાધરા ગયા, પણ ત્રીજે દીને નાઇલ નદીમાં રેલ આવવા માંડી એ નદીમાં કેવી જબરી રેલ આવે છે તે તો તમો જાણતા હશો. આખો દેશ રેલથી ઢંકાઇ ગયો. ફરતાં ફરતાં કંઇ ઝાડ ઝાખરાં જેવામાં હમારી ફતેમારી ભેરવાઇને ઉલટાઇ ગઇ, અને પાણીમાં પડતા જણાયું કે તે તો એક બદામનું ઝાડ હતું. આ ઝાડની ડાલીઓ પકડીને અમે તેમાં ભરાઇ બેઠા. બદામ બહુ પાકી અને સરસ હોવાથી, તે ઉપર અમે ગુજરાન કરવા માંડયું. કેહવાની કંઇ જરૂર નથી કે, પાણી તો અમોને પેટ ભરતું મલતું હતું. ખાસા પોણા બે મહીના અમે એ ઝાડપર કાહાડયા. ફતેમારી ઉપર મારી જોડે છ મરદો અને બે છોકરા હતા, તેઓ સરવેએ આ ઝાડપર આશરો લીધો હતો. અંતે રેલ ઉતરી, અને પછી અમે ઘટતી સામગ્રી સાથે અમારી મુસાફરી આગલ ચલાવી. એલેક્ષાનડરીયામાં

થોડા દીવશ મજાહ મારવા પછી તયાંથી વાહણ ચહડીને કૉસતમબોલ આવી પુગા.

મને જોઈ સુલતાનને બહુ હરખ ઉપજયો, અને માન અકરામથી તેણે મને નવાજી નાખયો. કોઈબી પ્રકારના માન અને મરતબાથી તેણે મને ખાલી રાખયો નહીં. પોતાના જનાનખાનાંની ખાનુઓ સાથ વટીક તેણે મને મુલાકાત કરાવી.

પ્રકરણ દશમું.

તવારીખમાં અતયાર સુધી નહીં જણાયલા એક સફાનું જાહેર થવું—જીબરાલટરના ઘેરામાં અંગરેજોની સરજત છેલી ઘડીએ ફેરવી નાખનાર નાહુન પુરૂશના ઓલખ કરવી હોય, તો વાંચો આ પ્રકરણ.

જીબરાલટરના ઘેરાનો હેવાલ તવારીખને આધારે તમે તો જાણતા હશો, પણ તેમાં સેવકે લીધેલો ભાગ કોઈએ જાહેરમાં મેલગો નથી. અલબતાં, તવારીખ લખનારાઓનો તેમાં વાંક નથી. ગેલામને માનની ભુખ નથી એટલે મારાં કામોવીશે જાજી ચકચાર મેં થવા દીધી નહી અને તેથી સવભાવીક છે કે, બીજાઓની કીરતીનાં મોટાં મોટાં બાકાં ફુકાયાં, તયારે અંગરેજોને એ કીલો ખરેખર જીતાવી આપનારને લોકો ઓલખતાં નથી. કીરતી મેલવવાની મકસદથી નહી, પણ બાહદુર અંગરેજ બચાઓ તરફની મારી પ્રીતીની લાગણીને ખાતર મેં તમને મદદ કીધી હતી. જેનરલ ઈલયટ મારો બહુ જુનો મીત્ર હતો, એટલે દોસતીના તરીકા ખાતર અગવડના વખતમાં તેને જઈ મલવાના વીચારથી હું તયાં ગયો. જુના દોસતો ઘણે

વરસે મલતાં કેવા હરખથી ભેટે છે, તેનો તો તમને અનુભવ હશે, એટલે અમારી હેત ભરી ભેટ વીશે વધારે બોલતો નથી. ટુંકમાં મારા દોસતને મલવા પછી, તરતજ જીબરાલટરની કીલેબંદી મેં તપાસવા માંડી- છેલામાં છેલી શોધ પ્રમાણે બનાવેલી એક ઘણી મોટી દુરબીન લઈ મેં દુશમનો તરફ ટીકવા માંડયું. જોઉંચતો દુશમનો આબાદ અમારી તરફ ફોડવા માટે એક છત્રીશ રતલની તોપ ગોઠવે છે. તરતજ જેનરલ ઇલયટને તે વાતથી વાકેફ કરીને મેં એક અડતાલીશ રતલી તોપ અમારી આગલ મંગાવી તમારા શેવકને તો તોપ મારવાના હુનરમાં (ડફાંસ મારવામાં નહી હો!) ઘણો અછો અનુભવ છે, એટલે દુશમનો તરફ આબાદ નેમ લઈને એ તોપ ગોઠવી. પછી દુરબીનમાં દુશમનોના હીલચાલ તપાસતો રહ્યો. જેવી તે લોકોએ તોપને મેચ લગાડી, કે મેંબી અમારી તોપ છોડવાનો હુકમ કીધો. બરાબર અરધે રસતે બંને ગોલા આમણે સામણે અફડી પડયા. અને તે કેવી રીતે? દુશમનોનો ગોલો એટલાં જોરથી પાછો હટી ગયો, કે આ બાદ તેને ફોડનાર તોપચીને જઈને લાગો. પણ તયાંજ તે અટકયો નહીં. તોપચી અને તેની પાછલ તેજ હાર ઉભેલા સોલ સીપાહીઓના માંથાં ઉરાડતો, આખો મેડીટરેનયન સમુદ્ર વટાવીને આફ્રીકામાં બારબેરીના કોસટા ઉપર તે જઈ પડયો. તયાં પડતાં પડતાંબી તેણે કેટલી ખરાબી કીધી? બારાંમાં પડેલાં ત્રણ વાહણનાં સડો ફાડીને આરપાર નીકલવા પછી, કીનારાથી બસોવાર છેટે પડેલી એક ઝુંપડીનું છાપરૂં ફાડીને તે માંહે ઘુસયો, અને ઝુંપડીમાં ચત્તી સુતેલી એક ઘરડી ડોશીના બાકી રહેલા થોડાક દાંતો પાર કરતો કે, તે બાપડીની ઘાંટીમાં ઘુસી ગયો. તેનો ડોશો સાંજે મજુરીપરથી પાછો ફરયો, તયારે તેણે આ

બનાવ જોતાં ગેલાને બાહાર કાહાડવાને બહુ મેહનત કરી, પણ નહીં નીકલવાથી, અંતે લાકડીના ગોદાએ ઠોકીને તને પેટમાં ઉતારયો! એ તો દુશમનો વાલા ગોલાની વાત થઇ. હવે અમારા ગોલાએ કેવી સેવા બજાવી તે જુઓ. મારી વકી મુજબ તેણે આબાદ જઇને દુશમનોની પેલી તાપને તેના માચરા ઉપરથી એવાં જોર સાથ તોડી પાડી, કે વાહાણનાં ભંડારમાં મોટું ગબારૂં પાડતી કે તલયાં વાટે બાહાર નીકલી પડી, અને વાહાણમાં પાણી ભરાઇને હજારો સપેનીશ સેલરો તથા સોલજરો ડુબી મુવા. એક ગોલોબી જો સાફતથી નાખયો હોય, તો કેટલું કામ બજાવે છે, તે જોયું સાહેબો? બીન માહીતગાર માણસો એકેક લડાઇમાં હજારો ગોલા આડાતેડા ફેંકી નકામાં બરબાદ કરે છે, પણ હુનરથી કામ લીધું હોય, તો આગલાંપર ગણાય એટલા ગોલાઓથી લખો માણસોનાં લશકર તારાજ કરી શકાય. અલબતાં જીબરાલટરમાં મેં જે કરી બજાવયું તેમાં કંઇ સઘલી કીરતી મારીજ ન હતી. મેં હુર અંદેશી વાપરી તે જોડે નસીબે પણ કેટલીક વાતે મને યારી આપી હતી. કેમકે અમારો ગોલો આટલું બધું કરી બતાવતે નહીં, પણ તોપચીએ ભુલમાં દારૂગોલો બેવડો નાખવાથી ધારવા કરતાં વધારે જોર ગોલાએ પકડયું હતું. પણ નશીબબી એવી યારી સઉ કોઇને આપતું નથી.

અંગરેજોની આ એકજ સેવા માટે જેનરલ ઇલપટ મને એકાદ અમલદારની જગા આપી દેતે, પણ મેં સાદા ઉપકારના સુખનો શીવાયે બીજો કશો બદલો સવીકારયો નહીં.

અંગરેજો ઘણા અસીલ અને બાહદુર લોક હોવાથી, દુનીયાની સઘલી પ્રજા કરતાં તેઓ ઉપર મને વધારે ભાવ છે. આથી તેમની આટલીજ સેવા નહીં બજાવતાં, જીબરાલટરમાં તમને પુરાજ ફતેહમંદ બનાવવા વગર જવું નહી એવા

વીચારથી હું દુશમનોની છાવણીમાં એક મધરાતે પાદરીને વેસે ગયો. ઘણુજ સારે વખતે હું ત્યાં જઇ લાગો, કાંકે બરાબર બીજીજ સવારે અચીતો કીલા ઉપર હુલલો લાવવાની ગોઠવણ કરવા માટે ફરેંચ તથા સપેનીશ અમલદારોની છુપી સભા મલી હતી. આપણો તો પોશાક પાદરીનો, એટલે વગર શક બેંચવે ગમેતયાં ફરી શકાયું. તેમની સઘલી ગોઠવણ સાંભલીને હું તો બીલસો થઇ ગુપચુપ ફરયા કીધો. મસલત પુરી થવા પછી બધાઓ સુઇ ગયા. એકે એક જણુ નીદ્રા દેવીની ચીઠી બગલમાં માથું મેલયુ, એટલે તમારા સેવકે તેજી પકડી. ચપાચપ બધી દુશમનોની તોપોને ઉતારી પાડીને ધરાધર દરયામાં ત્રણ ત્રણ લીગને છેટે ફેંકી દીધી. કામ લગાર ભારીતો ખરૂં હો! પરસેવે ગરકાવ થઇ ગયો એટલી મેહુનત પડી. પછી, બધી તોપ ચહડાવાની ગાડીઓ, દારૂ ગોલાનાં ગાડાં બધાં ઝટાઝટ એકેકપર ચહડાવી દઇને, મોટો ડુંગર જેવો તમનો ઢગલો કીધો. શેવટે તેમને સલગાવી દઇને, જાણુ કશામાં નહીં હોઉ તેમ મેં પોતેજ આગની બુમ પાડી. આખી દુશમનોની છાવણી ધાસતી અને ગડબડથી ગાજી રહી. એક માણસે આવું કામ કીધું હશે એમ કોઇને ખયાલ આવયો નહી. તેઓએ તો એવી અટકલ કીધી કે, સંતરીઓને લાંચ આપીને અંગરેજોએ પોતાની સાત આઠ રીજમીટોને એ ખોહારીનાં કામપર લગાડી હશે. તવારીખોમાં લખવામાં આવે છે કે, જીબરાલટરના ઘેરાવેલા દુશમનોની છાવણીમાં આગ લાગવાથી તેમની ભારે ખોહારી થઇ હતી." પણ તે લખનારાઓ બાપડા એ આગનાં કારણથી તદનજ અજાણુા હતા. પણુ તેઓનો વાંકબી શું? આજ દીન સુધી મેં કોઇને એ વાતનો ભેદ કહયો નથી. જેનરલ ઇલયટ જેવા મારા જની દોસ્તને વટીક નહી. દુશમનો સાથના

ફરેંચો આ આફતથી એવાતો ગભરાયા, કે પોતાના વતન ખાતે પુગા ત્યાં સુધી જીવ લઈને વગર થોભવે દોડયા, અને તે પછીબી તે લોકનાં મનમાં એ ધાસતીની એટલી બધી અસર રહી, કે ત્રણ મહીના સુધી અન, પાણી વગર તેઓએ દહાડા કહાડયા, અને ફકત હવાપર ગુજારો કીધો. પાણી વટીકને તેઓએ હાથ લગાડયો નહીં.

મારો આએ હેવાલ તમોને નવાઇ જેવો તો લાગશે, પણ તેની સચાઇપર શક નાખવાની છે કોઇની હીમત? એક ગોટે એક ગાલન બરાંડી પીવાની શરત મારો, અને પછી હું તમોને મારી સચાઇ દેખાડી આપું.

એ બનાવને બે માસ ગુજરી જવા પછી વલી દુશ-મનોએ જરા રતી છેડતી શોધવા માંડી. તે લોકની તોપોનો તો મેં નાશ કીધેલો, પણ ભુલચુકમાં અને વલી રાતનો વખત, એટલે એકાદ બે નજરમાંથી છટકી ગયલી, સેવતે નાના નાના ગોલાઓ તેઓએ ફેંકવા માંડયાં. એક વખત જેનરલ ઇલયટ સાથે બેશીને હું વાત કરતો હતો, તેવામાં અમારી ટેબલપર એક ગોલો આવીને પડયો. તે ફાટશે એવી બીકથી જેનરલ તો તેની આગલથી ખીશી ગયો, પણી તમારા સેવકે તો તેને ઝટ કરતો કે હાથમાં ઝાલયો, અને ખડક ઉપર એક ઉંચી જગાએ જઇને દુશ-મનોની હીલચાલ તપાસવા માંડી. સાદી નજરે બરાબર નહી દીશવાથી, એક હાથે ગોલો ને બીજે હાથે પેલી મોટી દુરબીન ઝાલી. તે લેતાં શું જોઉ, કે બે સુનંદા અંગરેજ અમલદારો જાસુસ તરીકે દુશમનોમાં ભરાતાં સપડાઇ જવાથી તેઓને ફાંસી દેવા કાહાડેલા. પુશકલ લોક આગ-લ તમાશો જોવા ઉભેલું; સઘલી તઇયારી થઇ ચુકેલી; ગલાંમાં ફાંસો વટીક પડેલો, અને માત્ર દોરી ખેંચવાની વાર! પણ તેજ પલે સેવકે ગજવામાંથી પેગમબર ડેવીડની એક ગોફણ કાહાડીને તેમાં પેલો ગોલો મેલી તતરાવીને જે

ફેંકયો, તે શું થયું ધારો છો? પેલા ફાંસીની ગડબડમાં પડેલા લોકોની બરાબર વચેવચમાં જઇને ગોળો જે ફાટો, તે એક એક માણુસ ઠારથઇ ગયું! ફાંસીના માચરા ઉપર ઉભેલા પેલા અંગરેજ અમલદારોજ માત્ર માચરાની ઉચી જગાને લીધે છટકી ગયા. માચરો પણ ગોળાનો એક કકડો લાગવાથી તુટી પડયો, અને મારા અંગરેજ મીત્રો છુટા થયા. પહેલાં તો તેઓ પોતાના ઓચીંતા છુટકારા વીશે કંઇ સમજયાજ નહીં, પણ પોતાના દુશમનોને ભોયે પડેલા તેઓએ જોયા, તયારે વધારે વીચાર કરવા વીના તેઓએ લાગલુંજ નાસવા માડયું. અને એક હોડી હાથમાં આવતા, તેમાં બેશી બનતી ઝડપે તેઓ અમારી તરફ દોડી આવયા. તેઓ અમને આવી મલતાં સઉના હરખનો પાર રહયો નહીં. સરવે મને શાબાશી આપવા લાગા. એ રાત અમે નાચરંગ તથા ખુશી ખુશાલીમાં કાહડી. ખાધું પીધું અને મોજમજાહ કીધી. પણ ગભરાશો નહીં! મારો હેવાલ કંઇ પુરો થયો નથી.

પ્રકરણ અગીયારમું.

વાચનાર અજબ થઇશ નહીં!—આપણા નાયકની
અજબ ખુબીઓનો ભેદ હવે સમજાયછે—
તેવણ કેથા પેગમબરી ઓલાદના દેખું—
સીંહનાં બચાં સીંહજ હોયછે.

જીબરાલટરમાં મેં વાપરેલી પેલી કરામતી ગોફણ મારા હાથમાં કેમ આવી તે જાણવાને તમને બહુ તલપ થતી હશે. ઠીક. તે હું તમને કહીશ. પણ હવે તમારે બહુ ગંભીર થઇને સાંભલવું. એ ગોફણ અસલ પેગમબર દાઉદની હતી. તેણે રાખેલી એક સ્ત્રીને પેટે મારા વડવાઓ

જનમયા હતા, અને તેઓના હાથમાં વંશ પરમપરા એ ગોફણ ઉતરતી આવી છે. મારા બેહુશતી બાવાને એકવાર એ બહુ કામની થઇ પડી હતી. એક દહાડે ગજવામાં ગોફણ મારીને તેવણ દરીયે કીનારે ફરતા હતા, તેવામાં એક દરયાઇ ઘોડાએ તેવણ ઉપર હલલો કીધો. તરતજ તેવણે આ ગોફણમાં બે મોટા પથરા ભરીને ઘોડા ઉપર એવી રીતે ફેંકયા, કે આબાદ તેની બંને આંખો ફુટી, અને બરાબર આંખના ખાડામાં જઇને તે પથર ગોઠવાઇ બેઠા. જાણે તેની આંખ પથરનીજ હોય! તેની આ નબલાઇનો લાભ લઇને, બાવાએ તેના ગલામાં ગોફણ ભેરવીને તેનાપર સવારી કરવા માંડી, અને ઘણેક ઠેકાણે તેવણ તેની પીઠપર ફરી આવયા. બહુ બહુ નવાઇના બનાવો તેવણે એ વખતે દીઠા, જેનો હેવાલ કોઇ વખતે તમને કહીશ, પણ હાલ તરતતો, તમારા સેવકે એ ગોફણની મદદથી શું શું કીધું, તેજ જુઓ!

પ્રકરણ બારમું.

પેગમબર દાઉદની ગોફણની મદદથી થયલા તરેહવાર ચમતકાર—હુવામાં અધર ઉંચકાઇ ગયલી ઈમારતો.

જેના હાથમાં એ કરામતી ગોફણ આવી, તે અલાદીનના ફાણસ જેવા તલેશમાતો કરી શકે છે.

હવામાં ઉંચે જઇને એ ગોફણ સાથ કેટલીક રમુજ કરી જોવાનું મને મન થયું. તરતજ હવાઇ મુસાફરી માટે એક ગંજાવર બલુન મેં તયાર કરાવયું. તે એટલું તો મોટું હતું, કે તેમાં ખપેલાં રેસમનીજ વાત કરૂં, તો તમે માનો નહીં, આખાં લંડન અને તેની આસપાસનાં સઘલાં

પરાંઓની એકે એક દુકાનમાં વરશો સુધી ચાલે એટલું ભરી રાખેલું રેશમ ખુટ્યું, પણ એ બલુન પુરૂં થયું નહીં. અને અંતે બાહાર ગામોથી કેટલુંક મંગાવવું પડ્યું.

બલુન પુરૂં થતાં, ગોફણ સાથે હું તેમાં ઉંચે ચહડ્યો મધરાતનો વખત હતો. લોકો ઉંઘેલા એટલે મેં શું કીધું તેની તેમને કશી ખબર પડી નહીં. વીંડસર કાસટલ અને એવી એવી મોટી ઇમારતોને ગોફણવતે જડ મેખથી ઉખેડીને ભલતી ભલતી જગાએ લઈ જઇ મુકી, અને સહવાર પડે તે આગમજ પાછું સંધું જયાંનું તયાં ગોઠવી દીધું એ ફેરફાર વખતે જેઓ જાગયા, તેઓ પોતાને અજાણી જગામાં જોઇ બહુ અજબ થયા, પણ સહવાર પડતાં સઉ પાછું અસલ ઠેકાણે જોઇ રાતના બનાવ વીશે તેઓ બહુ ગુંચવાયા કીધા.

પણ સઉથી સરસ બાજી તો મેં લંડનના તબીબો ઉપર અજમાવી. તેઓની કાલેજમાં વારશીક ખાણું થયું, તે વખતે હું પાછો બલુનમાં ગોફણ લઇ ચહડ્યો, અને છેક ઉંચે જઇને, આખી કાલેજ અધર હવામાં ઉંચકી! બહુજ ઉંચે લઈ જઇને ત્રણ મહીના સુધી મેં બધા તબીબોને લટકતા રાખયા. તમે પુછશો કે, એટલા મહીના તેઓએ ખાધું પીધું શું? પણ હું કહુંછું કે ત્રણને બદલે છ મહીનાબી તેમને હવામાં રાખયા હોત, તો તેમને ખાવાની અગવડ પડવી નહીં, કાંકે તેમનાં ખાણાં વખતે એટલી બધી ચીજો લખલુટ રાતે ટેબલ ઉપર ગોઠવી હતી.

પણ મારી એ નીરદોશ ગમત કેટલાક ધંધાદારીઓને બહુ નુકશાન કરનાર થઇ પડી. જેટલો વખત તબીબો હવામાં લટકયા, એટલો વખત લંડનમાં મરણો ઝાઝાં થયાં નહીં, અને તેથી બીચારા પાદરીઓ, કફન બનાવનાર અને ઘોરખોદુઓ, ભુખે મુઆ.

પ્રકરણ તેરમું.

નીકલવું બેરન મુનચાસનનું ઉતર ધરૂવની શોધમાં, એક સેહલ હીકમતથી હજારો રીંછો ઉપર ફતેહ મેલવી પાછા ફરવું ઈંગલંડ ખાતે, તેવણની કીરતીના હેવાલ સાંભલી રૂશયાની રાણીનું તેવણ ઉપર મોહી પડવું.

ઉતર ધરૂવની શોધમાં કેપટન ફીપસ નીકલયો, તે વેલા બહુ આગરહ કરી તે મને પોતાના કાફલા સાથ લેતો ગયો એવી જોખમ ભરી મુસાફરીમાં મારા જેવો માણસ કેટલો કીમતી થઇ પડે, તે કેપટન સમજતો હતો. એક દીન ઉતર ધરૂવથી થોડેક છેટે અમારૂં વાહાણ ઉભેલું હતું, તેટલાં બરફના એક બડકપર બે સફેદ રીંછ મારી નજરે પડયાં. હાથમાં બંદુક લેતોકે હું તેમની પાછલ ઉતરી પડયો. સેજ છેટે રેહવા પછી તેમનાં ચામડાંની કીમત કેટલી થશે, તેનો વીચર કરતો હું ઉભો, એવામાં અંચીતો પગ સરીને હું બરફપર તુટી પડયો. માથાંમાં સખત માર લાગવાથી. અરધો કલાક હું બેભાન જેવો પડી રહયો. જાગીને જોઉંછું તો, પેલાં બેમાંનું એક રીંછ કેયે જતું રહેલું અને બીજું મને કમરપટામાંથી ઝાલીને કેયે ઘસડી જાયછે. એક ઘડી પણ ખોવાનો વખત ન હતો. લાગલીજ મેં કમરેથી છરી કાહડીને, તે વતે રીંછના આગલા પગનાં ત્રણ આંગલાં પકડીને કાપી નાખીઆં. દુખની એક બરાડ મારીને તેણે મને છોડી દીધો. બીજીજ પલે જમીનપરથી ઉઠીને મારી છરી તેની છાતીમાં ખોસી દીધી, અને રીંછ મુરદું થઇ પડયું. પણ તેના મરતી વખતના પોકારથી જંગલમાં થોડેક દુરપર ઉંઘા-

થવાં હજારો રીંછો ભાગી છુટયાં, અને એ જગા તરફ આ-વવા લાગાં. હવે કેમ કરવું? વીકાલ સફેદ રીંછોની હજા-રોની સંખયાને એકલે હાથે કોણ પુરૂં પડી શકે? પણ સારે ભાગયે એક વીચાર સુજયો. પેલાં મુએલાં રીંછનું ચામડું કાપી કાહડીને તેમાં હું ભરાઇ ગયો, અને રીંછ માફક ચાર પગપર ઉભો. બધાં રીંછો એટલાંમાં આવી લાગાં. મને બધાંઓએ સુંધી જોયો, અને મારા ખોટા વેશને લીધે મને પોતાનો એક ભાઇબંધ સમજીને મારી સાથે ગેલ કરવા માંડ-યું. હું પણ થોડા વારમાં તેમની રીતભાંત શીખી ગયો, અને તેમના જેવોજ અવાજ કાહડી ગેલ કરવા લાગો. પણ એવી હાલતમાં તે કયાં સુધી રહેવાય? કંઇબી કરીને એ બધાં જાનવરોનો ઘાણ કાહડી મારે છુટા થવું જોઇયે.

મારા એક મીત્ર ડાકટરે એક વખતે કહેલું મને યાદ આવી ગયું કે, કોઇબી પ્રાણીના બરડાના કાંઠામાં જખમ થાય, તો તે ટપ કરતું પ્રાણ મેલી દેયછે. આ શીખામણ મેં અજમાવાનો વીચાર કીધો. એક રીંછની પાસે જઇ તેનાં કાંઠામાં મારી છરી ઘોંચી દીધી. પણ તેમ કરતી વેલા મારા પેટમાં જરા જીવ ન હતો. જો તે રીંછને બરાબર ફટકો ન લાગે તો તે તરતજ મને ચીરી નાખતે. પણ મારી નેમ કારગદ લાગી. આથી હીમત પકડીને એકેક પછી એકેક સઘલાં રીંછને પછાડયાં. એવી સીફતથી કામ લીધું, કે રીંછોએ પોતાના ભાઇબંધોને ટપાટપ ભોંયે પડતા જોવા છતાં મારાપર તેમને શક ઉપજયો નહીં. સેજ વખતમાં હજારો રીંછનાં મુરદાંથી મેદાન ભરાઇ ગયું. તેમની ખાવા લાએક ટાંગો તથા ચાંમ-ડાંથી અમારૂં વાહાણ મેં ભરાવ્યું. ઉતર ધરૂવમાં આગલ વધાય એવું નહીં જણાવાથી, આ શેકાર ઉપરજ સંતોષ પકડીને અમે પાછા ઇંગલંડ ફરયા.

ઇંગલંડમાં આવતાંવાર, અમીર ઉમરાવો, મોટા રાજ

અધીકારીઓ, લારડ મેયર, તથા લંડનની કારપોરેશન ઉપર પેલી રીંછની ચરબદાર ટાંગો મેં ભેટ મોકલાવી; આથી તેઓ એટલા ખુશ થઈ ગયા, કે દરે સાલ લારડ મેયરનાં ખાણાંમાં હાજર થવાનો ખાસ હક મને આપયો

રીછનાં ચામડાં મેં રૂશયાની રાણી ઉપર મોકલયાં. તે બાનુ તથા તેણીની આખી દરબારે પોતા માટે થંડીમાં પેહરવાના પોશાકો તેમાંથી બનાવયા. વલી રાણીએ જયારે મારી બાહદુરી અને ચાલાકીનો હેવાલ સાંભલયો, તયારે તેણી મારી ઉપર એટલી તો મોહીપડી કે મારા અને તેણીના દરજા વચેનો ફેર ભુલી જઇ તે મારા સાથ પરણવા વટીક તઇયાર થઇ. પોતાને હાથે એક પ્રેમ પત્રીકા લખીને, ખાસ એલચી મારફતે તેણીએ મારા ઉપર મોકલાવયો. પણ હું તો બહુ સાદો માણુસ છું. રાજ કે મોટાઇનો જરાએ લોભ મને નથી, એટલે બહુજ નમતાઈ સાથ મેં તે એલચી પાસ ના કેહવાડયું. પણ ગરીબ બીચારી રાણી! તેને મારા જવાબથી એટલી નીરાશી ઉપજી, કે કેટલીક મુદત સુધી તે મરણતોલ બીમાર પડી. પણ એમાં મારો શું વાંક? ખોદા જાણે મારામાં અવું શું છે, કે અગણીત સ્રીઓ તમારા ગોલામ ઉપર દેવાની બની છે. તેઓને હેરાન થતી જોઇ મને બહુ દુખ થાય છે, પણ શું ઉપાય કરૂં? રૂશયાની માહરાણીએ ખુલી રીતે એક ઉમરાવ આગલ કબુલ કીધું હતું, કે મારી સંગદીલીને સબબે તે બીમાર પડી હતી, અને તે સાંભલી મને બહુ દલગીરી લાગી. પણ નાજુક પંથનીઓને મારે ખાતર પીડાતી અટકાવવાનો મારા હાથમાં કંઇ ઇલાજ નથી. જેમ ખોદાની મરજી!

પ્રકરણ ચઉદનું.

સમુદરનાં તલીયાંમાં આંધલા ઘોડાની પીઠ ઉપર બેરનના બાપે કરેલી મુસાફરી દરયાનાં પેટા-માંબી કેવી નવાઈઓ સમાયલી છે—ઝાડ ઉપર ઉગતી માછલીઓ.

પેલા દરયાઈ ઘોડાની આંખો ફોડીને તેપર મારા બેહશતી બાવાએ કરેલી મુસાફરીનો હેવાલ હું હવે તમને સંભલાવીશ. તેવણ એ આંધલા ઘોડા ઉપર ઠેઠ ઇંગલંડથી હાલંડ જઈ આવયા હતા. તે મુસાફરીમાં તેવણે બહુ બહુ નવાઈઓં જોઈ, જેનો હેવાલ તેવણનાજ બોલોમાં સાંભલો.

"એ દરયાઈ ઘોડા કંઈ પાણી ઉપર તરતા નથી, પણ દરયાંનાં પેટાંમાં આવેલી જમીન ઉપર દોડે છે! આથી પાણીને તલીયે દમ બાંધીને એવાં એક ઉતાવલાં જાનવર-પર સફર કરવાથી હું બહુજ હાંપી ગયો હતો. કલાકના કલાક પાણીની હેઠે દમ બાંધીને ફરવાનું કંઇ સેહલું છે? વલી તે સાથે ઘોડાની ઝડપ કેવી! કંઈ તેનો ખયાલજ નહીં અપાય. જાણે વીજલીપર બેશીને ફરતા હોઈયે તેવું લાગે.

"દરયાનાં પેટાંમાંબી મોટાં મોટાં રેતીનાં રણ અને પાહાડો છે. એ પાહડો ઉંચાછે હો! તેમનાં તલયા ઉપર અને ટોંચ નીચે હીમાલય અને આલપસ પરવતની ઉંચાઈ તમને બહુ લાગે છે, પણ તે કરતાં મોટા પરવતો અંહી પડેલાછે. અંહીયાં ઝાડો ઉગ્યાં છે, અને તે ઉપર કાચબા, કરચલાં, કોલમી, કાલુ, અને જાત જાતની માછલીઓ ઉગેછે! એ માછલીઓ આપણે હમેશાં ખાઈએ તેવી નાની

નથી હોતી હં! એકેક કાલુ એટલું મોટું, કે તને એક-લાંને મુકવા માટે એક ગાડું જોઇયે. તમે તો આજેજ જાણ્યું હશે કે ઝાડોપરબી માછલી ઉગે છે. દેખઇતું લાગે છે કે, તે પાણીમાં થાય પણ અંદર જઇને જોઇએ તયારે ભેદ સમજાય. પણ મેં જોઇ તેવી મોટી માછલીઓ કંઇ માછીઓના હાથમાં આવતી નથી જેમ જમીન પરનાં ઝાડપરથી પવન લાગતાં નાનાં કાચાં ફલો તુટી પડે છે, તેમ દરીયાના મોજાના જોરથી કેટલીક નાની કાચી માછલીઓ તુટી પડે, તે આપણા હાથમાં આવે છે.. મોટીને ઝાડપર તોડવા કોણ જાય? સઉથી ઉચા ઝાડ કાલુ અને કાચબાનાં થાય છે. પણ કોલમીનાં ઝાડ ઘણાં શોભઇતાં લાગે છે. વાહાણો ડુબે તે વેળાએ ઝાડોની બહુ ખરાબી થાય છે. થોડા વખતપર ડુબેલાં એક વાહણની અસર મારા દીઠામાં આવી. તે વાહણ એક કાચબાનાં કુમલાં ઝાડપર પડવાથી જલ મુલથી ઉખડી ગયું, અને જઇને એક કોલમીનાં ઝાડપર પડ્યું. તરત તેની તયાં કલમ લાગી, અને બંને-ના જોડાણથી અરધી કોલમી અને અરધા કાચબા જેવાં એક નવીજ તરેહનાં ફલ ઉગવા લાગાં. મારા ઘોડા જેવી અને તે કરતાં મોટી મોટી માછલીઓબી મને ઘણી ઝલતી હતી, અને તેઓ મને તથા મારા ઘોડાને ગલી જવા માટે ડાચાં ઉઘાડતી હતી, જેમના હાથમાંથી છટક-વા માટે બહુજ સાવચેતી રાખવી પડતી. એકતો આંધલા ઘોડાપર મુસાફરી કરવાની, આવી આવી આફતો વટાવ-વાની અને વલી હવાવગર *દમ બાંધીને ફરવાનું, એટલે મને કેવી સખતી પડી હશે, તેનો તમેજ વીચાર કરો."

પ્રકરણ પંદરમું.

આ એક ખચીત નાનું પ્રકરણછે, પણ તેમા એક મસ મોટો બનાવ નોંધયોછે.

મારા મુરબ્બીજીને પુરા કીધા, (મારી બારી નાખયા નથી હો!) એટલે હવે નીરાંતે મારી વાત આપણે ચલાંવી શું. જીબરાલટરમાં ફતેહ મેલવવા પછીબી, અંગ્રેજોની વધારે સેવા બજાવવાની મારી સરજત હતી. ફરાંસને રસતે ઇંગલંડ આવવા હું નીકલયો હતો. તેમ કરતાં કેલેમાં આવીને જોઉં છું તો, લડાઈના બંધવા તરીકે પકડેલા સેંકડો બાહદુર અંગ્રેજ બચાઓથી ભરેલું એક વહાણ આવી ઉભું છે. તેમને જોઇ મને દયા આવી, અને જીવ ગયો તો બર-જહાનમ, પણ તેમને બચાવવાનો ઠરાવ કીધો. હવામાં ઉડવા માટે બે મોટી પાંખો બનાવી કાહડી. પક્ષીઓ પાંખે ઉડે, ને આપણ માણસો કાં નહીં ઉડયે? શા માટે બલુન-નેજ આધારે રેહવું? જરા ચોકસાઇ રાખયે તો સઉ થાય. ચાલીશવાર લાંબી અને ચઉદ વાર પોહલી પાંખો બનાવી અને મધ રાતે તે બાંધીને દરયામાં અધર ઉડયો. બરાબર પેલા વહાણને માથે આવીને તેનાં સડમાં મારી ગોફણ ભેરવી દીધી. સાબુત તેને પાણીમાંથી અધર ઉંચકી કાહાડયું, અને ઝડ-પથી ઉડતો ઉડતો અંગ્રેજી સરહદ પર ડોવર બાતે આવી પુગો. તમે માનશો? ભલે અરધા કલાકમાં મેં આખી બરીટીશ ચાનલ વટાવી! વાહાણમાંના બંધવા, તેમજ તેમને કેદ પકડનારા ફરેંચો ભર ઉંઘમાં પડેલા, એટલે સહવાર શુધી શું બનયું, તેનો તેમને ખયાલજ નહીં. પણ સહવારે ઉ-ઠતાં તેઓએ મામલો ફેરવાયલો જોયો! હવે અંગ્રેજોના હાથમાં ફરેંચો બંધવા થઇ પડયા! મેં ખોલાસો કરવા

અગાઉ તો તેઓ સમજ્યા કે તોફાન બોફાન થવાથી વાહાણ ઇંગલંડ ઘસડાઇ ગયું હશે.

ડોવર આવવા પછી મેં મારી પાંખો કહાડી નાખીને ડોવરના ગવરનરને તે ભેટ આપી. આજ સુધી તે તયાં એક નવાઇ તરીકે જાલવી રાખવામાં આવી છે, માટે જેણે ખાતરી કરવી હોય તેઓએ બેશક જઇને નજરેં નજર તે જોવી. (પણ જો કદાચ નહીં દીશે તો મારી વાતપર શક લાવશો નહીં! કદાચ કંઇ ન ધારેલા બનાવથી તમે જોવા જાઓ તે વખતે તે ગુમ થઇ હોય.)

પ્રકરણ સોલમું.

શેઠ તેવા વાણોતરની કહેવતનો એક સરસ દાખલો આપણા બેરનનો શેકારી કુતરો વટીક પોતાના ધણી જેવા કીરતીવંત છે, અને વાહ્હણપર બેઠો દરયાનાં તલીયાંમા છુપાયલા શેકાર શોધી કાહડે છે.

કેપટન હેમીલટન જોડે ઇસટ ઇંડીઆ ખાતે એકવાર જવું પડયું, તયારે સાથે મારા એક શેકારી કુતરાને લીધો હતો. ભારોભાર સુનુ આપે તોઍ તેની કીમત નહીં થાય, એવો તે કુતરો હતો. એક શેકાર તેની નજરમાંથી છટકતો નહીં. એક વખત અમે જમીનથી ત્રણસો લીગ દુર હતા, તેવામાં મારા કુતરાએ શેકાર મલયો હોય, તેમ નાકે સુઘવા માંડયું. બધાઓ તે બનાવ જોઇ હસવા પડયાકે, આ વખત કુતરો ઠગાયો. જમીનથી આતલે દુર શેકાર કયાંથી હોય? પણ કુતરાની ચાલાકીપરથી મારો વીશવાસ ઉતરયો નહીં: મેં કપતાનને કહયું કે, અરધા કલાકમાં કોઇબી જાતનો જમીન

પરનો શેકાર મલે નહીં, તો ગમે તે સરત મારે હારવી. કપતાને સો ગીનીની શરત લગાડી. બધાની ખાતરી કે હું હારીશ, પણ તેટલાં શું બનયું તે જુઓ!

હાથ પર હાથ ઘોકીને અમે હજીતો હાથ ઉચકયે, તેટલાં કેટલાક સેલરોએ એક શારક માછલી પકડીને વાહણ પર આણી. તેનું પેટ ચીરતાં વાર, છ જોડી જીવતા તીતર માંહેથી કુદી પડયાં! એટલો બધો વખત તેઓ શારકનાં પેટમાં રહયાં હશે, કે અમે તેને ચીરી તે વખતે બે તીતરની માદાતો સેવણ વટીક બેઠેલી. હવે સરવેની ખાતરી થઇ. તમારા સેવક સો ગીની જીતયા, અને કુતરાને સઉ વખાણવા પડયા. શરત હારવા છતાં કપતાને બહુ ખુશીથી નાણાં તોલયાં, કાંકે આવા નવાઇ જેવા બનાવની આશા. કોઇને નહીં. જમીનપરના શેકારને આવી વીચીત્ર રાતે દરયામાં જોવાની કોણને વકી હોય?

પણ એ બાર શેકાર અમને આખી સફર કામ લાગા તેઓમાં ચાર પાંચ માદા હતી, તે વારા ફરતી સેવણ બેસીને બચાં જણતી ગઇ, અને જયારે ગમે તયારે તીતરના શેકારપર અમે હાથ મારવા લાગા. અને મારા કુતરાને તેની ચાલાકીના ઇનામમાં હમેશાં હું તીતરનાં હાડકાં નખાવતો હતો. (કેટલીક બધી મેહરબાની!)

પ્રકરણ સાતરમું.

અકસમાતથી બેરનનું એકવાર પાછા ચાંદ ઉપર જઈ લાગવું—એક સખત તોફાનને જોરે તવણનાં વાહાણનું ચંદરમાં તરફ ઘસડાઈ જવું અને એ દુનયાના નવાઈ જેવા છુટાં માથાનાં માણસો વગેરે જોઈને આ ફાની દુનયામાં પાછા ફરવું.

આગલ ચંદરમાં ઉપર મેં કરેલી સહેલ તમને યાદ હશે. પણ તે પછી એકવાર ફરીથી મેં તયાં સફર કીધી હતી, તે વેલા બહુ મજાહ પડી. તરેહવાર નવાઈઓ મેં જોઈ, પણ લાંબો વખત થઈ જવાને લીધે થોડું ઘણું યાદ રહ્યું છે તે તમારી સેવામાં મેલીશ.

ખામખાહ ચાંદ ઉપર જવા માટે કાંઈ હું નીકલયો ન હતો; પણ નહીં ધારેલી રીતે મારૂં વહાણ ચાંદ તરફ ચાલી ગયું. મારા એક માતબર સગાને એવો ઘેલો વીચાર હતો કે, ગુલીવરની મુસાફરીમાં જણાવેલા બરાબડીગનેગના રાક્ષશો દુનયામાં ખરેખર હસતી ભોગવેછે, અને તેથી તેમની શોધ કરવા માટે તેણે મને પોતાને ખરચે મોકલયો. મને તો ગુલીવરની વાત ઉપર જરા ભરોશો નહીં, પણ મારો સગો માતબર હતો, અને પોતાની બધી દોલતનો મને વારસ કરનાર હતો, એટલે તેને રાજી રાખવા ખાતર આ ચેડાં કાહાડવા હું તઈઆર થયો, અને એક મોટાં વાહાંણમાં નીકલયો.

ફરતા ફરતા અમે દક્ષણ માહસાગરમાં આવી લાગા. મારગમાં કેટલાંક ઉડતાં માણસો સીવાએ બીજું કંઈબી નવાઈનું અમારા જોવામાં આવયું નહીં. એ માણસો

હવામાં અધર નાસોચુસો રમતાં હતાં, તે દેખાવ લગાર રમુજી હતો.

અઢારમે દહાડે અમે એક ટાપુ આગલ આવી લાગા. તે વખતે એક સખત તોફાન અમને નડયું. આ વખતે એક વંટોલયો, એવોતો જોરમાં થયો, કે તેમાં વીટલાઇને અમારૂં વાહાંણુ આસમાન તરફ ચહડવા લાગું! ખાસા જમીનથી બે ત્રણક હજાર માઇલ ઉંચે જવા પછી, વાહાંણ તયાં અધર ઉભું. તેવામાં વલી જોરમાં તોફાની પવન નવે સરથી ફાટી નીકલયો, અને તેનાં જોરે બહુજ જડફથી વાદલાં પર વાદલાં પસાર કરતાં અમે ઉંચે જતા ચાલયા. એટલામાં આસમાન પર કંઇ ટાપુ જેવું દીઠું. તેની જમીન રૂપાં માફક ચલકતી હતી. તપાસ કરતા જણાયું કે, એતો કેથી ચંદ-રમાની દુનયા હતી! તયાંથી નીચે ડોકાવી જોતાં શેહરો, નદીઓ, પાહડો વગેરેની એક દુનયા દીશવા લાગી, તે જોઇ અમે પામી ગયા, કે તે આપણી દુનયા હશે. આ ચંદર-માંની દુનયા પણ સારી રીતે વસાયલી હતી; પણ અહીંયાં માણસો અને દરેક ચીજ બહુજ ગંજાવર કદનાં હતાં. એકેક મછર, એકેક સીહમુરગ જેવડું મોટું! માણસો તો રાખ-સોજ જોઇ લેવા. તે લોકો ગરૂડ ઉપર બેશી મુસાફરી કરેછે. એ ગરૂડોબી કેવાં જબરાં, કે તેમની એકેક પાંખ, આપણાં મોટાંમાંમોટાં વાહાંણોનાં સડ કરતાંબી પાંચ છ ઘણી વધારે મોટી! અહીં ઘોડા મલતા નહીં હોવાથી, સવારીનાં જાન-વર તરીકે ગરૂડજ વપરાયછે.

અમે ચાંદ ઉપર ગયા તે વખતે, તયાંના રાજાને સુરજ સાથ લડાઇ ચાલતી હતી, મને બહુ અજબ લાગું કે તમારા સેવકની કીરતીની વાત કેથી અંહીવેર પુગેલી, કેમકે મારૂં નામ સાંભલતાં વાર ચાંદના રાજાએ મને લાગલીજ પોતાનાં લશકરની સરદારી આપવા માંગી; પણ મેં ઉપકાર

ચીત્ર ૯ મું.



કુતરામુખી તારાનો રેહવાશી. (જુઓ સફે ૫૧)

સાથ એ માન ના પાડયું. આપણને કયાં ચાંદમાં જનમ લેવાનો, કે નકામા તયાંના લોક ખાતર બીજાઓ સાથ દુશ્મની કરી લીજીએ. કોણ જાણે, કદાચ સુરજમાંબી આપણને જવું પડે.

એ લોકનાં હથયાર નવાઈ જેવાં છે. વનસ્પતીબી બધી ચીજો માફક નવાઈ જેવી હોવાથી, ગાજર તથા મુલાના ભાલા, અને કુતરાંની ટોપીની ઢાલ લડાઇમાં વપરાય છે. ગાજરમાં એવા ખુબી છે, કે તેમાંથી બનાવેલા ભાલાનો એકજ જખમ લાગતાં, પાહાડ જેવું માણુસબી ભોંયે પડવા વીના રહે નહીં.

ચંદરમાંની પડોશમાં એક તારો આવેલોછે, તે કુતરા મુખી તારાને નામે ઓલખાયછે. એ તારા ઉપર વસતા લોકો વેપાર અરથે આ દુનયામાં આવેછે. તે લોકોને મેં એકવાર રસતામાં જોયા હતા. તેમનો દેખાવ કંઇ અજબજ તરેહનોછે. એ લોકોનાં આંગ માણુસ જેવાં, પણ મોહડું કુતરા જેવું હોયછે. તમને પુછડી પણ હોયછે. વલી અજબ જેવું એછે કે, તેમને નાકની ઉપર નહીં, પણ નાકની નીચે હોઠ ઉપર આંખ હોયછે. વલી તેમની આંખ ઉપર પોપચાં રેહતાં નથી, પણ ઉંઘાતી વખતે તેઓને પોતાની જીભની અણી આંખપર ઢાંકવી પડેછે! એ લોકોબી કદે જબરા હોયછે; પણ ચાંદના રેહવાશી જેટલા નહીં. ચાંદપરના લોકોમાં તો ઠીંગણામાં ઠીંગણા માણુસો છતરીશ ફીટ લાંબાં હોયછે! કુતરામુખા તારાના રેહવાશીઓ વીશથી પચીશ ફીટ હોયછે.

ચાંદમાં રેહનારા લોકોને ખાવા પીવાની કડાકુટ ઝાઝી પડતી નથી. ફકત મહીનામાં એકવાર ચાંદરાત, પુનમ એવા સારા દહાડા ઉપર તેઓ જમેછે, તેબી વલી આપણી માફક નહીં. દાંતે ચાવવાની, કે જેરવવાની કંઇ ખટપટ નહીં

પેટમાં ડાબી તરફ એક ઢાંકણુ જેવું હોયછે, તે હાથે ઉંઘાડીને તે વાટે હોજરીમાં તઈઆર ભોણું મેલી દેયછે.

શું માણસ કે જાનવરમાં નર-નારીની બે જાત હોતી નથી, પણ સઘલા એકજ જાતીના એટલે નહીં નર કે નારી, એવા હોયછે. તેઓ આપણી માફક જનમતાં નથી, પણ ઝાડપર ઉગેછે! જાનવરો અને માણસો જુદી જુદી જાતનાં ઝાડો ઉપર થાયછે. માણસવાલાં ઝાડ બહુ ઉંચાં અને સોહામણાં હોયછે, અને તેનાં પાતરાંનો રંગ માંસના જેવો હોયછે. એ ઝાડ ઉપર બે ત્રણવાર લાંબી શીંગો થાયછે, અને તે શીંગમાં દાણાને ઠેકાણે બચ્ચાં હોયછે. શીંગો પાકે એટલે તેને ઉતારીને થોડો વખત સુકાવા દેયછે, પછી બચ્ચાં બાહાર કાહાડવાં હોય, તેવારે શીંગને ખલખલતાં પાણીમાં બોલી કાહડેછે, એટલે અંદરથી ડપક કરતું બચ્ચું બાહાર કુદી આવેછે!

એ બચ્ચાંઓ આપણાં બચ્ચાં જેવાં નાનાં અને નબલાં નહીં, પણ મોટાં માણસો જેવા ધંધો ધાપો શીખીને તઈયાર થયલાં બાહાર આવે છે. સીંગમાંને સીંગમાં તેઓ સઉ ચીજ શીખી રહેલાં હોયછે. શીંગ ફાટે એટલે એકમાંથી વકીલ, તો બીજામાંથી સુથાર, તો તીજામાંથી ડાકટર એમ તઈયાર ધંધાદારીઓ નીકલે છે! શીંગમાંથી નીકલયા, કે લાગલા તેઓ પોતાનો ધંધો ચલાવવા પડે છે.

એ લોકો મરતાબી નથી. બહુ ઘરડા થાય, એટલે વરાલરૂપે પીગલીને હવાસાથ મલી જાય છે!

તેમના હાથપર માત્ર એકેક આંગલું હોયછે. એ આંગલાં વતે આપણાં પાંચ આંગલાં કરતાં વધારે સરસ રાતે તેઓ કામકાજ બજાવે છે.

તેમનાં માથાં, આપણી પેઠે ધડ ઉપર નહીં, પણ બગલમાં ઉગે છેઃ વલી જયારે જોઇયે તયારે માથાંને તેઓ

ચીત્ર ૧૦ મું.



ચંદરમાનો રેહવાસી. (જુઓ સફે ૫૩)

ધડથી છુટું પાડીને ફર હર કરી શકે છે. એક માણસ માથું ઘરમાં મેલીને, હજારો કોસ દુર સુધી મુસાફરી કરી આવે છે, અને એટલે દુર જવા છતાબી માથાં અને ધડ વચેનો સંબંધ તો ચાલુજ રહેછે. કોઇ ચંદરવાસીને છુપે વેશે મુસાફરી કરવાનો શોક થયો, તો તેને માટે સેહલો રસતો એજ કે માથું ઘરે મેલીને ફરવા નીકલવું, એટલે કોઇ તેને ઓલખેજ નહી.

વરસાદનાં તોફાન સાથ અવાર નવાર જમીનપર કરાં પડે છે, તેનું કારણ તમને ખબર છે? આપણે જેને કરાં કહીયે છીયે, તે તો ચાંદ ઉપર ઉગતી દરાખના ઠલીયા છે. જયારે જોરમાં પવન નીકલે, તયારે દરાખ ઝાડપરથી તુટી-પડી ભાગી જાય છે, અને તેના ઠલીયા કરાંના આકારમાં આપણી દુનયાપર આવે છે. જો ખાતરી કરવી હોય, તો કરાં પડે તે વેલા થોડાં ભેગાં કરીને તેમાથી વાઇન બનાવી જોજો. જબરો લેહજતદાર લાગશે. પણ બનાવવામાં જરા મેહનત પડશે હો! એટલુંજ કરજો કે તે કરાં પીઘલીને પાણી થાય નહીં, એટલે પછી જેવો જોઇયે તેવો વાઇન બનશે.

ચંદરવાસીઓ ખરેજ બહુ સુખી માણસો છે. ખાવા પીવાની ઝાઝી કડાકુટ નહીં; કપડાં તો તેઓ બીલકુલ પેહરતાજ નથી; વલી આંતરડાં, કલેજાં, ફેફસાં એવી ચીજો-ની અગવડબી તેમનાં શરીરમાં નથી. માત્ર મહીનામાં એક વખત ખોરાક તેમને લેવો પડે છે તે માટે એક હોજરી તેમના પેટમાં હોય છે, અને તે હોજરી તરેહવાર સરસા-માન મુકવાની કોથલી તરીકેબી તેમને કામ લાગે છે!

આંખબી મરજી પડે તયારે તેઓ માથાંમાંથી બાહર કાહડી તથા પાછી અંદર ગોઠવી શકે છે. આંખ હાથમાં પકડીનેબી તેઓ બધું જોઇ શકે છે. એ રીતે કાહાડ મુક

કરવાથી અવાર નવાર આંખની ભાગ તુટ થાય છે, પણ તથી તમને કશી અગવડ પડતી નથી; કાંકે જેમ આપણી તરફ ચશમાં વેચાય છે, તેમ ચાંદ ઉપર નવી આંખો વેચાય છે, અને તે બનાવવાનો મોટો ઉદયોગ અંહી ચાલે છે. કપડાં માફક તેઓ તરેહવાર રંગ બેરંગી આંખો પેહરે છે, અને જેમ આપણામાં કપડાંની ફેશનોના ફાંટા ચાલે છે, તેમ ચંદરવાસીઓમાં આંખની ફેશનો ચાલે છે. કોઈવાર બધા લોકો લાલ આંખ, તો કોઈવાર લીલી, તો વલી કોઈવાર બલુ કે પીલી લટકાવી નીકલે છે.

આટલી બધી નવાઈ સાંભલી હવે તમે બેશક વેહમમાં પડયા હશો. પણ ભાઈઓ! એક બોલ મારા હેવાલમાં ખોટો નથી હો! કોઈના મનમાં શક હોય તો બેલાશક તેણે એકવાર પોતે જાતે ચંદરમા ઉપર જઈને ખાતરી કરી લેવી. હા! આપણને તો જુઠા સાથે ડાલે દીઠું વેર! મને શો કોઈના બાપનો ડરછે, કે જુઠું બોલું?

પ્રકરણ અઢારમું.

બેરન સાહેબ ટેમસ નદી પસાર કરે છે—પણ તે કેવી રીતે?—વાહાણ, પુલ, હોડી, કે કશાનીબી મદદ વીના-અને વલી તેબી ભર ઉંઘમાં!

એક વખત તમારા નોકરે ભર ઉંઘમાં, વગર જાણવે, વગર મરજીએ, અને કશાંનીબી મદદ વીના ટેમસ નદી પસાર કીધી હતી. તે કેમ? જુવો. એક દહાડે વાપીંગને બંદરે કંઇ માલ ચહડાવવા હું ગયો હતો. કામ પુરૂં થવા પછી સખત ગરમી અને મેહનતથી થાકી જવાથી નદી કીનારે જરા બે ઘડી લેટી ઉઠવા માટે કંઇ જગા શોધવા લાગો.

કંઈજ નહીં મળવાથી, અંતે ત્યાં ગોઠવેલી કેટલીક તોપો- માંની એકમાં ભરાઇને જરા પડયો, તે લાગલીજ આંખ લાગી ગઇ. બપોરે કંઇ કામ પડવાથી સઘલી તોપો ફોડવામાં આવી, અને તે વખતે મારાપર કોઇની નજર નહીં ખેંચાવા- થી મારા તોપ ફોડી! તેના ફુટવા સાથે હું તો જે ઉડયો, તે આખી ટેમસ નદી વટાવીને પેલે પાર ડેપથફરેડ તરફના એક ખેતરમાં જઇને પડયો! વગર વાહાંણે ટેમસ નદી કેમ પસાર કીધી તે હવે સમજયા? હવે ડેપથફરડમાં એક મોટાં ખેતરમાં ભરેલાં સુકાં ઘાંસની એક મોટી ગંજીપર હું તો જઇ પડયો, તેથી કંઈ મારબી લાગો નહીં, અને મારા ઉંઘબી ઉડી નહીં! મજેનું ઘાસનું બીછાનુ, અને થાક ચહડવાથી બહુજ ઉંઘ લાગી, તે આપણે તો મહીનાના મહીના સુધી ઉંઘાઇજ રહયા. અંતે ઘાસ બહુ મોંઘું થવાથી, મારાવાલી ગંજીનો ધણી પોતાના ખેતરમાં આવ્યો, અને ઘાસ છોડાવા માંડયું. તે લોકોની ગંડબડથી હું જાગી ઉઠયો અને ગંજી પરથી નીચે ઉતરવા, જે કુદકો માર્યો, તે ઘાસના ધણીનીજ ગરદનપર જઇ પડયો. એ હુનારતથી તે બાપડો તો ટપ કરતો કે મરણ પામયો, પણ મને કંઇ ઇજા થઇ નહીં. પણ એ ઘાસવાલો મરણ પામયો તેમાં કંઈ ખોટું થયું નહીં, કાંકે તે બહુ લુચો અને કરપીણ માણસ હતો, અને તેના મરવાથી ઘણા લોકો દુખથી છુટાં અને મને દુવા દેવા લાગયા.

પ્રકરણ ઓગણીશમું.

પુરવા નીકલવું નામવર એરનનું જવાલામુખી એટના
પરવતનાં ભીતરમાં, તયાંથી ફરતા જઈ લાગવું
દુનયાનાં પેરાખાનામાં, અને પરવતોના
દેવતા વલકનની મુલાકાત લેઈ ધરતી
કંપ થવા તથા જવાલામુખી
ફાટવા વગેરે બનાવોના
ભેદથી વાકેફ થવું.

લોકો કેહતા હતા કે જવાલામુખી પર્વતો ફાટેછે તે દેખાવ જોવા લાયક લાગેછે. બધું જોયું, તયારે વલી એટલું શા માટે રેહવા દેવું? આથી આપણે લાગલા સીસીલીનો પરવત જોવા ખાતર ઉતરી પડયા. કશીબી હરકત વીના સાહી સલામત હેઠ એટનાની નજદીક સુધી હું જઇ લાગો. મેં વીચાર કીધો કે એટના ફાટવાનો દેખાવ દુરથી તો સઉ કોઇ જોયછે, પણ તેનાં ભીતરમાં જઇ જોય તે ખરો! આથી યાહોમ તેનાં ભીતરમાં જવાને સેવક તઇયાર થયા. મરને પછી કદી તેમાં જલાઈ ગયો હોત; પણ આપણે તો ધારતી ખાટવાની વાતમાં કદી હટવું નહીં. સારે નસીબે એટના એ વખતે ફાટેલો હતો, તેથી હું તો લાગલોજ કે તેને મથાલે જઇને તેમાં પડેલી ફાટ વાટે માંહે કુદી પડયો. તેમાંથી ઉંચે ઉડતા અંગારા લાગીને મારૂં આંગ બહુ દાઝયું ખરૂં; પણ તેટલાંની દરકાર કોણ કરે? વલી માંહે ઉતરતાંબી ઝાઝી અગવડ પડી; કેમકે અંગારા, લાવા વગેરે બહુ જોરથી ઉપર ઉડી આવયા જેનું જોર મારાં ઉતરાણનાં જોરને અટકાવતું તોપણ અંતે મારાં ભારી આંગનાં વજનથી હું ફાવયો. અરરરરર! તમે માનશો? કંઇ ગરમી, કંઇ ગરમી

અંદર પડે! ને વલી સાથે લાગો ગોંધાટ ને ગરબડ ! તેથી ગુંગલાઇને થોડોવાર સુધી તો હું બેભાન જેવોજ થઇ રહ્યો! હોશયારીમાં આવતાં જોઉં છું, તો પરવતોનો દેવતા વલકન અને તેની રઇયતના માણસો મારામારી કરતા ઉભેલા! પણ મને જોતાંજ સઘલી સમાધાની થઇ ગઇ, અને માન-વંત દેવતા વલકને ખુદ પોતાને હાથે, મને દાઝવાથી લાગેલા જખમોને મલમપટો કરી મારી મદારત કરવા માંડી. વલી તેણે અમરત જલ તથા બીજાં એવાંજ ઉંચાં સરબતો અને શરાબો તથા તેવાંજ સરસ દેવતાઇ પકવાનો, મારી સામે મેલયાં. તે બધાને ઇનસાફ કરવા પછી હું આરામ લેવા ગયો. તે માટે એક બાદશાહી મેહલ કરતાં સરસ રીતે સીનગારેલું દેવાનખાનું વલકન દેવતાએ મને અપાવયું, તથા તેના હુકમથી ખુબસુરતીની મનહરણ દેવી વીનસ મારી સારવાર કરવા લાગી. એ દેવીએ મારા ઉપર જે મેહરબાની અને સુખ વરસાવયું, તેની વખાણ કરવાને મારી પાસ પુરતા બોલો નથી. બીજી સહવારે પેટ ભરતી આરાયશ લઈ હું ઉઠવા પછી વલકને મને જવાલા મુખી પરવતો કેમ ફાટે છે, તથા ધરતીકંપ કેમ થાય છે તેની સમજ આપી. તે બોલયો કે, મારાં માણસો કેટલીકવાર મારી સામે થઇ તોફાન મચાવે છે. તે વખતે તેમને સજા કરવા ખાતર હું ધગધગતા આતશના કકડા તેમની ઉપર ફેંકું છું, જે પાછા મારા હાથમાં આવતા અટકાવવા માટે તેઓ લઇને બાહાર ફેંકી દેય છે, તે જવાલા મુખી પરવતો વાટે નીકલીને દુનીયામાં આવે છે, તયારે તમે માનવીઓ કહોછો કે, પરવત ફાટો. એ તોફાન વેલા ચાલતી ગડબડ-થી જમીન ધ્રુજે, તેને તમો ધરતી કંપ કહો છો.

વલકનની દરબારમાં આપણે તો ધામો નાખો પડયા, કેમકે નખરાંબાજ વીનસની દીલ લુટનાર ખુબસુરતીએ

મને એટલો તો મોહ પમાડયો, કે તેણીને છોડી જવા ગમે નહીં. પણ કેટલાક અદેખા દેવતાઓએ વલકન આગલ મારી કંઇ નીંદા કરવાથી તે એકદમ મારીપર ગુસે થયો, અચણુચ મારી આગલ તે આવયે અને મને એક અંધારા ઓરડામાં લઇ જઇ કમરમાંથી પકડીને ઉચકયો, અને તે બોલયો,

"બેવફા માનવી, જે તકલીફી દુનયામાંથી તું આવયો છે, તયાં પાછો ફર!"

એટલું બોલી તેણે મને ફેંકયો, અને હું બેહોશ થયો. ખોદા જાણે કેટલે વારે હોશીયાર થઇ જોઉં છું, તો થંડા પાણીમાં હું પડયો છું અને સુરજનાં કીરણો આસ-પાસ ચલકી રહયાં છે!

બચપણથી તરવામાં હું એક્કો હતો, એટલે પાણીમાં પડવાથી મને મઝા પડી. પરવતના પેટમાં ગરમી અને અંધારામાં કંઇક મુદત ગુજારવાથી, ઘણે દીવસે ખુલી હવા અને થંડું પાણી મલયું, એટલે જાણે જીવતા જીવત બેહસતમાં ગયો એવું લાગયું, કયા દરયામાં હતો, તે કંઇ સમજ પડે નહી તોપણ આપણેતો નીરાંતે ફરવા માંડયું. થોડોક દરીયે તરવા પછી કંઇ સફેદ બડક જેવું મારા તરફ તરી આવતું જોયું. નજદીક આવતાં જણાયું, કે તે બરફનો તરતો ડુંગર હતો. તરતજ તે પર હું ચહડી ગયો. આવી હાલતમાં મારૂં શું થશે, તેનો વીચાર કરી હું લગાર બેચેન બનવા લાગો, પણ તેવામાં મારા વતની વલંદા લોકોનું એક વાહાણ તે તરફ આવી લાગું, જેમાંના લોકોએ મને તરતજ મદદ આપીને વહાણ પર લીધો. તે લોકોને પુછતાં જણાયું કે, જે દરીયામાં અમે હતા, તે દક્ષીણ માહ-સાગર હતો. આ વાત સાંભલતાંજ મને લાગુ કે, તયારે દક્ષીણ માહસાગરમાં મુસાફરો હમેસાં જે રસતે જાયછે તે બહુ લાંબો છે, પણ જો મારી માફક એટના પરવતમાં

ઉતરીને ધરતીનાં ભીતરમાંથી નીકલયા હોઇયે, તો દક્ષીણ માહસાગરમાં બહુ જલદી પુગાય! દુનયામાં આ નવી શોધ જલદીથી જાહેર કરવાનો મેં ઠરાવ કીધો.

પ્રકરણ વીશમું.

દુધના દરયામાં આવેલા પનીરના ટાપુ ઉપર બેરન મુનચાસનનું જઈ પુગવું—એક સીંગડાં તથા ત્રણ પગનાં માણસો સાથ તેને થયલી મુલાકાત!—દારૂની નદી અને પાંઉના ઝાડ!—મગરના પેટમાં વસાયલું ગામ.

મને ઉપાડી લેનાર વાહાણ નવી શોધો અરથે દુંનયામાં ફરવા નીકલયું હતું, તેથી તેઓ સાથે રેહવાને મને બહુ ખુશી લાગી, કેમકે આતો દુનયામાં ફરવા હરવાના મારા શોખ પ્રમાણે જેવું જોઇયે તેવું મલયું.

થોડાક દહાડા અમારી સફર ઘણીજ શાંત નીવડી; પણ પછી એક દને તોફાન એવુંતો જબરૂં નીકલયું, કે અમારા એકે એક સઢ ઉડી જવા જોડે અમારો હોકાયંત્ર ભાગી ગયો. તોફાન સમવા પછી, હોકાયંત્ર વગર વહાણ ચલાવવું મુશકેલ, એટલે અમે તેને પવનને આધારે છોડી દીધું. તેવામા ઘણો સરસ પુઠનો પવન નીકલયો, અને કલાકના ચાલીશ નાટની ઝડપે છ મહીના સુધી વાહાણ આગલ વધયાજ કીધું! (કદાચ બેરન સાહેબ અતરે લગાર ભુલયા હશે, અને દહાડાને બદલે મહીના બોલાઇ ગયા હશે.) તે પછી અચીંતો હવામાં અને આસપાસની દરેક ચીજમાં ફેરફાર દીસવા લાગો. હવામાં ઘણો સરસ મીઠો સુગંધ આવવા લાગો. પાણી વલી દુધ જેવાં સફેદ દીશયાં અને ચાખી જોતાં તેમાં આબાદ દુધનોજ સવાદ!

જરા આગલ જતાં એક મોટું ટાપુ દીશયું. ઘણે દહાડે જમીન મલી, એટલે અમે હરખથી કીનારે ઉતરી પડયા. પણ જમીન પર પગ મેલતાં જણાયું કે, એ ટાપુતો એક આખાં અખંડ પનીરનો બનેલો હતો! તે વાત પેહલે કેમ જણાઇ તે સમજો. અમારામાંના એક જણને પનીરની બહુજ સુગ હતી. પનીરનો વાસ સાત કોશ દુરવેરથી તેને આવતો, અને તેથી તે તરત બેહોસ થતો. આ ટાપુ પર પગ મેલતાં તે બેહોશ થયો, અને માહ મેહનતે હોશયાર થતાંજ બુમ પાડી ઉઠયો કે, "આ પનીરને કોઇ દુર કરો"! તયારે અમે પનીર કયાં હશે તે જોવા ગયા, તો આખું ટાપુજ પનીરનું!

એ ટાપુના રેહવાશીઓનો મુખય ખોરાકજ પનીર છે. જેને જેટલું જોઇયે તેટલું પનીર જમીનમાંથી કાપી કાહડે છે. તમે કેહશો કે એમ ખાતાં તો આખો ટાપુ ખવાઇ જવો જોઇયે; પણ તેમ નથી. દરરોજ જેટલું પનીર દીવશે ખવાય, તેટલું આબાદ રાતે પાછું ઉગી નીકલે છે, તેથી કોઇ વાતે તેની ખુટ પડતીજ નથી. એ ટાપુમાં કેટલીક નદીઓ છે, તેમાંની કોઇમાં દુધ અને કોઇમાં દારૂ પાણીને ઠેકાણે વેહછે. એ નદીઓ ઉપર જમીનની માફક ઉભા રહીને લોકો તરેહવાર કસરત કરેછે. પનીરવાસીઓ સારા ખુબસુરત દેખાવના અને અછા બાંધાના આદમીઓ છે. તેઓ નવ ફીટ ઉંચા હોય છે, અને તેમને બેને બદલે ત્રણ પગ હોય છે. વલી માથાંની વચ્ચે વચમાં તેમને ગેંડા જેવું શીંગડું હોય છે. મારા મારી કરવી પડે, તયારે તેઓ આ શીંગડાં વતે લડેછે.

આ ટાપુ ઉપર અનાજનાં ઝાડો થાયછે, પણ તેમાં કંઇ કાચું અનાજ પાકતું નથી. તઇયાર પકાવેલાં પાઉ અને બાફેલા ચાવલ ઝાડોપર ઉગી નીકલેછે! એવી રીતે

ખાવા પીવાનું સુખ અંહી ઝાઝું છે. જમીનમાં જોવ તો, માટી કે પથરાને ઠેકાણે પનીર; ઝાડોપર રાંધેલા ચાવલ કે રોટી તઈયાર; નદીઓમાં દુધ અને દારૂ; બસ ખાઓ, પીઓ અને મજાહ કરો!

આડતીશ દહાડા રખડવા પછી, આ ટાપુના બીજા છેડા ઉપર અમે જઈ લાગ્યા. અંહી બસ મોટાં ઝાડો, અને ફલ ફુલાદી તથા જાત જાતનાં પક્ષીઓ અમે જોયાં. જનમમાં કદી નહીં ખાધેલાં, એવાં એકેક જાતનાં ફલ! તેવાંજ પક્ષીઓબી! એકેક સાદી ચકલી, હાથી જેવી જબરી; બલકે તેનાં કરતાંબી બેવડી! તેના માળા, કંઈ ઘાસનાં નહીં પણ મોટાં મોટાં ઝાડો એકેકમાં ગુંથીને બનાવેલા! એવી એક ચકીના માળામાં અમે એકવાર ઘુસયા. તેમાં પાંચશે ઈંડા અમે દીઠાં. તમે પુછશો કે વળી બરાબર પાંચશે ગણી કોણે જોયાં? પણ ગ્રહસ્થો, હમેશાં ગણત્રી કરવાની અને બધી વાતમાં ચેકસાઈથી કામ લેવાની મને ટેવજ પડી ગઈ છે. મેં પોતે એ ઈંડાં બરાબર એકથી તે પાંચશે સુધી ગણી જોયલાં. એ ઈંડાં કેવાં! કંઈ તમારી નાની ચકલી કે મરઘી જેટલાં નહીં હો! એકેક ઈંડું ખાસું એકેક મોટાં પીપ જેવું! અમારા કપતાને એમાંનું એક ફોડી જોયું, તો માંહેથી ખાસું એક ભેંસ જેટલું બચ્ચું નીકલયું! પણ તેવામાં તે ઈંડાંની માદા આવી લાગી. કપતાનને ઈંડું ફોડતાં જોઈ તે બહુ ખીજવાઈ, અને તેથી ચીડમાંને ચીડમાં તેને પોતાના પંજામાં ઝાલીને તેને લઈ હવામાં ઉડી, અને પછી ઉંચેથી દરયામાં નાખયો. પડતાંવાર તરીને કપતાન કીનારે આવયો પણ તે બાપડાના મોંહડાંમાના એકે એક દાંત ગેપ! પેલાં પક્ષીએ ઉડતી વખતે તેના મોહડાં ઉપર પોતાની પાંખથી બહુ જબરા ઝપાટા લગાવેલા, તેની આ મોહકાન હતી.

હવે અમે અહીંથી પાછા ફરવા માંડયું. મારગમાં અમે ત્રણ શખસોને એક ઝાડપર ફાંસો દઈ લટકાવેલા દીઠા.

તેમની એ હાલતનું કારણ પુછતાં જણાયું કે આ ટાપુના લોકને જુઠાંની બહુ ચીડછે, અને મજકુર શખસો જેઓ મુસાફર હતા, તેઓએ પોતાની મુસાફરીના હેવાલમાં ખોટી ડફાંસો મારવાથી તેમને આ સજા કરવામાં આવી હતી. એ દેખાવ જોઇ હું તો તદન બેદરકારજ રહયો, કાંકે સદા રાસતી-થીજ કામ લેનાર મારા જેવા મુસાફરને એ દેખાવમાં કંઇ ધડો લેવા જોગ હતું નહીં.

અંતે અમે પાછા જયાંથી ઉપડયા હતા, તે કીનારા આગલ આવી લાગા. અમારાં વાહાણને જલદીજ તઇયાર કરીને અમે લંગર ઉઠાવયું. એ વખતે વલી એક અજબ જેવો દેખાવ દીઠો. આખા કીનારાપરનાં ઝાડોએ એકસરખી રીતે બંરાબર બબે વખત વાંકા વલીને અમને છેલી સલામ કીધી! શું ઝાડોનીબી સમજ અને લાગણી!

આ પનીરનું ટાપુ વીસતારમાં આખા યુરોપખંડ કરતાં વધારે હતું, એમ અમને પાછલથી જણાયું હતું!

તમને યાદ હશે કે, અમારી પાસ હોકાયંત્ર હતું નહીં, એટલે અમે આ વખતબી વાહાણને પવનનાંજ આધારપર છોડયું. ત્રણ મહીના એવી રીતે ફરવા પછી અમે એક દરયામાં દાખલ થયા, જેનાં પાણી તમામ કાલા રંગનાં હતાં. ચાખી જોતાં તેનો સવાદ સોજા વાઇન જેવો લાગો. પનીરના ટાપુપર અમને વાઇનની નદીઓ મલી હતી, પણ આતો કેથો આખો દરયોજ વાઇનથી ભરેલો! અમારા સેલરો તો એ વાઇનપર ગાંડાજ બની ગયા. આઇતો દારૂ મલયો એટલે તે લોકે વીચારયું, કે પીવાય એટલો પી લેવો. માહ મુશકેલીએ તેમને છાકટ બનતા અમે અટકાવી શકયા. એ નદીમાં સોસવાટો અને મગરો એવી જબરી મલી, કે અમે અમારી આશા મેલીજ દીધી. તેવામાં એક મગરે આબાદ અમારી સામે આવીને જે ડાચું વકાસયું, તે સડ-

સડાટ અમારૂં વાહાણ જાણે એકાદ મોટી નદીમાં જતું હોય તેમ તેમાં ઉતરી ગયું. એ વખતે મગરે એક મોટો ગોટ ભરીને પાણી પીધું, એટલે અમારૂં વાહાણ તરવા લાગ્યું. અમેજ એકલા આંહી નહતા. કંઈક વાહાણો અને બોટો અમારા જોવામાં આવી. મગરના પેટમાં અલબત અંધારૂં હતું, એટલે તેઓ સરવે આખો વખત દીવા બતી સલગાવીને કામ કરતા, અને અમેબી તેમજ કીધું.

જેમ દરયામાં ભરતી ઓટ થાય, તેમ આ મગરના પેટમાં પણ અમને ભરતી ઓટનો અનુભવ મલતો. તે જયારે પાણી પીતું તયારે ભરતી થતી, અને હાજત કરે તયારે ઓટ થતી. બીજેજ દીવરો ઓટ વખતે હું મારા કપતાન તથા બીજા કેટલાક માણસો સહીત ઉતરી પડયો, અને અમારીજ માફક કેદ પડેલા બીજા વાહાણ વાલાઓને જઈ મલયો. જુદી જુદી જાતના આશરે દશહજાર માણસો તેઓ હશે. તેઓમાંના કેટલાકો વરશો થયાં આ હાલતમાં સપડાયલા હતા, અને કેટલાકોએ તો વલી આંહી બચ્ચાં છોકરાં જણીને ઓલાદ વટીક વધારી મેલી હતી! અમે જે વખતે તેમને મલવા નીકલયા, તે વખતે તેઓએ પોતાના છુટકારા માટે કંઈ ઇલાજ શોધવા અરથે એક મોટી સભા ભરી હતી, જે સભામાં અમે સામેલ થયા. સરનશીને ઉઠીને સભા મલવાનું કારણ કહી સંભલાવવા માંડયું, પણ તેટલાં તો કમબખતી! મગરને તરસ લાગી આવી હશે, તે પાણી પીધું અને લાગલી અંદર ભરતી થવા માંડી. સભા સભાને ઠેકાણે રહી ગઈ, અને સઉ દોડાદોડ કરીને વાહાણોપર ચહડી ગયા.

પણ બીજી વખતે વધારે સારી તક જોઈને અમે ફરીથી સભા ભરી. કેહવાની કંઈ જરૂર નથી કે, એકમતે તમારા સેવકને સરનશીનની ખુરશી આપવામાં આવી. મેં ટુંક-

માંજ સઉને સુચવયું કે, આ દુખમાંથી છુટવાનો સેહલ રસતો એકજ છે. બે મોટા ડોલને બંને છેડેથી સારા અણી-દાર બનાવીને, જેવુ મગર ડાચું ઉઘાડે, કે તેમાં ઉભા મેલી દેવા. આથી ડાચાંમાં તે બંને બાજુથી ખોસાઇને થાંભલાં માફક ઊભા રહેશે, અને ડાચું બંધ થશેજ નહી. તરતજ મારી સુચના ઊપર અમલ કરવામાં આવયો. ડોલ તઇ-યાર કીધા; અને મગરે ડાચું ઊઘાડતાં વાર તે ખોસી દીધા. હવે ધરધરાટ પાણી અંદર ભરાવા માંડયું, અને અમારાં વાહણોને સડ ચહડાવીને અમે નીકલી પડયા. કેટલાં વાહણોનો અમારો કાફલો ધારોછો? બરાબર ૯૫ વાહણો અને વલી તેથી બેવડી બોટો!

પણ હવે અમે કયા દરયામાં હતા તે વીશે બધા વીચાર કરવા પડયા. આગલી મુસાફરીના અનુભવપરથી મને થોડાવારમાં જણાયું કે, એ તો કાસપીયન સમુદ્ર હતો. પણ તે સમુદ્રને તો કોઇ દરયા સાથ સંબંધ નથી, તયારે અમે અંહી કેમ આવયા? પેલા પનીરના ટાપુના કેટલાક રેહવાશીઓને અમે સાથે લીધેલા, તેઓમાંનો એક બોલયો કે, મગર કદાચ પૃથવીનાં ઊંડાણમાંથી કંઇ છુપે રસતે અમને આ તરફ ધસડી લાવયું હશે. બધાને આ વીચાર દરૂસત લાગો. અંહીથી આગલ વધતાં સેંટ પીટરસબરગ ખાતે અમે આવી લાગા. અંહીયાં સઉથી પેહલો હું કીનારે કુદી પડયો. તેવામાં એક જબરાં રીંછે મારાપર હુમલો કીધો. મેં તરતજ તેના આગલા પંજા ઝાલી લીધા, અને તે એવા જોરથી દાબયા, કે રીંછે વેદનાથી ચીસો પાડવા માંડી. પણ તે મુરદુ થઇ ભોંયે પડયું તયાં સુધી મેં તેને છોડયું નહી. રીંછને પોતાના પગના પંજા ચાટવાની આદત હોય છે, તે તો તમને ખબર છે. જો તેને તેમ ચાટવું અટકાવયું હોય, તો સેજ વારમાં લોહી

સુકાઇને તે મરણ પામે છે. મેં આજ હીકમતથી તેનો આંકો લાવી મેલયો.

સેંટ પીટરસબરગમાં મને એક જુનો દોસત મલયો, જેણે મને એક શેકારી કુતરો ભેટ આપયો. કમનસીબે આ કુતરો મરણ પામયો, પણ તેનું ચામડું ફરમાસ્ટ હોવાથી, મેં તેનો ડગલો સીવાડયો. એ ડગલામાં વટીક, શેકાર પકડવાની મરહુમ કુતરાની ખુબી ઉતરી છે. જેવો દુરથી શેકાર જણાય, કે લાગલું એ ડગલાનું એક બટન પોતાની મેલે ઊડીને શેકારવાલી જગાએ જઇ બેસે છે. એવી રીતે અંચીતું એક બટન પોતા વચે આવી પડતું જોઇ પક્ષીઓ ગભરાટમાં પડી જાય છે. તેમાં તીતરોતો એવા ગભરાટમાં ઊડેછે તયારે, બરાબર એકેક પાછલ સરખી હારમાંજ ઉડે છે. એક દહાડે તેવી રીતે ઊડતાં પક્ષીઓ તરફ મેં બંદુક છોડી તે વખતે ઊતાવલમાં દારૂ ઠાંસવાનો સલયો કાહાડતાં ભુલી ગયો. તેથી શું મજાહ પડી તે જુઓ! સલયો આશરે ડજનેક પક્ષીઓની હારમાં એવોતો આબાદ પેઠો, કે જાણે ભુંજવાની સીખમાં ખોસયાં હોય, તેમ તેઓ તેમાં ભેરવાઇ ગયાં. વલી સલયો તાપેલોબી જબર, એટલે વગર મેહનતે બધાં પક્ષીઓ તઇયાર ભુંજાઇ ગયાં!

પ્રકરણ એકવીશમું.

આપણા સુરા નાયક એક ગરૂડ પક્ષીની પીઠપર બે-
શી આખી દુનયાની આસપાસ ફેરો મારે છે—
દુનયાની આસપાસ ઉતાવલી સેહલ કરવા
ઇછનારાઓએ જરૂર આ રીત પસંદ કરવી,
કેમકે છત્રીશ કલાકમાં એ હવાઇ સેહ
લ પુરી થાય છે.

એક સગાને મલવા અરથે હું થેનેટના ટાપુ ખાતે થોડો વખત ઊતરી પડયો હતો. એ વખતે એક ગીંચી

ટેકડી અને તેની આસપાસ આવેલાં ખંડીયરોમાં ફરવાની મને બહુ મજાહ લાગતી હતી. એક દીને ફરતો ફરતો છેક ટેકડીની ટોંચ ઉપર જઇ લાગો. ટોંચપર મેં કાંઇ ઊંડા બાર જેવું દીઠું, તેથી તેના મોહડાંની બે બાજુએ મારા પગ પોહલા કરીને ટેકવી, નીચે હું ડોકાવીને જોવા લાગો. એવામાં એક રાક્ષી કદનું ગરૂડ બારમાંથી ઊડતું બરાબર મારા પગ નીચે આવી લાગ્યું, અને એવી રીતે જોરથી બાહાર નીકલવા માંડયું, કે આબાદ મને પોતાની પીઠપર સવાર કરી લીધો. બલુનની માફક સીધું તે ઊંચું ચહડયું, અને આ નવી જાતની સવારીમાં આપણને બહુ મજાહ લાગવા માંડી.

ગરૂડે થેનેટથી નીકલીને ડોવરનો રસતો લીધો. તયાં ફરતા કેટલાક સોલજરોએ અમારા તરફ બાર કીધા, પણ અમને તે ગોલીઓથી કશી ઇજા થઇ નહી. આંખ વીચીને ઊઘાડો એટલામાં બરીટીશ ચાનલની તોફાની ખાડી પસાર કીધી, અને કેલે વટાવી ફરાનસના મધય ભાગમાં જઇ લાગા. અંહી એક બીજું ગરૂડ અમારી સાથ જોડાયું. બંને ગરૂડો વાતો કરતા વધારે ઝડપથી ચાલવા લાગા, અને સેજવારમાં અમે જીબરાલટરના કીલાને મથાલે આવી પુગા. અંહી અંચીતું એક તોફાન થઇ આવયું; અને કંઇ બદ સીકલ જેવાં કાલાં પ્રાણીઓનું મોટું ટોલું અમારા ઉપર ધસારો કરતું આવયું. પણ તરતજ ગાયનનો મધુર અવાજ નીકલવા લાગો, અને તેની પાછલ પરીઓ જેવાં નાનાં અને ખુબસુરત પ્રાણીઓ આવી લાગાં. તેઓના આગેવાને એખલાએજ સઘલાં કાલાં જાનવરોને સપાટામાં પકડીને, તપકીરની દાબડી જેવી એક નાની દાબડીમાં પેક કીધાં, અને દાબડી હવામાં ફેંકી. પછી તે ખુબસુરત પરી-જાદો મારી આગલ આવી બોલયો કે, તે કાલાં પ્રાણીઓ સેતાનનાં ચેલાં હતાં, અને તેઓ પેલી દાબડીમાં દશ હજાર

ચીત્ર ૧૧ મું.



ગરૂડની પીઠપર દુનયાની સેહલ. (જુઓ સફે ૬૬)

વરેશ સુધી ઉડયાજ કરશે, અને તે મુદત પછી છુટા થશે. આટલું બોલી વજંત્રના અવાજ સાથ તેઓ ગુમ થયાં.

હવે મારાં ગરૂડોએ ઉતર અમેરીકાનો રસતો લીધો. દક્ષીણ અમેરીકાના એક ઊંચા પરવતપર આવીને તેઓ ઉતરયાં, અને પછી કોબીજ જેવાં કંઇ ફલો તેઓ બહુ આતુરતાથી ખાવા લાગાં. શું હશે તે જાણવા માટે મેં એક ફલ ચીરી જોયું, તો ચરબદાર બીફના કકડાને રોસટ કીધો હોય તેવો દેખાવ તેનાં માહેલાં ભાગનો હતો. ચાખી જોતાં સવાદમી તેવોજ! આવાં ફલ મુસાફર માટે બહુજ કામનાં. મેં બની શકયાં એટલાં ફલ તોડીને મારી સાથે લીધાં. વલી એવાંમાં કંઇ મોટા કુકકા જેવાં ફલપર નજર પડી. તેને ચીરી જોયું, તો ધરધરાટ વાઇન જેવો કંઇ રસ વેહવા માંડયો. ગરૂડો તો બહુ સવાદથી તે પીવા પડયાં. તે જોઇ મેંબી થોડોક રસ ચાખી જોયો. શું સરસ તેની લેહજત! જુનામાંજુના અને ઊંચામાઊંચા વાઇનને ટકર મારે! પણ ગરૂડોએ તો બાપ જનમમાં પેહેલીવાર દારૂ પીધેલો એટલે તેઓને કેફ ચહડવા માંડી, અને છાકટાં માણસો પેઠે ગબરડી રમવા માંડી, અંત તેઓ લોથપોથ થઇ ઊંધાવા પડયાં. કેટલાંક દારૂનાં ફલોબી કાપી લેઇને ગરૂડોની પીઠ પર લાધયાં. પછી તેમના ઉઠવાની રાહ જોતો બેઠો. અરધાક કલાકમાં તેઓ હુશયાર થઇ બેઠાં, અને એ અરસામાં તેમની ખુમારી ઉતરી ગઈ. હવે અમે પાછા ઉપડયા. ઉતર અમેરીકા તરફ રહીને અમે ધરૂવ તરફ ગયા, અને ઉતર ધરૂવના જે ભાગોમાં કોઇથી જવાય નહીં એવા ભાગો, એ ગરૂડની પીઠ પર પસાર કરી શકયા. થંડીતો જબરી સખત પડી; પણ પેલા દારૂ અને ગોશતનાં ફલોનો છુટથી ઉપયોગ કરીને મારા તથા ગરૂડોનાં આંગની ગરમી મેં જાલવી રાખી.

કેવી સખત થંડી અંહી પડેછે તેનો તમને ખયાલ છે? આસમાનપરનાં વાદલાં વટીક થંડીથી બંધાઇ જાયછે. અમે બહુ ઉંચા ઉડવાને લીધે એવાં ઘણાં વાદલાં અમને મલયાં. પણ તેમાંનું એકતો એવું અંચીતું અને એવાં જોર સાથ મારા ગરૂડોને આવી અડક્યું, કે તેઓ મુવેલાં જેવાં થઇ ભોંયે પડયાં. એ વખતની મારી હાલતનો વીચાર કરો! આ ઉજડ વેરાનમાંથી હવે મને બાહાર કોણ કાહડી શકે! મને બહુ ધાસતી તો લાગી. પણ સદાની હીમત અને ધીરજ આ વેલાબી કામ લાગી. એક ફલ ફોડીને થોડો દારૂ બેઉનાં ગલાંમાં રેડયો. એવામાં ઉછાલા મારતું એક જબરૂં સફેદ રીંછ મારી સામે આવી ઉભું! કંઇજ બચાવ હતો નહીં, તોપણ ઇશવરની મરજી મને બચાવાની, એટલે નહીં ધારેલી રીતે મારો છુટકારો થયો. ધાસતીને મારે મેં વગર વીચારે મારા હાથમાંથી પેલું દારૂનું ફલ બે હાથે બહુ દાબયું, જેથી પીચકારીની માફક દારૂ બાહાર ઉડયો, અને તેની ધાર આબાદ રીંછની બંને આખોમાં જઇ પડી. તરતજ તે આંધલું થઇ ગયું, અને બેભાન જેવી હાલતમાં એક બરફના ખડકપર દોડતાં પાણીમાં પડી ડુબી મુવું! કેવો કરામતી બચાવ! એવામાં વલી ગરૂડોબી હુશયાર થયાં, અને તેપર સવાર થઇ આપણુ આગલ વધયા. હવે ગરૂડોએ આડી વલાણ લઇને ઇંગલંડ તરફ પાછું ફરવા માંડયું. આબાદજ જયાંથી ઉપડયા હતા, તયાંજ તેઓએ લાવી મને ઉતારયો! ઘડીયાલ જોતાં જણાયું કે, માત્ર છત્રીશ કલાકમાં આ આખી હવાઇ સેહલ પુરી થઇ હતી!

પ્રકરણ બાવીશમું.

પોતાના હેવાલોની સચાઈ વીશે બેરન સાહેબ એક વાર ફરીથી આપણને ખાતરી આપેછે—મધય આફ્રીકાની નવાઈ જેવી મુસાફરીનું મંડાણ થાય છે—જમીન અને પાણી પર ચાલતી રથ—મુસાફરી કરવાની એક નવી રીત

સાહેબો, અતયાર સુધી તમે જે સાંભલયું, તેનો દરેક બોલ, બાઇબલમાંના પવીત્ર કલામો જેવા સચાઇથી પુરછે. જે કોઇ તે ઉપર સુખન લઇ જવાની હીમત કરે તેની સાથે ગમેતે હથયારથી લડીને, તેની ખાતરી કરી આપવાને તમારો સેવક તઇયાર છે? ગમેતે ખાતરી માંગો. પણ તપાસજો! જે શરત હારશે, તેને આ દારૂની આખી બાટલી ગલાસ સઉ સુધાં ગલી જવાની ફરજ પાડીશ, હં! આવો. છે કોઇ તઇયાર? કોઇ નહીં!

ચાલો તયારે, હવે મારી બીજી મુસાફરીઓનું વરણન સાંભલવા માંડો!

એક દહાડે મન થયું કે, મધય આફ્રીકાના તદન અજાણ્યા ભાગોમાં મુસાફરી કરવી. એક વખત વીચાર આવયો, એટલે પછી તે પાર પડતાં સુધી ઉંઘ ભુખ હરામ! ખાવાપીવા ગમે નહીં; સુતી વખતે આફ્રીકા, ચાહ પીતી વખતે આફ્રીકા, નાહતી વખતે આફ્રીકા અને આફ્રીકામાંજ મન લાગી રહ્યું. હીલારો ફરાસટીકોસ નામે એક બહુ લાગવગયા દરબારી સાથે દોસતી હતી, તેની મારફતે ઇંગલંડના રાજાની પરવાનગી મેલવીને સરકારને ખરચે આ મુસાફરી કરવાની ગોઠવણ મેં માંડી. હીલારોના નામથી તમે અજબ થશો, પણ તે મારા મીત્રનું ખરૂં નામ નથી.

ચોકસ સબબને લીધે, મેં તેનાં નામનો આસમાની ભાષામાં તરજુમો માત્ર તમને કહયો છે, અને ખરૂં નામ છુપાવયું છે. આસમાની ભાષા મને આવડે છે, તે જાણી અજબ થશો નહીં. મને એવી એવીતો નવસો અને નવાણું ભાષા આવડે છે. કેમ? વેહમમાં પડયા! તમે કેહશો કે આખી દુનયામાં એટલી બધી ભાષાઓ છે વટીક નહીં. હું તે કબુલ કરીશ; પણ હું તો આ તકલીફી દુનયા ઉપરાંત ચાંદ સેતારાઓની દુનયામાં વટીક જઈને તયાંનીબી ભાષાઓ શીખી આવયોછું ખરોની? જો એક ચોકસ રીત જાણો તો એટલી બધી ભાષા શીખવાનું મુશકેલ પડે નહીં. ફરસદે, કેલવણી વીશે મ‍ારે એક નીબંધ લખવો છે. તેમાં સંખયાબંધ ભાષાઓ એકી વારે શીખી જવાની એક એવી સેહલી રીત સુચવીશ, કે તે વાંચતાવાર તમારા પંડીતો અને પરોફેસરો આંગલાં કરડે!

મારા મીત્ર હીલારોએ મારી સુચના તરતજ પસંદ કીધી, અને વલી લેડી ફરેગરેનશીયા નામે ઉમરાવ બાનુના લાગવગનો ટેકો પણ મને અપાવવા કબુલયું. તે તરતજ આ બાનુ આગલ મને લઈ ગયો. લેડી ફરેગરેનશીયા વીશે મને પાછલથી જણાંયું કે, તે બાનુ મારા ઉપર મોહબતથી દેવાની બની હતી. અમે જઈ લાગા તે વખતે સાટીનનાં કપડાંપર તમારા સેવકની સબી તે ચીતારતી હતી. મને જોતાંજ તે બહુ હરખાઈ ગઈ, અને એકે બોલે મને ટેકો આપવા તઈયાર થઇ. મારા એ મીત્રોની ભલામણથી મારૂં કામ પાર પડયું. મારી સફર માટે ઘટતી સરવ તઈયારીઓ ચાલી રહી. મુસાફરી માટેની મારી રથ ઉપર ખાસ ધયાન આપવામાં આવ્યું. એ રથ પૃથવીના ગોલા જેવી લદન દડાના આકારની હતી. પણ તેની ખુબી એકે, કશા પણ ટેકા વીના તેને તદન અધર રાખવામાં આવી

ચીત્ર ૧૨ મું.



મુસાફરીની એક નવી ગાડી (જુઓ સફે ૭૦ તથા ૭૧)

હતી. તેને ત્રણ ત્રણની હારમાં નવ બલદ જોડયા હતા, અને સરવેને મોખરે એક જબરદસત અને મસતાનો ગોધો જોડયો હતો. એ આગેવાન ગોધાને જોનમાવ માસકી નામ આપવામાં આવયું હતું. બીજા દરેક બલદને એકસરખી રીતે જેક નામથી બોલાવવામાં આવતા હતા. એ બલદોને પાણીપર તરવાની સેહલાઇ બને માટે દરેકના પગને તલીએ નાલને બદલે ખાસ એ કામસર કાપેલાં માણસોનાં માથાંની ખોપરી જડી હતી. આથી જરા પણ પાણીમાં પગ ડુબવા વીના બલદો જમીન માફકજ પાણીની સપાટીપર ચાલી શકતા હતા.

ગાડીનો માંહેલો દેખાવ, બરાબર તો વરણવી શકાશેજ નહીં. ચાંદ સુરજ અને સેતારાના નાના નમુના તેમાં આબેહુબ ગોઠવીને ફરતા કીધા હતા. વલી પુછડયા તારા પણ અંદર ગોઠવેલા હતા, અને તમનેબી ગતી હતી. ગોયા નાનું સરખું આસમાનજ આ ગાડીમાં ગોઠવી દીધું હતું. ફરક માત્ર એટલો હતો કે, ખરા તારાઓની જે ફરહર એક હજાર વરશમાં થાય, તે અંહી તેટલીજ સેંકડમાં થતી હતી.

ગાડીનાં પઇડાંઓમાં દશ હજારથીબી વધારે કમાનો હતી, અને તેમાં સરસમાં સરસ ઘડયાલને ટકર મારે એવું સાંચાકામ હતું. ગાડીને મથાલે સુશોભીત વાવટા, અને પેલા મારા મરહુમ ઘોડાની પીઠમાં ઊગેલાં લારલનાં ઝાડની ડાલીઓ લટકાવી દીધાં હતાં. એવાં સરસ રથમાં વાજતે ગાજતે તમારા સેવક શુભ મુહરત જોઇ બાહાર પડયા.

પ્રકરણ તેવીશમું.

નીકલવું બેરન મુનચાસનનું આફ્રીકાની સહેલ ઉપર-તેવણની રથનું અજાયબ બલ—મોટી મનવારોનો આખો કાફલો એખલી એ રથ ઘસડી જાય છે—શાહાનશાહ સીકંદર ઉપર ચહડાવો.

મારો રથ બહુ ઝડફથી ચાલતી હોવાથી અંગ્રેજ સરકારે મને એક અગતનું કામ સોંપયું. તેમની કેટલીએક મનવારોનો એક કાફલો મેડીટરેનયન સમુદ્રમાં ઉતાવલે મોકલવાનો હતો, અને તેને મારી રથ પાછલ જોડીને ઘસડી લઇ જવાની તેઓએ મને વીનંતી કીધી. મેં એ કામ માથે લીધું. મોટમોટા હુકોથી એ મનવારોને મારાં સુખપાલ સાથ જોડીને મેં મારા બલદયાને જે છોડી દીધા, ત જોતાં જોતાંમાં મેડીટરેનયનને કીનારે જીબરાલટર ખાતે આવી ઉભા. અંહી પલી મનવારોને ઉતારીને પાછું આગલ હાંકવા માંડયું.

કેનડીઆના ટાપુ આગલ આવતાં, તરકીના સુલતાન તરફથી એક કાગજ મને મલયો. તેમાં સુલતાને વીનંતી કરી કે, રૂશયા સામેની લડાઇમાં મારે તેને મદદ કરવી, જેના બદલામાં આખો કેનડીઆનો ટાપુ તે મને આપશે. મેં વીચાર કીધો કે, કેનડીઆ જેવો ફલદરૂપ ટાપુ અંગરેજોને મેલવી અપાવવો ઠીક પડશે. પણ પછી વલી વીચાર આવયો કે, તેથી ઇસટ ઇંડયા કંપનીના વેપારને નુકસાન થશે. આથી સાફ મેં સુલતાનની માંગણી ના પાડી. પાછલથી મારાં તે ડાહપણ માટે પારલામેંટે મારો ખાસ ઉપકાર માનયો હતો.

કેનડીઆમાં જરા રતી વીસામો લેવા બાદ મેં ઇજીપટ તરફ વધવા માંડયું. મારા બલદો તો મોટી મોટી ઇમારતો અને મીનારાઓ ઉપરથી વટીક કુદી જવાને અચ-

કયા નહીં, એટલી તેમને ઉલટ ચહડી હતી. પણ તેમની એ હુલડાઇ ભારી પડી. અને પામપીનો મીનારો કલીયોપેટરાની સોયનો મીનારો બહુ ઊંચા હોવાથી મારી ગાડીના ચકર તેમાં ભેરવાયાં, અને તેનાં સાંચાકામને બહુ જોખમ પુગો; પણ મારા બલદો તો આંખ વીંચીને આગલ વધયા, તે કેમેકરીને અટકેજ નહીં. આપણે તો સવેજની સંયોગીભુમી, રાતો સમુદ્ર સઉ વટાવીને કેપ આફ ગુડહોપ તરફ ચાલયા. તમો જોશો કે, માહતમા સીકંદરથી પણ સેવક આગલ વધયા. સીકંદરે દુનયા છડીતી, પણ કેપ આફ ગુડહોપ સુધી જવાની તેની હીમત ચાલી નહીં. તેનાં નસીબ સારાં કે તેણે એવી હુલરાઇ કરી નહીં, બાકી અરધા રસતામાં તેનાં કંગાલ વાહાણો ડુબી ગયાં હોત. પણ તમારા સેવક વધારે ભાગયશાલી નીવડયા. મારી તો ગાડી એ કામને બરનીજ હતી, એટલે ધસારા બંધ હું તો દરયો વટાવીને ટેબલ પરવત આગલ આવી ઉતરયો. મારી ગાડી લગાર જોરમાંજ આવીને એ ટેબલ પરવતના મથાંલાં સાથે અથડી અને તેથી મથાલેનો કેટલોક ભાગ તેના આચકાથી ઉડી ગયો; અને પરવતની ટોંચ ટેબલ જેવી સપાટ થઇ ગઇ. એ વખતથી લોકો તેને ટેબલ પર્વતનાં નામથી ઓલખે છે. લોકો સમજે છે કે, એ પર્વતની ટોંચ અસલથીજ સપાટ છે, પણ તે ભુલ છે, તે હવે તમે જુઓછો

પર્વતની ટોંચ પડી ગઇ તેંવેલા, તેની વચમાં વસતા તેના રખેવાલ ભુતનું માથું ખુલું થઇ ગયું. અંધારામાં જનમ કાહડેલો અને અંચીતી રોશની જોવાથી તે તદન અંજાઇ ગયો, અને તેવામાં વલી મારી રથનો ખખડાટ સાંભલી તે પુરોજ બીધો. કંઇ આફત આવેલી સમજીને, તેણે એક ડરામણી ચીસ મેલી, અને પર્વતના પેટાંમાં દશ હજાર વામ નીચો ભરાઇ ગયો!

પ્રકરણ ચોવીશમું.

રથ ભાગી પડવાથી બેરનનું ઇંગલંડ ખાતે પાછા ફરવું—મારગમાં એક બરફનો ખડક મલવાથી તેને સાથે પાગર બાંધી ઘસડતા ચાલવું—એ ખડક ઉપર ઉગાડેલાં પાંઉ તથા પુડીંગના ઝાડો—ઇંગલંડમાં મોટા પાયાપર નવી રથ તઇયાર કરી આફ્રીકાની સફરે પાછા નીકલવું.

ટેબલ પર્વત સાથ અથડવા પછી તો મારી રથ પુરે પુરીજ આવી રહી. અંહી કોઇ તેને સમારનાર મલે નહીં, અને ઇંગલંડ તો પાછી લઇ જવાય નહીં, એટલે તેને કેપ-આફ ગુડહોપના ગવનરના હવાલામાં આપી હું પાછો ઇંગલંડ જવા નીકલયો!

ગીનીના કોસટા સુધી તો અમારૂં વાહણ પાધરે પાધરૂં ચાલયું, પણ પછી બરફનો એક તરત ટાપુ અમારી સામે આવી ઉભો. આવા ગરમ મુલકમાં બરફનો ખડક જોઇ અમે ખચીત અજબ થયા. તે અમારાં વાહાણ સાથ અથડી પડે નહીં, તેવી રીતે અમે સંભાલીને વાહાણ હંકારયું; પણ ફોકટ! અંચીતો રાતને વખતે એક તોફાની પવન નીકલી આવયો, અને તેને જોરે અમારૂં વાહણ ઘસડાઇને પેલાજ બરફના ટાપુ સાથ અઠડી પડયું. અમારા કેટલાક સાથીઓ કચડાઇ મુવા, પણ મારી સલાહથી અમે કેટલાકો પેલા ખડકપર ચહડીને બચયા. સહવારના ઉઠી જોતાં જણાયું કે વાહાણ અનામત બરફમાં ગરક ગયલું. અમે ખડકની ટોચ પરથી વાંકા વલીને તેને અંદર બેહેલું કાચમાંથી દેખાય તેવી રાતે આરપાર જોઇ શકતા હતા!

ચીત્ર ૧૩ મું.



હોડીથી ઘસડાતો બરફનો ડુંગર. (જુઓ સફે ૭૫)

પણ હવે આ બરફના ટાપુ પરથી નીકલવું કેમ? સઉ વીચારમાં પડયા, પણ મેંજ અંતે એક યુકતી શોધી કાહડી. અમે બધા હાથો હાથ લાગી ગયા, અને બરફ ખોદીને પેલાં વાહાણ પરની કેટલીક હોડીઓ અને દોરડાં બાહાર કાહાડયાં. દોરડાં વતે બરફના ખડક સાથ હોડીઓ બાંધી અને હોડીઓમાં બેશીને અમે ખડકને ઘસડવા માંડયો. વાહાણનો ભાગતુટ થયલો સામન અમે ખડકને મથાલે મેલયો, અને સુરજનાં તડકાંને લીધે મથાલેથી બરફ પીગલીને પાણી થવા માંડયું તેમાં ભાણાઇને સામન કોહવા માંડયો. સેજ વખતમાં પાણી અને સામાનના ભેલથી ઘણું સરસ ખાતર તઇયાર થયું. મેં જોયું કે એ ખાતર નકામું જવા દેવું નહીં. મારા ગજવામાં પાંઉના અને પુડીંગનાં ઝાડોનાં તથા બીજી તરકારીનાં થોડાંબી પડેલાં હતાં, તે મેં આ ખાતરમાં નાખયાં. સેજ વખતમાં પાંઉ પુડીંગ તથા તરેહવાર તરકારીનાં ઝાડો બરફપર ઉંગી નીકલયાં! પુડીંગનાં ઝાડને બરફની જમીન અને ખાતર એટલું તો માફક આયું, કે ઘણાજ સરસ પુડીંગનાં ફલો અમને દરરોજ મલવા લાગાં. હાથે બનાવેલાં પુડીંગ કરતાં બધી વાતે સરસ અને વલી ગરમ ગરમ પુડીંગ એ ફલોમાંથી નીકલતું હતું.

અંતે અમે ઇંગલંડ આવી પુગા. મારી રથને બનેલી હોનારત વીશે મેં પ્રધાનોને વાકેફ કીધા, અને તે પછી તેઓ એ ઉતાવલે મને નવી સામગ્રી રચવાની રજા આપી. નવી ગાડી હવે મેં એક મોટાં કદની બોટના આકારની બનાવી. તેની ઉપર વેસટ મીનસટર હાલને બરાબર મલતી એક લાકડાની મોટી ઇમારત ગોડવી. વલી તેનું સમતોલ પણ જાલવવા માટે બે મોટાં બલુનો ઉપર ટાગયાં. આ વેલા બલદો જોદવાનું માંડી વાલયું, પણ સર્પાંક્ષ નામનું રાક્ષી કદનું એક જાનવર જોતરયું. આ-

જાનવરમાં એવી ખુબી હતી, કે જમીન પાણી અને હવા એ ત્રણપર તે ચાલી શકતું. ચીનના શાહનશાહે તે ભેટ મોકલેલું હતું, અને મુદત થઈ સંગ્રહસથાનમાં નકામું પડી રહેલું તેને મેં આ વેલા કામે લગાડી દીધું.


આ વેલા સાથે રસાલો પણ મોટો લીધો. ઉમરાવ હીલારો ફરાસટીકોસ લેડી ફરેગરેનશીયા અને બીજા ઘણા અમાર ઉમરાવો મારી સાથે બેઠાં. સફીંક્ષની પીઠ ઉપર વાઈ કાઉનટ ગોસામર નામે ઉમરાવને બેસાડયો હતો, જે તેને કાબુમાં રાખીને ચલાવતો હતો. વલી ગોગ અને મેગાગ નામે બે સુરા પેહલવાનો પણ અમારા રસાલામાં ઉમેરાયા હતા.

પ્રકરણ પચીશમું.

નીકલવું સુરા બેરનનું આફ્રીકાની બીજી સફર ઉપર—સફીંક્ષ રાક્ષસના ગોસાનો એક નમુનો—કેપ ખાતે આવીને જુની રથ સમારવા બાદ એક દબદબા ભરેલાં સરઘસ સાથ બેરનનું આફ્રીકામાં આગલ વધવું—સીંહોનો શેકાર કરવાની નવી રીત—એક તડાકે હજારોનો ઘાણ-સોના અને મોતીથી ભરેલું જંગલ.

દોજખના અંતશમાંથી બનાવેલાં કાંટા શુરા કાઉટગો સમરે પોતાના પગમાં પેહરયા હતા, તોપણ તોફાની સફીંક્ષપર તે કાબુ રાખી શકયો નહીં. અમારી સવારી બીસકેના અખાતમાં આવી તે વખતે ફરાંસના કીનારા ઉપર આખી ફરેંચ પ્રજા અમને નીહાલવા માટે આવી ઉભી હતી. રાજ

ચીત્ર ૧૪ મું.



છેડાઈ પડેલો રાક્ષસ. (જુઓ સફે ૭૭)

સભાના અધીકારીઓ વટીક અમને માન આપવા માટે હાજર થયા હતા. તેમને જોઇને કાઉનતને મન થયું કે, સફીંક્ષ પાસે કંઇ ખેલો પાણીમાં કરાવીને મને છક કરી નાખવા. પણ તે બાપડાને તે લોભ બહુ ભારી પડી ગયો. જેવો તેણે પોતાનો આતશીયા કાંટો સફીંક્ષને ભોકયો, કે તરત તેણે એક ઉછાલો એવોતો મારયો કે કાંઉનટ તેની પીઠ પરથી અધ્ધર ઉડીને માઇલેક દુર જઇ પડયો. પણ એટલી સજા તેને કરીને સફીંક્ષ અટકયું નહી. જે જગાએ તે પડયો હતો તયાં ઝડપથી દોડી જઇને આશરે બશો મણ પાણીનો એક ગોટ તેણે ગલીયો. એ ગોટમાં કાઉનટ પણ આવી ગયો. પછી તેણે મોહડું ફુગાવીને એક પીચકારી જે મારી, તે પાણીનો એક જબરો ધોધ બહાર નીકલવા જોડે કાઉનટ એક બાણની માફક ઉડીને, સામે પાર ટેનીરીફ પરવતની ટોચ પર જઇ પડયો.

સવારની ગેરહાજરીમાં સફીંક્ષ આડું તીડું જવા લાગું, જેથી ગાડીમાંથી મેં તેની પીઠ ઉપર કુદકો મારયો, અને પકેલવાનો ગોગ અને મેગાગ તેનાં મોહડાં આગલની લગામ બે બાજુથી ઝાલીને તેને ચલાવા લાગા.

એવી રીતે અમે કેપ ખાતે આવી લાગા. અહી આવતાંજ, યુરોપથી કેટલાક કારીગરો હું સાથે લાવયો હતો, તેને મારી ભાગેલી રથ ઉપર લગાડી દીધા. તેઓએ સેજ વખતમાં તે તઇયાર કરી અને પછી તેને તથા તેના બલદોને નવી ગાડીમાં જોડી દીધા. એ આખા સરઘસની રચના કેવી કાચી તે જુઓ. સઉને મોખરે સફીંક્ષ ને ગોગ અને મેગાગ લગામ ધરી ચલાવતા હતા; તેની પાછલ વખણાયલો ગોધો જોન મામોસકી અને તેના નવ ભાઇબંધોની પીઠપર વાંદરા જેવી મોટી કસારીઓને સવાર તરીકે બેસાડી હતી; ગોધા પાછલ મારી ગોલ રથ; તેની પાછલ પેલી લાકડાની

ઇમારત લઇ ચાલતી હોડી; તેનાં મથાળાં ઉપર બે બલુનો, અને જોઇ લયો હમારૂં સરઘસ! વલી કેટલાક વાજાંવાલાને પણ મેં બલુનની નીચેની ગાડીના ટાપ બર બેસાડયા, જેઓનાં વજંત્રો અને કસારીનું ગાયન સાથે મલવાથી વલી ઓરજ તરેહની મધુરતા પસરી રહી.

એવી ધામધુમ સાથે અમે આફરીકાના માહેલા ભાગ તરફ જવા માંડયું. કેટલાક મંજલ કાપવા પછી અમે એક ઉજડ રણમાં રાતને વખતે છાવની નાંખી પડયા. પણ થોડા વારમાં ડરામણા અવાજો સંભલાવા લાગયા, અને મારે બાજુથી હજારો સીંહો અમારી તરફ ધસારો લઇ આવતા દુરથી જણાવા લાગા. મેં મારા માણસોને લગાડી દઇને અમારી છાવણીની આસપાસ ડામરના ઢગલાં ગોલાકારમાં ગોઠવાવી દીધા. એ કુંડાલાની અંદર બીજું કુંડાલું બંદુકના દારૂનું કીધું. સીંહો ઉછાલા મારતા આવા લાગા, અને ડામર જોઇને જરાવાર ચમકી ઉભા. પણ પછી તેઓ એ ડામરમાં પોતાના પંજા તથા મોહડું ખરડી જોયાં. તેમાં કંઇ નુકસાન જેવું નહીં દીશવાથી તેઓએ આગલ વધવાની તઇયારી કરવા માંડી, પણ તેજ પલે મેં બંદુકનો દારૂ સલગાવી મેલયો. એક ધડાકા સાથે બને કુંડાલાંએ આગ પકડી અને સીંહોનાં ડામરથી ખરડેલાં મોહડાં અને પંજા સલગી ઉઠયા. સલગેલા શરીર સાથ તેઓ હેબતાઇને નાસવા પડયા, અને અમે તેમની પુઠે લાગીને એકે એકને ઠાર કીધા. ઘણાં ખરાતો દાઝીનેજ મુવા અને બચયા તેમને અમારાં હથયારે પુરા કીધા. એક સપાતે આખું જંગલ સીંહોથી ખાલી કરીને અમે નીરાંતે ઉંઘાયા.

બીજી સહવારે અમે આગલ કુચ કરવા માંડી. ચાલતાં ચાલતાં એક રેતીના રણમાં આવી ચહડયા. આ જંગલમાં જયાં નજર કરો તયાં રેતીજ. રેતી. હવામાં રેતી, જ-

મીનપર રેતી, અને ઝાડપાનોમાં પાતરેપાતરે રેતી; પણ વલી તેભી કેવી? ભારોભાર સોનાની રજ અને જીણાં મોતીથી ભરેલી!

અમે કંઇ જલદી પાછા યુરોપ ફરવાના નહીં, એટલે એ સોનાં કે મોતી સાથે લેવાની પરવાહ કીધી નહીં.

ધુલના તોફાન અને વંટોલયા વીશે તમે સાંભલયું હશે પણ તેનો અનુભવ કદી મલયો ન હોય. દરયાનું તોફાન પરવડે, પણ જમીનપરના એ રેતીના તોફાન કદી પાલવે નહીં. રેતીનાં રણમાં કેટલાક દીવશો સુધી અમે રઝલયા હતા. એક દીને એ તોફાન અને વંટોલયાને દુરથી ચહડી આવતાં અમે દીઠાં. તરતજ ધુલનો એક મોટો કોટ ઉભો કરીને તેમાં અમે માણસો જાનવરો સઉ ભરાઇ બેઠાં. ત્રણ દીવશ સુધી તોફાન ચાલયું, અને અન પાણી, કે હવા વગર અમે પેલા કોટમાં બેરી રહયા. તોફાન સમી જતાં બાહાર નીકલી જોઇએ છીએ, તો મોટી મોટી રેતીની ટેકડીઓ ગુમ થઇ ગયલી અને બધેબધ સપાટ મેદાન! એવાં એવાં તોફાનો આખું રણ વટાવયું તયાં સુધી નડયાં કીધાં, અને આગલીજ હીકમતથી અમે તેમાંથી બચયા. નવ હજાર માઇલ ભોંય કાપતાંબી ઉજડનેઉજડ વેરાન જોવાથી અમે કંટાલી ગયા; પણ અંતે બગીચા જેવાં ફલદરૂપ અને શેકારને લાયકનાં હરણ વગેરે જાનવરોથી ભરેલાં મેદાનોમાં અમે આવી લાગા. એવી રલયામણી એ જગા હતી, કે અમારી રાંધી મુસીબતનો બદલો તે જોતાંવાર વલી રહયો.

પ્રકરણ છવીશમું.

મધ્ય આફ્રીકાના રાજા સાથે બેરનનું મુલાકાત ચંદ્ર-રવાસીઓ અને મધ્ય આફ્રીકાના રહેવાશીઓ વચ્ચે-બેરણે શોધી કાહડેલી સગાઈ—બેરન સાહેબ મધ્ય આફ્રીકાના રાજા ઠરે છે—જંગલીઓને એક તડાકે સુધારી નાખવાને તેવણ કોશેશ કરે છે-પણ ભોગ તે કમબખ્તોના, કે તેઓ પોતાના તારનારની કદર પીછાણતા નથી.

આ રસાલ મુલક મધ્ય આફ્રીકાનો વસાયલો ભાગછે. તેમાં દાખલ થતાંવાર અમે કેટલાક જંગલીઓને ઉજાણી કરતા દીઠા; પણ તે ઉજાણી કેવી? જીવતાં જાનવરોનું કાચું માંશ અને એક જાતનો કાવા નામનો બદસવાદ દારૂ! જીવતા ગેંડા, જંગલી ગોધા વગેરે જાનવરોને ઉભાં રાખીને તેમની આસપાસ બાંકો ગોઠવીને બધા બેશી ગયલા, અને લાંબી લાંબી છરીથી ગમે તે ભાગનું માંશ તરત તરત કાપીને તેઓ ખાવા મંડી ગયલા. જાનવરોનાં શરીર તેમને ટેબલને ઠેકાણે કામ લાગતાં હતાં. આ હેવાનયત ભરી જયાફતમાં તેઓ બહુ મજાહ લેતા જણાતા હતા. આ લોકો વચ્ચે અમે કેટલાક દીવશ ઉતારો લીધો. અમારી નવાઈ જેવી ગાડીઓ, તે ઘસડનાર સફીંક્ષ તથા અમારો સઘલો દેખાવ તેમને બહુજ નવાઈ આપનાર થઈ પડયો. ગામેગામથી લોકો અમને જોવા આવવા લાગા. અમારે મનસે તેઓ નવાઈ જેવા, અને તેમને મનથી અમે નવાઈના. અંતે અમારી એ વાત મધ્ય આફ્રીકાના શાહાનશાહને પુગવાથી, તે છડી સવારી સહીત અમને આવકાર દેવા આવયો, અને

ચીત્ર ૧૫ મું.



જીવતાં જાનવરપર ઉજાણી. (જુઓ સફે ૮૦)

બહુ આદર સતકાર સાથ રાજધાની શેહેરમાં લઇ જઇને અમને ઉતારો આપયો.

શાહાનશાહે મારા ઉપર બહુ મેહેરબાની દેખાડવા માંડી, અને તેની રઇયત પણ અમારી સાથ મમતાથી વરતવા લાગી. તે ઉપકારના બદલામાં યુરોપની વીદયા હુનર તેઓમાં દાખલ કરવાની મેં કબુલાત આપી.

મેં એક દહાડે ફરતાં ફરતાં નાઇજર નદી ઉપર લખેલો સીથયાન ભાષાનો લેખ વાંચયો અને તે ઉપરથી મારી ખાતરી થઇ કે, આ મધય આફ્રીકાના લોકો અસલી સીથયન લોકોની તેમજ ચંદરમાના રેહેવાશીઓની ઓલાદથી ઉતરેલા હતા. કેટલાક વીદવાનો કહેછે કે અસલી સીથયનો એશયામાં રહેતા હતા; પણ તે ભુલ છે. તેઓ મધય આફ્રીકામાં રહેતા હતા અને તેઓ આ હાલના રેહવાશીઓના વડવાછે. હવે એ સીથયનોના વડવા ચંદરમાંની દુનયામાં અસલ રેહતા હતા. ત્રણેની ભાષાઓ તથા મુલાક્ષરો વગેરેની તપાસ કરવા પછી મેં આ શોધ કરી હતી. રાજાને એ શોધ જણાવતાં તે બહુ ખુશ થઇ ગયો, અને મને દેવતાઇ અવતાર જેવું માન આપવા લાગો. મારી સલાહવીના તે કંઇબી અગતનું કામ કરતો નહીં. મારી સલાહથી તેણે રાજમાં ઘણા યુરોપયન ઢપના સુધારા કરી નાખયા. ઇંગલંડ માફક તેણેબી પોતાના રાજમાં પારલામેંટ બનાવી, અને મારાથી બનયું તેવી રીતે મેં આ જંગલી લોકોની સ્થીતી સુધારી. એવામાં રાજા મરણ પામયો, અને તેને કંઇ સંતાન ન હોવાથી મનેજ પોતાનો વારસ ઠરાવતો ગયો. આખી પ્રજાએ પણ એક અવાજે મનેજ પોતાનો રાજ કરતા કબુલયો. મેં આ માન કબુલ કીધુ, પણ અંગરેજ સરકારના આડતયા દાખલ આફ્રીકામાં હું ફરતો હોવાથી આ રાજની લગામ મેં સવતંત્ર રાજ કરતા તરીકે નહીં, પણ ઇંગલંડની માનવંત સરકારના વાઇસરાય તરીકે લીધી.

હવે મેં ઠરાવ કીધો કે, આ જંગલીઓને એકદમ સુધારવા. તેઓની જીવતાં જાનવરો ખાવાની હેવાનયત ભરી રસમ સામે મને પેહલેથીજ ધીકાર હતો માટે તે રસમ દુર કરવાની કોશેશ મેં ચલાવી. હજારો લોકોને જાહેર જયાફતો સરકારી ખરચે આપીને તેમાં રોસટ હુલવાંનો અને એવીજ બીજી સવાદીષ્ટ વાનીઓ તેમને ચખાડી અને તેજ વેલા તેમને તેમનો જંગલી ખોરાક છોડીદેવા સમજાવયા પણ ફોકટ, આથી આકલા ઉપાયો લઇ જોયા. મોતની સજાની ધાસતી આપી, એ રેવાજ સામે જાહેરનામાં કાહાડયાં; પણ તેબી ફોકટ. કમબખત અભાગો! તેઓનાં ભલાં ખાતર હું મેહનત કરતો, તેનો અરથ તેઓ ઉલટોજ કાહાડવા લાગા. મારી ખાનગી મતલબ ખાતર મેં આ હુકમ કરેલો સમજી તેઓ મારી ઉપર તથા આખી મારી પારલામેનટપર ખફા થયા. ખુલી રીતે તેઓએ અમારી હેકડી કરવા માંડી. જાહેરમાં ભવાઇઓ કરીને, રમુજી ચીત્રા તથા લખાણો દેવાલ પર ચોંટાડીને અને દરેક રીતે તેઓ સરકારની મશકરી કરવા લાગા. તેમની મારા તરફની પ્રીતી ધીકારમાં બદલાઇ ગઇ, અને જે વખત જાય તેમાં બલવો ફાટી નીકલવાનો ભય ઉભો થયો.

પણ એવામાં મારા વીદવાન સલાહકાર હીલારોએ એક કીમતી સલાહ આપી. તેણે ભલામણ કીધી કે, યુરોપથી "હુમબગ" મંગાવીને એ લોકને એવી રીતે ખવાડવું કે જેથી તેઓ દરેક ચીજ છોડી હુમબગપરજ મરી ફીટે. આ સલાહ માનય કરીને મેં તરત મારા ત્રણ વીશવાસુ ખવાસોને બલુનમાં યુરોપ દોડાવયા, કે બનતી ઉતાવલે યુરોપથી મોટા જથામાં સારૂ ફરમાસુ હંમબગ વાહાણો ભરીને લઇ આવવું.

હમબગ આવે તેટલાં તો લોક ઉસકેરણી વધતીજ આવી. તેમને થંડા પાડવાના વીચારથી એક જાહેર સભા બોલાવીને મેં તેઓને સમજાવવા માંડયા. બોલતાં બોલતાં

હું બહુ ઉસકેરાઇ ગયો. મેં ઘણીજ નરમાશ વાપરી, લો-કોને કાકલુદી કરીને કહયું કે, તેમનાં ભલાં ખાતરજ મેં આ હુકમ કાહડયો હતો; અને મારી આંખમાં આંસુ વટીક આવી ગયાં; પણ ઉસકેરાયલાં લોકો ઉપર કશી અશર થઈ નહીં. તેઓ મારી હસી અને ઠેકડીજ કરતા રહયા. આ-બનાવથી મારૂં દીલ વધારે જખમી થયું, અને આંસુની ધારા વેહેવા લાગી.

પણ તેજ પલે હીલારો મારી તરફ ડોલા ધુરકી બબડ-યો "છટ".

આ સાદા બોલથી મારી ઉપર જાદુ જેવી અસર થઇ! હીલારોની સમજ ઉપર મને પુર ભરૂશો હતો, અને તે એક નજીવો બોલ બોલયો તેમાં પણ ઉંડો ભેદ હશે એમ સમજી હું શાંત થઇ ગયો.

"ત્રણ વાહાણો યુરોપથી હમબગ લઇ બારાંમાં આવી ઉભાંછે; ચાલો આપણ તેને ઉતારીને સરકારી કોઠારમાં ભરા-વયે," ગંભીર ચેહેરે હીલારો બોલયો.

મારા પેટમાં હવે જીવ આવયો. હરખ સાથ હું હમ-બગને કીનારે ઉતારવા દોડયો.

પ્રકરણ સતાવીશમું.

હમબગપર પડેલી તુટાતુટ—હમબગના પ્રતાપ—હમબગથી શુંશું કરી શકે છે તે જાણવું હોય તો વાંચો આ પ્રકરણ.

સરકારી કોઠારપર બહુ ધમાલ પડી રેહી, કાંકે હમબગને કીનારે ઉતારતાંવાર એ કોઠારોમા ભરી દીધું. વાહાણો ભરીને સરકારી કોઠારમાં શું માલ આવયો, તે જાણવાને લોકો બહુ આતુર થઈ રહયાં, પણ બહુજ છુપી રીતે એ માલ ભરવાનું

કામ ચાલયું. વલી લોકોની જીજ્ઞાસા ઉસકેરવા માટે મેં નીચલું જાહેરનામું બાહાર પાડયું:—

નેક નામદાર માહા પ્રતપવંત વાઇસરાય સાહેબ

બેરન મુનચાશન


સરવે લોકોને અતરેથી ખબર આપેછે કે, હમબગ નામે ખોરાક યુરોપથી મંગાવીને સરકારી કોઠારોમાં ભરવામાં આવયો છે. યુરોપયન ખોરાક દેશીઓને પસંદ નહી હોવાથી, તે કોઇબી દેશીને વેચાતો, અથવા બક્ષેસ દાખલ જરા પણ આપવામાં આવે નહી. જે આ હુકમ તોડશે, તેને મોતની સજા થશે.

(સહી) મુનચાસન.

ધરતીગેપનો કીલ્લો, તારીખ સાહડી ગપતાલીશમી, માહે મસાણ, ચંદરવારસી સને ૯૭૯૯૯૯૧૫૪૭.

આ જાહેરનામાંથી હમબગ જોવા અને જાણવાની આતુરતા લોકોમાં બહુજ વધી ગઇ. મનેબી તેવુંજ જોઇતું હતું. માણુસ જાતનો ધારો છે કે, હોવાઇ નવાઇથી મલેલી એક ચીજ ધુલ જેવીબી હોય, તોપણ તેની કીમત મોટી ગણવી. આથી તેમને બહુજ તરસાવી તરસાવીને પછીજ હમબગ આપવાનો મેં ઠરાવ કીધો. જેમ મેં વધારે મના કીધી, તેમ લોકોની ઇછા વધતી ગઇ. બધાંના મોહડાંમાં હમબગજ હમબગ થઇ રહયું, સુતાં, બેશતાં, ઊઠતાં, ખાતાં પીતાં, દર વખતે તેઓ હમબગ વીશેજ વાતો કરવા લાગાં. અંતે કેટલાકોએ તો એક ઠેકાણે હુલડ કરીને એક વખાર ભાંજી; અને બધાઓ લુટાલુટ કરીને હમબગ ખાવા પડયા. હવે વખત આવેલો જોઇને, બધી પ્રજામાં બાકીનું હમબગ મેં વેહેચાવયું અને વલી નવેસરથી યુરોપ ખાતેથી બીજું મંગાવીને તેમને વેંહચી આપયું. લોકો બહુજ

ચીત્ર ૧૬ મું.



આફરીકા અને ઈંગલંડ વચે ઝુલતો પુલ. (જુઓ સફે ૮૫)

હરખમાં આવી ગયા. હમબગ જેવી નવાઈની ચીજ મલવાથી, કાચાં માંશને છોડી દેવા તેઓ તઈઆર થયા એટલુંજ નહીં, પણ મને તેઓ હવે ચાહવા અને વખાણવા લાગા; મારી સીફતમાં ગાયણો જોડાવા લાગાં; અને હમબગની ઊજાણી વેલા મારી સલામતીઓ લેવાતી થઈ.

પ્રકરણ અઠાવીશમું.

સુવેઝની નેહર બાંધનાર મોંસચ લેસેપસ ઉપર આપણા બેરનનો ચહડાવો—મધ્ય આફ્રીકાથી ઈંગલંડ સુધી પણ એવો જુલતો પુલ—એ પુલ ઉપરથી દીશતો દુનયાનો દેખાવ—પુલોને ટકાઉ બનાવવાની નવી રીત શીખવી હોય તો નીચે નજર કરો.

લોકો એવા ઉલટમાં હતા તેટલાં તેમને કંઈ મોટાં કામપર રોકી દેવાને *હીલારોએ મને સલાહ આપી. દુનયાએ પોતાની હજારો વરસની ઉમરમાં કદી દીઠેલું નહીં, એવાં જબરાં કામપર મેં આ ઉસકેરાયલા લોકોને વલગાડી દીધાં. તે શું કામ હતું ધારોછો! યુરોપ અને આફ્રીકા વચે એક ગંજાવર પુલ! તબી વલી ઝુલતો! તેનો એક છેડો મધ્ય આફ્રીકામાં અને બીજો ઈંગલંડમાં હતો. પણ હમબગ ખાઈને તથા સાથે સાથે પેલો કાવાનો દારૂ પીને એવીતો શુરપર મારી પ્રજા ચહડી, કે જોતાં જોતાંમાં એ કામ તેઓએ હાર પાડી નાખયું. વરસાદની કમાનના આકારનો એ પુલ હતો. વચમાંથી તે ભુમધ્ય સમુદ્ર ઉપર કશાબી ટેકા વીના અધર લટકતો હતો. તેની ઉંચાઈ એટલી તો મોટી હતી, કે ચાંદ સેતારાઓ વગેરે તેને પોતા તરફ ખેંચવા લાગા. એક તરફથી ધરતીનું અને બીજી તરફથી સેતા-

રાઓનું આકરશણ તેની તરફ થવા લાગું. ઘડીક ભોંય પડે તેમ, અને ઘડીકમાં ચાંદ તરફ ખેંચાઇ જાય, એમ જણાવા લાગું. આથી તેનું સમતોલપણું જાલવવાને મેં એક હીકમત કીધી. સેંકડો મુરખાઓ અને વલી તેટલાજ લફંગા પોસાગીરોનાં માથાં મંગાર્વાને તે આ પુલના તલયાનાં બાંધકામમાં જડી લીધાં. આ જાતનાં પ્રાણીઓને ધરતી માતા તરફ અજબ ખેંચાણ હોય છે, માટે જેઓને જરૂર પડે તેઓએ બેલાશક તેમનાં માથાં અજમાવી જોવાં.

અંતે પુલ ઠર પડયો, અને પછી મોટા સોનેરી અક્ષરે મેં નીચલો લેખ તે ઉપર કોતરાવયો:—

જયાંસુધી આ પુલ સલામત રેહેશે ત્યાંસુધી મધય આફ્રીકાના લોક સુખી રેહેશે, અને ચંદર પોતાની જગા છોડા નીચે ઉતરે નહી તયાં સુધી પુલને જોખમ પુગનાર નથી.

એ અક્ષરો એવાતો મોટા અને એવા ચલકતા હતા, કે ભુમધય સમુદ્રમાં ફરતાં દરેક વાહાણોપરથી તે વંચાઇ શકાતા. એટલુંજ નહી. સેવક જેવા સારી નજરવાલા માણસોતો, ઇંગલંડમા બેઠા બેઠા એકાદ ઉંચી જગાપરથી તે વાંચી શકતા. આ પુલને લીધે મધય આફ્રીકા જેવા એકવારના અજાણ્યા મુલક સાથ યુરોપયનોએ હવે બોહલો વેહવાર ચાલુ કીધો. ટપાલની ગાડીઓ નીરાંતે મારા મોટા પુલ ઉપર ફરવા લાગી, અને તેમની મારફતે યુરોપના લોકો આફ્રીકા અને આફ્રીકાના લોકો યુરોપ આવજાવ કરવા લાગા. પણ એવામાં ઇંગલંડમાં મારી સામે કંઇ રાજદવારી કાવત્રું ઉભું થવાથી, હું આફ્રીકાના વાઇસરાયનો ઓધો છોડી ઇંગલંડ જવા નીકલયો. મારી પ્રજા હવે મને બહુ ચાહવા શીખી હતી, તે છુટા પડતાં બહુ દલગીર થઇ, અને દુનયાની શરૂઆતથી તે અતયાર સુધી કોઇ રાજકરતાએ કઇ નહીં મેલવેલાં એવા માન અને વખાણથી તેઓએ

મને નવાજયો. આગલ માફકનાજ રસાલા સહીત હું આફ્રીકાથી મારા નવા પુલને રસતે નીકલયો. પુલને બરાબર વચલે અને સરવથી ઉંચે ભાગે આવવા પછી જરા સવારી થોભાવીને આસપાસનો દુનયાનો દેખાવ જોવા માંડયો, તો શી રચના નજરે પડી! એક તરફ યુરોપ, બીજી તરફ આફ્રીકા, ત્રીજી તરફ એશયાના મોટા મોટા મુલકોના નકશા પાડયા હોય તેમ મારી સામે વીખરાઇ પડેલા દીશયા. એ મજાહમાં લીન થઇ ઘડી બે ઘડી કુદરતની શોભા નીહાલતો ઉભો છું, એવામાં કોઇ હથયારબંધ ઘોડેસવાર અમારા તરફ ધસી આવતો મેં દીઠો. દુરબીન ચહડાવી જોઉં છું તો પેલો કડક પેહલવાન ડોન કવીક્ષોટ જણાયો! મેં જોયું કે, હવે લગાર ગમત પડશે ખરી.

પ્રકરણ ઓગણત્રીશમું.

ડોન કવીક્ષોટ અને બેરનના રસાલા વચે ઉઠેલું જંગ—ડોનકવીક્ષોટને મલેલી કરામતી મદદ—સખત ઝપાઝપી પછી અંતે હુમબગની મદદથી થયલી સમાધાની.

"જાદુગર દેખાવના, રાક્ષસી દોરના, ડાકણો, કસારીઓ અને ગેંધાઓના અએ રખેવાલ, તું કોણ છે?" પેલા શુરા પેહલવાને બુમ મારી, અને અમારી ગાડીનો રસતો રોકી તે ઉભો. તોફાની સર્પીક્ષ, આ નવાઇ જેવા દેખાવના લડવઇયાને જોતાં થંભ થઇ ઉભું, અને ગોકલ ગાય માફક પોતાનું ડોકું અંદર ખેંચી લીધું; કસારીઓએ શોર બકોર કરી મેલયો અને ગોધાઓ બરાડવા પડયા. પણ પેલા શુરા ગોંગ અને મેગોગ આગલ વધયા. તોપ જેવા જબરા અવાજથી તેઓએ બરાડ મારી અને તેઓમાંનો વડો ભાઇ બોલયો:—

"માહાતમા મુનચાસનનો મારગ રોકનાર એ તું દ બીજાજી પેહલવાન! અમારી આડે આવવાની કેમ હીમત કરેછે? હજીબી બાજુથા, નહીતો આએ ફોલાદી બાજુનો એકજ જરબ તને ખાકમાં લોટાડશે."

પણ માનકાનો શુરો પેહલવાન કવીક્ષોટ જરાબી ડરયા વીના બખારયોઃ—

"ગંજાવર રાક્ષશ! ભુતોના સરદાર! તું ગમે એવો જબરો હશે, પણ તે પેદા કરનારની પવીત્રાઈના બલથી મારી બાજુ તને કીડી કરતાં નાચીજ બનાવી શકશે!"

એમ પોકારી તે પેહલવાને ભાલો ઉંચકયો, અને પોતાનાં બલનો સવાદ તે જોરાવર ગોગને બતાવતે, પણ કમ ભાગયે તેના ઘોડાએ ઠોકર ખાવાથી, તે ભોંયે પડયો.

તેજ પલે, હજારો દેડકાઓ પોતાના સરદારો ગોગ અને મેગાગની ટોપીમાંથી ઉડયા, અને આપણા પેહલવાન ઉપર ધસયા.

આ કંગાલ જાનવરોના હુમલાથી કંટાલીને ડોન કવીક્ષોટ વીલાપ કરવા પડયો. તેણે પોતાની માશુક દલસીનયાને યાદ કરી અને તેણીને મોહબતની યારી માંગી.

તેનું રૂદન ફોકટ ગયું નહીં; કાંકે તેની મદેદે ઉમરાવ વીલ્હટીંગટનનો ભુત આવી ઉભો અને એક ટચાકરી ફોડતાંજ હજારો બાસકીટો, કેકો, અને પેપરમીંટની ટાંકલીઓનો વરસાદ દેડકાઓ ઉપર વરસવા લાગો. આ નવાઈ જેવા મારાથી દેડકાઓ થંભ થઈ ઉભા. પણ તેવામાં લારડ વીલ્હટીંગનનો ભુત ડોન કવીક્ષોટ અને તેમના સાથીઓ મારી ગાડીપર ધસયા. સર્પાંક્ષ એ હુમલાથી હીચકારૂં બની ભોંયપર લોટવા પડયું, અને તેની સાથ બલુનો, પેલા આકાશી રથ અને બધી ગાડીઓ ભોંયે પડયાં. નજદીક હતું કે, દુશમનો આ તકનો લાભ લેઇ અમારી ઉપર ખુના-

મરકી ચલાવે, પણ તેવામાં ગંભીર અને શાંત દેખાવે એક ખુણામાંથી હું ઉઠયો, અને ગાડીમાંથી હમબગના કોથલા કાહાડી બહાર ફેંકયા! સરવ જન મારામારી ભુલી જઇ, ચલયાં ચોખા વીણે તેમ હમબગ વીણવા પડયા. એક પલમાં સંધે શાંતી થઇ રહી.!

પ્રકરણ ત્રીશમું.

પધારવું બેરન સાહેબનું ઇંગલંડ ખાતે—તેવણના માન ખાતર આખા દેસમાં થઇ રહેલી ખુસાલી અને રંગ રાગ.

સરવે સાંત થવા પછી, ડોન કવીક્ષોટ વગેરેને શાથે લઇને મોટાં સરધસના આકારમાં હું ઇંગલંડ આવયો. મારી પધરામણીની ખબરથી આખો યુરોપખંડ ગાજી રહયો. તેમાં ઇંગલાંડમાં જે ધામધુમ થઇ તેનો તો પારજ નહીં હતો. દીવશો સુધી આંખા દેશમાં રોશની આતશબાજી અને રંગ રાગ મચી રહયાં. દેશે દેશની સરકારોના એલચી ઓ મને મુબારકબાદી આપવા માટે ઇંગલંડ આવયા. આખા દેશનાં વરતમાન પત્રો મારી મુસાફરીના હેવાલો, અને મને મલેલાં આવકારની ખબરોથીજ ભરવા લાગા, અને બધી રાજદવારી કે સંસારી બાબતો, મારી ધામધુમની ગડબડ તલે ઢંકાઇ ગઇ. મારા માનમાં એકેક જલસા થતા તે એવા મોટા, કે સાધારણ વાજીત્રો તો તેમાં વાપરી શકાયાં નહીં. ખાસ મોટાં વાજીંત્રો તે કામ માટે બનાવવાં પડયાં, કેમકે આખાં લંડનમાં તેનો અવાજ સંભલાવો જોઇયે. આથી વાંડસરના કીલા તથા સેંટપાલના દેવલના મોટા મીનારાઓને ખોખાં તરીકે લઇને તેનાં

તંબોરા, સારંગી પીઆનો વગેરે બનાવવામાં આવયાં. એટલુંજ નહીં. કોઇ કોઇ વર્જતર માટે તો ગીલડહાલ અને વેસટમીનસટર આખી જેવી ઇમારતોને પાયામાંથી ઉખેડીને છાપરાં નીચે અને નલયાં ઉપર એવી હાલતમાં ગોઠવવી પડી.

એ બધી ધામધુમ ચાલતી હતી, તે વખતે તમરા સેવક પોતાની માશુક લેડી ફરેગરેનશીયા જોડે મોહબતી વાતચીત માં લીન થઇ, બાગોમાં સેહલ કરતા હતાં.

પ્રકરણ એકતીશમું.

બેરનનાં રસાલાના માનસો વચે ખટપટ—આંધલા જડજો અને બેહરી જુરીથી તેમની ચાલેલી તપાસ—ઇનસાફ કરનારૂ પક્ષી વાઉ વાઉ તેણે કોરટમાં જગાડેલું રમખાન.

પેલા મોટા પુલ ઉપર ચાલેલી લડાઇનો આતરા, મારા સાથીઓમાં હજી પજરયાજ કરતો હતો, અને સાર્ડાક્ષ ગોગ, મેગાગ હીલારો વગેરે બે તડાંમાં વેંહચાઇ જઇને ઝઘડો ચલાવયાજ કરતા હતા, આથી એક જાહેર અદાલતમાં તપાસ ચલાવીને તેમના વર વાંધાનો નીકાલ આણવાની ગોઠવણ કરવામાં આવી. આખાં ગ્રેટ બ્રીટન અને આયરલાંડના એકકા બારીસતરો બંને બાંજુથી રોકાઇ ગયા, અને લોકોમાં એ તપાસનું પરીણામ જાણવાની બહુ ... લટ ચાલી રહી. વાંધો શું છે, તેની શરૂઆત શું અને છેડો કયાં તે કોઇને બલકે વાદી પરતીવાદીઓને વટીક સમજ પડતી ન હતી, તોપણ લોકોને એમાં બહુજ કાલજી લાગતી હતી. એક મોટાં મકાનમાં આસપાસ શરૂ થઇ, અને નાટકશાલાની

ઢપમાં પુશકલ બેઠકો ત્યાં ગોઠવવામાં આવી. કુલ અંગરેજી પ્રજાએ એક મતે મને ફરમારા કરવાથી, કોરટમાં પ્રમુખ સથાને તમારો સેવક બીરાજયો. મારા જમણા હાથપર એકસો આંધલા ગ્રહસ્થોને જડજો તરીકે, અને તેટલીજ બેહરી ડોશીઓને જુરી તરીકે દમામદાર પોશાક પેહરાવીને બેશાડી દીધાં હતાં. ઇનસાફનું કામ ચોખું અને આપઅખતયારીથી થાય માટે આ આંધલાં બેહરાંઓનો મેલો ભરાવો પડયો હતો. વલી કજયો બહુ ગુચવણ ભરયો, એટલે એવાંજ માણસો તે બરાબર સમજી શકે તપાસ લાંબી ચાલે એમ લાગવાથી, દરેક જડજ સામે અકેક ટેબલ જેવો ઊંચો કાગજનો ઢગ દોઢ બે ફીટ લાંબી કલમ, અકેક ગાલન શાહી અને તેટલીજ રેતી મેલી હતી. પણ જડજો આંધલા એટલે એ ચીજો તેમને ઝાઝી કામ લાગી નહી. કાગજપર તેઓએ કરોલીઆનાં જાલાં જેવી કસુબર ચીતરી કાહડી હતી આંખે ઉજરડાં, એટલે શાહીને બદલે રેતીમાં કલમ બોલીને તેઓ કાગજપર ઘસા પાડતા; અને એક પાનું ખલાસ થયું કે તેને સુકવવાની મતલબથી સહીનો ખડયો વાંકો વાલી, બાટલી બે બાટલી શાહીનો ઘાણ કાહડી નાખતા.

બેહરા ડોસીઓ પટપટ કરીને કોરટને મછી બજારનું રૂપ આપી દે નહીં તે માટે તેમનાં મોહડાં સીવાડી લીધાં. તેમને જે વાત કરવી હોય, તે ઇશારતે તેઓ કરતાં.

દહાડાપર દહાડા નીકલી ગયા, પણ આ તપાસનું છેવટ આવેજ નહી. અંતે મેં એક મારા મીત્ર ઉપર લખીને આસ્ત્રેલીયાથી વાઉ વાઉ નામે ઇનસાફ કરતું પક્ષી મંગાવયું. કેટલેક દહાડે બલુનમાં નાખીને તેને ઇંગલંડ લાવવામાં આવયું. ઇંગલંડમાં પગ મેલતાંજ, તે પોતાની મેલે ધસારો કરતું બારી વાટે કોરટમા ધસી આવયું, અને મારાં

તખતના છત્ર ઉપર ચહડી બેઠું. પોતાની જગા માટે તેણે દેખાડેલી સમજથી સઉ તેની અકલ વખાણવા લાગા, પણ ઇનસાફનું કામ સોંપવા અગાઉ તેની અકલની પરીક્ષા કરવી જોઇયે, માટે તેને જડજોએ એક સવાલ પુછયો તે એ કે, ચાંદ તાજાં પનીરના ટુકડામાંથી બનેલો હતો કે નહીં ?

પણ વાઉ વાઉને ઇશવર જાણે શું ફાટો આવયો તે કંઇબી જવાબ આપવાને બદલે મોટે મોટે ચીચારી પાડવા લાગું. આથી જડજો અને જુરીમાં બીરાજેલી બાઇઓનો મીજાજ ગયો, અને તેઓ ચીરડાઇને વઉ વાઉને પકડવા દોડયા. પણ તેની પુઠે કોણ લાગી શકે. તે તો પવનને વેગે કોરટમાંથી નીકલી નાઠું અને અમો સરવે એક મોટાં સરઘસના આકારમાં તેની પાછલ નીકલયા અમેબી એટલા ઉલટમાં આવયા, કે નદી, નાલાં, ખાડા ખબોચીયા, પાહડ પર્વત કંઇ દીઠુંજ નહી, અને પેલી આફ્રીકાની મુસાફરી વાલી મારી રથોમા સવાર થઇને છે અમેરીકા સુધી વાઉ વાઉની પુઠે દોડયા. મારગમાં અમે એક મોટું તરતું ટાપુ દીઠું જે પાણીની સપાટીપર તરતું ઘડીકમાં ઉતર પરૂવ તરફ તો ઘડીકમાં છેક દક્ષીણ તરફ ઘસડાઇ જતું, અને તેમાં વસનારાઓને અંચીતા રૂતુના ફેરફારો ખમવા પડવાથી તેઓ બીચારા બહુ હેરાન થતા હતા, મને તેમની બહુ દયા લાગી તેથી તેમના ટાપુને સથીર બનાવી દીધુ. પણ તે કેમ? દુકાલ પડે તેવારે વાદલ ફાડીને વરસાદ આણવા માટે બહુ મોટા લોખંડનો ભાલો મેં બનાવીને મારી રથમાં મેલી રાખેલો હતો, તે આ ટાપુમાં ભોકી દીધો, અને તેનો છેડો દરયાનાં પેટામાં એવી સીફતથી ખોસયો, કે તે ટાપુને કયામત સુધી જરાબી અલવલ આવે નહીં.

હવે અમે વાઉ વાઉની પાછી પુઠ પકડી, અને યુનાઇ-
ટેડ સટેટસ ખાતે આવી પુગા. તે રાજના પ્રેસીડંટે અમને
બહુ નમતાઇ સાથ આવકાર દીધો. અને પોતાના સુનંદા
સેકારીઓ અમને મદદ માટે આપયા છેઠ ઉતર અમેરીકાનાં
એક વીશાલ સરોવરની વચેવચમાં જઇને વાઉ વાઉ બેઠું.
પણ અમે કંઇ તથી ડરયા નહીં આખા સરોવરની આસ-
પાસ અકેક માઇલ જેટલી લાંબી જાલો પાંથરીને બધાં ફરતાં
ઉભાં. ગોગ એક બલુનમાં બેશી હવામાં અધર ઉડયો, તે
છેક સુરજની પડોશમાં જઇને બેઠો. મેગાગને લોખંડનો
અનીદાર પોશાક પેહરાવીને સરોવરનાં છેક તલીયાંમાં ઉતારયો
અને જમીનની નીચેથી થઇને વાઉ વાઉની બરાબર નીચેની
જમીન આગલ આવવા પછી અંચીતા નીકલીને તેના પગ
પકડવા મેં તેને ફરમાવયું. હવા, પાણી, જમીન, બધી
તરફથી તે ઘેરાયું. મેગાગ જમીનનાં તલયાંમાં પોતાના
અનીદાર લોખંડી પોશાકથી ભોંય કોતરતો છેક વાઉ વાઉ
વાલી જગા આગલ આવી પુગો પણ તેના ચાલવાનો
ખડભડાટ સાંભલતાંજ તે ચાલાક પક્ષી ચેતીને ઉડવા પડયું.
પણ જે તરફ જાય ત્યાં અમારી જાલો નજર પડવાથી, અંતે
તે સીધું ઉંચુંજ ઉડયું. પણ અંતે છેક સુરજ સુધી જવા
પછી બલુનમાં બેઠેલા ગોગના હાથપર પકડાયું! થોડો
વખત તો તે ગભરાયું, અને ગોગ હરખાતો હરખાતો અને
તેને જાલમાં ઘસડતો નીચે ઉતરવા લાગો. તેઓ લગભગ
જમીનપર આવી લાગા, પણ તેટલાં વાઉ વાઉએ બલુન
ઉપર એવી જોરથી ચાંચ મારી, કે તે ફાટીને તેમાંની ગાસ
બાહાર નીકલી ગઇ, અને બલુન નીચે પડવા લાગું. ગભ-
રાટને મારે ગોગે જાલ છોડી દીધી, અને તેજ પલે વાઉ વાઉ
ઉડી નાઠું.

પ્રકરણ બત્રીશમું.

વાઉ વાઉ પાછલનો નાસો ગુસો ચાલુ રાખતા કેદ પક-
ડાવું બેરન સાહેબનું માણસખાઉ જંગલીઓ
ના હાથ ઉપર—છોલાયલી ખોપરી સાથ છટ
કી નાસવું—હથયારને બદલે રીંછ વતે
લડાઈ કરવી એક જંગલી સરદાર સાથે
અને શેવટે સવેઝ કરતાં મોટી એક
નેહર ખોદી પાછા ફરવું
ઈંગલંડ ખાતે.

વાઉવાઉ નાઠું તો ખરૂં, પણ અમે નીરાશ થયા નહીં. મેં સઉને હીમત આપીને આગલ ચલાવયા. ગાડીમાં બેસતાં કંટાલો આવે તવારે કોઇ કોઇવાર મારા બેચાર સાથીઓ જોડે જંગલમાં શીકાર કરવા ઉતરી પડતો. એક દાહાડે એવી રીતે શીકાર કરતાં હું અને મારા ત્રણ સાથીઓ આખા રસાલાથી બહુ દુર નીકલી ગયા. એવામાં કેટલાક જંગલી-ઓએ ઓચીતા આવીને અમને પકડી લીધા. તેઓ અમને મુસકા બાંધીને પોતાનાં રેહઠાણ ઉપર લઇગયા, અને પછી પોતાની રસમ પ્રમાણે અમારાં માથાંની ખાલ ઉખેડીને અમા-રી આસપાસ ચેહ સલગાવી અમને ભુંજવા મેલયા! પછી પોતે અમારી પાસનો કેટલોક દારૂ પીને નાચવા પડયા. વગર વીચારે તેઓએ દારૂ પીધો, અને તેથી અંતે બેભાન થઇ એકેએક જણ ઉંઘાવા પડયા; તે જોતાંજ ચેહની ગરમી અને ખોપરીની ખાલ ઉખેડાવાથી લાગતી વેદના છતાં અમે બનતું જોર કરી છુટા થયા. અમારી ખોલ પડેલી હતી તે લઇને પાછી માથાં ઉપર ગોઠવી, અને એક જાતના કરામતી

ચીત્ર ૧૭ મું.



બેરનની ખોપરીપર જખ્મ. (જુઓ સફે ૯૪)

ચીત્ર ૧૮ મું.



લડાઇની નવી કુનેહ. (જુઓ સફે ૫૫)

સરસથી તે એવી સાબુત વલગાડી દીધી, કે જોતાં જોતાંમાં અમે સાજા થઇગયા. પછી એકેએક જંગલીને પેલી ચેહમાં હોમાવી દઇને અમારી આશા મેલી રડતા બેઠેલા અમારા દોસતોને આવી મલયા.

પાછી કુચ અમે શરૂ કીધી. આગલ ચાલતાં એક ગંજાવર કીલ્લા આગલ આવી પુગા. તે કીલ્લાનો રખેવાલ નેરસકીન નામે રૂશયન સરદાર હતો, તેણે મારૂં નામ સાંભલતાંજ અમને તરત કીલ્લામાં દાખલ કરી પરોણાગત કરવા માંડી. તરતજ ખાણાનો સુફરો બીછાવવામાં આવ્યો અને પેહલવાની તરીકે કટલાંક પાલેલાં રીંછો રકાબીઓમાં પીસતોલો, ગોલીઓ અને દારૂગોલો લઇ આવી ઉભાં. અમારા મેહમાને કહયું કે આ વાણી જો તમે પસંદ કરો તો તમારૂં પેટ ભરાય તયાં સુધી તમારી સાથે હું લડવા તઇયાર છું. આ વાણી જરપત નહીં થાય એવી અમે જણાવવાથી તરત તે ઉઠાવી લેઇને બહુ લેજતદાર પકવાનોથી અમને તેણે ખુશી કીધા. દારૂ તેણે અમોને બોહોંસ કરીને એટલો તો પાયો, કે શું બાનુઓ કે શું ગ્રહસ્થો, સરવે તદન ભારોભાર થઇ ગયાં. તેબી એટલાં, કે વગર વીચારે લાકડીના ઘોડા બનાવીને જાણે ખરા ઘોડા ઉપર ફરતાં હોય તેમ બધાં કીલ્લામાંથી બાહાર જંગલમાં નીકલી પડયાં. અંહી વાઉવાઉ વીશે વાત નીકલતાં નેરસકીન અને હીલારો અથડી પડયા અને તેથી બધાઓ વચે માંહો માંહે લડાઇ જાગી. મેં નેરસકીનને એકલે હાથે મારી સામે તેડયો. લડતાં લડતાં મારી તરવાર ભાગી ગઇ, જે જોઇ નેરસકીન મારાપર ધશયો, પણ મેં તરતજ તેની તરફથી લડતાં એક તેનાંજ પાલેલાં રીંછને પુછડીમાંથી ઝાલીને ઉંચકયું, અને ગુમાવીને તે નેરસકીન ઉપર ફેંકયું. રીંછે પડતાં પડતાં નેરસકીનનું માથું પોતાના ડાચાંમાં ઝાલી લીધું, અને તેને ગુંગલાવા માંડયો. તેણે

આ વખતે દયા માંગવાથી, રીંછના મોંમાંથી મેં તેને જીવત-દાન બક્ષયું. એટલા વખતમાં મારા સાથીઓએ પણ ને-રસહીનનાં લડાયક રીંછો, અને બીજા સાથીઓને હરાવયા.

પછી અમે વાઉવાઉની શોધમાં પાછા નીકલયા. ચાલતાં ચાલતાં બાબલમાનડેબની સંયોગી ભુમીપર અમે આવી લાગા. મેં જોયું કે જો આ સંયોગી ભુમીને ખોદીને નેહર બનાવી હોય, તો વેપારને બહુ લાભ થાય, આથી તરત મારી રથને જોરથી બે ચાર આંટા એ તરફ ફેરવી એટલે તેનાં પઇડાંથી જમીન ખોદાઇને નેહર બની રહી ! મારી નજર આગલ વા-હણો તયાંથી પસાર થવા લાગાં, અને તેમને કરી આપેલી સગવડ માટે મને તોપોની સલામતીથી માન આપયું.

એ વખતે ચંદર ઉપર કંઇ ગરબડ સંભલાવાથી, મેં પેલી મારી મોટી દુરબીન તે તરફ તાંકી. જોઉં છું તો, તયાં વસતા વીદવાનો ભેગા મલી, મારી ખોદેલી નેહર તરફ અજાયબી બતાવવા તથા મારી વખાણ કરવા લાગા. તેઓ બોલયા કે, પ્રથવી ઉપરના આટલાં નાનાં માનવીઓબી હદ કરેછે. મારી દુરબીનથી મેં એ બધો દેખાવ જોયો એટલુંજ નહીં પણ બધી વાતચીત વટીક સાંભલી! મારી એ દુરબી-નમાંથી જેમ દુરની ચીજો દેખાતી હતી, તેમ દુરનું સંભલા-તું પણ હતું.

હવે પેલી નેહરની મદદથી આટલાનટીક માહસાગર જોડે દક્ષીણ માહસાગરને પરણાવીને અમે ઈંગલંડ પાછા ફરયા, અને જોઇયે છીયેતો, વાઉવાઉ જયાંથી પેહલે ઉડયું ત્યાંજ બરાબર બેઠેલું! નબોત જાય એનું નકામા અમને રખડાવી મારયા!

પ્રકરણ તેત્રીશમું.

સુએઝની નેહર ખોદીને બેરન સાહેબનું આગલ વધવું શ્રી હીંદોસતાન તરફ—ઘેરો ઘાલવો સીરંગપટમના કીલ્લા ઉપર અને તે કીલ્લો ફતેહ કરવા બાદ ટીપુ સુલતાન સાથ લડી તેને હાર કરવો—ફતેહ સાથ યુરોપ પાછા ફરી દરયામાં ગરક ગયલી એક સટીમરને હુવામાં અધર ઉડાવવી.

એક નેહર ખોદવામાં ફતેહ મલવાથી મને ઉલટ છુટી, અને બીજી એક નેહર ખોદાવવાને મન થયું. તુરકીઓ અને રૂશયનો વચે એ વેલા લડાઇ ચાલતી હતી. મેં જોયું કે આ લોકો એકમેકનાં ડોકાં ઉરાડેછે તેમાં કંઇ દુનયાને ફાયદો નહીં, પણ બંનેના લશકરો સાથે મેલવીને સુએઝની નેહર ખોદવાપર લગાડી દીધાં હોયે, તો લડાઇની ખોહારી અટકે, અને વલી દુનયાને ફાયદો થાય; પણ એ કામ બજાવવું કેમ? રૂશયાની રાણીની મારી ઉપરની મોહબત મને યાદ આવી. મેં જોયું કે, મરને મારૂં ગમેતે થાય, દુનયાના લાભ ખાતર ગમે તે ભોગ આપવો, અને રૂશયાની રાંણીની ઇછા બર લાવી તેણી સાથ પરણવું, એટલે તે આ કામ પાર પાડવા તઇયાર થશે. એક બાહાડે કાફી પીતાં પીતાં વાત છેડીને રાણી સાહેબને મેં મારો ઇરાદો કહી સંભલાવયો. અંતે લાંબી મુદતે પોતાની મુરાદ બર આવી તેથી રાણી હરખથી ઘેલી બની ગઇ, અને મારી માંગણી મુજબ નેહર ખોદાવા તરત તઇયાર થઇ. લખો રૂશયનો અને તુરકીઓને સાથે લઇ હું સવેઝ તરફ જઇ ઉભો. માણસોને સગવડ કરી આપવા માટે પેહેલાં મેં મારી રથ તયાં ફેરવવા માંડી,

પણ કમનસીબે જમીન પોચી હોવાથી રથ સુધા હું તો માંહે ગબડી પડયો.

ગબડયો તે કયાં જઈ પડયો? એલેકઝાનડરીઆની પેલી મોટી લાઇબરેરી જે વરસો થયાં ગરક ગયલી, તેમાં છેક જઈ હું પડયો. અંહી લખો પુસતકો મેં જોયાં, અને સોલન, સેકરેટીસ વગેરે ઘરડા ફીલસુફો, જેઓને સઉ લોકો મરણ પામેલા સમજતા હતા, તેઓને જીવતા જાગતા બેઠેલા મેં દીઠા! પોતાના જમાનાની વીદયા હુનર વીગે તેઓ તકરાર ચલાવતા હતા. મેં જતાં વાર તેઓને હાલના જમાનામાં થયલી નવી શોધો અને તેમના જમાનાથી અત્યાર સુધીમાં થયલા ફેરફારોની તવારીખ થોડા બોલોમાં કહી સંભલાવી. કંઈ ચોકસ યુકતીથી પોતાના આવરદા લાંબા કરીને આ ફીલસુફો હજી સુધી જીવી શકયાછે. તેની પાસેથી તે કલા શીખીને મારેપણ દુનયાના ભલાં અરથે બહુ દીવશ જીવવાની ઈછાછે.

એ લાઈબરેરી તથા તેમાંના વીદવાનોને અલગ ઉંચકીને લંડનના સંગ્રહસથાનમાં મેલવાનો મારો વીચાર છે. વીદવાનોને તો એક સુંદર પીંજરામાં બેશાડીને હું મારી સાથે લાવયો છું. તેઓ મધ અને રોટલી શીવાયે બીજો ખોરાક લેતા નથી, એટલે તેમનું ગુજર આનું ભારી પડતું નથી.

એ લાઇબરેરીમાંથી માહ મેહનતે બાહાર નીકલવા પછી, મારી ગાડીના ચકરથી પડેલા ખાડા ઊંડા કરીને નેહર બાંધવા ઉપર રૂશયનો અને તુરકીઓને મેં લગાડી દીધા. થોડા કલાકમાં તો સડસડાટ બધાં વાહણો તયાંથી પસાર થવા લાગયાં. તેઓમાં હીંદુસતાનથી ઈંગલંડ જતાં એક વાહણના કેટલાક અંગરેજો મલયા, તેઓ પેલા જાલમ ટીપુ સુલતાન વીશે બહુ ફરયાદ કરવા લાગા. તે સાંભલી

ચીત્ર ૧૯ મું.



સીરંગાપટ્ટમના કીલાપર ઘેરો. (જુઓ સફે ૯૫)

અને મન થયું કે, લોકોને એ જુલમગારના હાથથી છોડવવા. આથી એક વાહાણમાં બેશી બનતી ઝડપે હું મધરાસ દોડયો. તયાંથી કશાબી લશકર વીના એકલે હાથે જઇને મેં સીરંગાપટનના કીલ્લાને ઘેરો નાખયો. દુશમનોએ કીલ્લા-માંથી મારા ઉપર તોપોનો મારો ચાલુ કીધો, પણ મને કશી ઇજા તેથી થઇ નહીં. જેવો એક ગોલો મારા તરફ આવતો, કે તેને ઝીલી લઇ ગરમ ગરમ હોય તેવોજ પાછો કીલા ઉપર જોરથી ફેંકતો, અને આબાદ કોઇબી મજબુત ભાગમાં ગાબરૂં પાડતો! કરીકેટના દડા માફક સીફતથી હું એ ગોલા ઝીલી તે પાછા ફેંકતો, તે જોઇ દુશમનો છક થઇ ગયા. મેં ગોલાઓના મારાથી કીલ્લાને છેકજ લથડાવી નાખયો, તયારે તેઓએ પોતાની મોટાંમાંમોટી તોપ લાવીને મારી સામે ગોઠવી. તોપ બહુ જબરી હતી, અને મેં જોયુ કે એ મને જરા લગાર ઇજા કરશે ખરી, તેથી જેવું તે ફોડવાનો હુકમ કરતાં તેના ઇજનેરે મોહડું ઉઘાડયું, કે તરત એક તોપનો ગોલો આબાદ તેનાં વકાસેલાં ડાચામાં ફેંકયો, અને આબાદ તેનાં પેટમાં તે ઉતારયો.

ટીપુ સુલતાન આ મામલો જોઇ હેબતાયો. એક મોટા હાથી ઉપર સવાર થઇ, અંબારીમાં એક તોપ તથા કેટલુંક દારૂખાનું ગોઠવી, તથા સરસમાંસરસ હથયારો લઇ તે મારી સાથે કીલ્લા બાહેર લડવા આવયો.

લડવઇયાઓના કાનુનપ્રમાણે મેં તેને સલામ કીધી, અને પછી પેહલો ધસારો લાવવાની તેને ફરમાયશ કીધી. ટીપુ જાતે જંગલી હોવા છતાં, સભયતામાં ઓછો ન હતો. તેણે મારીપર લાભ લેવા ના પાડી. તોપણ મેં આગ્રહ કરવાથી તેણે પોતાની તોપ છોડી. તેની કશી અસર મારા પર થઇ નહી, પણ મારી પીસતોલ ફોડતાં વાર તેનું તાજ ઉડી ગયું. પછી તેનાં હાથીની સુંઢ ઝાલીને તે વતે

એવાતો ફટકા ઝાડયા, કે તે નીચે તુટી પડયો. તરત હું બી ઊતરી પડયો, અને અમે પટા ખેલવા માંડયા. ટીપુ ખચીત એક સુનંદો લડવઇયો હતો. જનમમાં પેહલીજવાર મને એક લડવઇઆની તલવાર જખમ કરી શકી. તેણે મને એક કપાલ પર અને એક નાકપર જખમ કીધો. આથી ગુસામાં આવીને મેં તેના હાથને તલવાર સુધાં ઉડાવી દીધો. પછી તેણે બીજે હાથે પીસતોલ ફોડી, જેનો સેજ જખમ મારા ગાલપર લાગો, પણ તેની અસરથી મને એટલું તો ઝનુન છુટું કે મેં હવે ટીપુનું ધડ ઉડાવી દીધું.

હવે સીરંગાપટમનો કીલ્લો જીતીને મેં અંગ્રેજ સરકારને આપી દીધો, અને બલુનમાં બેશી પાછો યુરોપ ફરયો.

ઇંગલંડ આવી જોઉં છું તો, ડુબી ગયલી મનવાર "રાયલ જયારજનાં" દરયાનાં ઉંડાણમાં ખુટી બેઠેલાં ખોખાંને બાહાર કાહાડવા પાછલ ધમાલ ચાલી રહેલી, પણ કોઇ તે કામમાં ફતેહ પામયું નથી. આથી મેં તે કામ માથે લીધું. એક ગંજાવર બલુન બનાવીને, તેનાં દોરડાં લઇ મેં દરયામાં ડુબકી મારી. એ દોરડાં મનવાર સાથ મજબુત બાંધીને, પછી જે બલુન છોડયું, તે કીનારે મલેલા હજારો લોકોના શાબારીના પોકારો વચે મનવાર બાહાર નીકલી એટલુંજ નહીં, પણ બલુન જોડે હવામાં અધર ઉડવા લાગી. કીનારે ઉભેલા કેટલાક વીદવાનોએ બહુ વીચાર કરી અભીપ્રાય આપયો કે, સટીમરને બાહાર કાહડી તો ખરી પણ હવે તેને હવામાંથી નીચે ઉતારવાનું બનવાનું નથી.

તેમને તરતજ મેં ખોટા પાડી દેખાડયા. કીનારે પડેલી એક તોપ ખભે ચહડાવીને જે ગોલો, ફેંકયો, તે બલુન ફાડીને આસમાનમાં જઇ તારાઓ વચે બેઠો અને સટીમર ડપ કરતી કે દરયામાં પોતાની અસલ જગાએ આવી પડી.

ચીત્ર ૨૦ મું.



ટીપુ શુલતાન સાથ લડાઈ. (જુઓ સફે ૧૦૦)

ચીત્ર ૨૧ મું.



પટાબાજી. (જુઓ સફે ૧૪૦)

ચીત્ર ૨૨ મું.



ડુબેલાં વાહાણ કહાડવાની નવી રીત. (જુઓ સફે ૧૦૦)

ચીત્ર ૨૩ મું.



એ તે તોપ ખરી. (જુઓ સફે ૨૦૦)

સટીમર જમીનપર બવાઇતો નહીં, પણ એક નહી. અને તેવો બનાવ કરી બતાવીને આખા યુરોપને મેં છક કીધું. ચાહત તો સટીમરને જમીનપર પાડત, પણ પડતી વેલા તે કોઇને હાણી કરે તેથી ડરીને મેં બલુન દરયા તરફ ઉડયું તેજ વેલા નેમ લીધી. બાકી સેવકની બાજુ આગલ કોઈ કામ મુશકેલ નથી.

પ્રકરણ ચોત્રીશમું.

પ્રીય વાંચનાર, આપણા નાયકથી છુટા પડવાની તઈયારી કર!—ફ્રાનસના રાજા રાણીને બલવા-ખોર પ્રજાના હાથમાંથી છોડવવા બાદ તેવણ આપણને છેલ્લી સલામ કરેછે!

હીંદુસતાનથી ઇંગલંડ જતાં મારગમાં બનેલો એક બનાવ તમને કેહતાં હું ભુલી ગયો. રસતામાં મને ખબર મલી કે, ફરેંચ પ્રજાએ બલવો ઉઠાવીને પોતાનાં રાજા રાણી તથા અમીર ઉમરાવોને કેદ કીધાં છે. બધી વાત પડતી મેલીને એ દુખયારાઓની સાહાયે જવાનો મેં ઠરાવ કીધો. બલુનમાં હું પારીસ દોડયો. તયાં પ્રજાસતાક અધી કારીઓની સભા એ વખતે મલેલી હતી. કશાબી તાજીમ તવાજો વીના હું એ સભામાં જઇ ઉભો, મયાનથી તલવાર કાહડી, અને પુર દમામ સાથ બોલયો,—

"તમારા રાજા રાણીને આપને છુટાં કરો! ઝડપ કરો અહો બલવા ખોરો! જરાબી ઢીલ થઇ તો તમારાં માથાં ઉડયાં જાણજો.

મારા આ બોલોથી ચીરડાઇને સભાના પ્રમુખે એક મોટો શાહીનો બડયો મારાં માથા તરફ ફેંકયો. પણ મેં તે

છટકાવયો, અને પછી તરતજ એક સભાસદનો પગ ઝાલીને પ્રમુખ ઉપર એવો ફેંકયો, કે બંનેએ એકેક સાથ અફડાઇને પ્રાણ છોડી દીધો. એવી રીતે અરધો અરધનો ઘાણ કાહડીને બાકીનાઓને નહસાડી મેલયા.

પછી રાજા રાણીને કેદમાંથી છુટાં કરીને મેહલમાં લાવી બેશાડયાં. રાજાને માન પુરવક નમન કરીને મેં કહયું:—

"સાહેબ! આજથી પ્રજાના અધીકારીઓની મંડલી મનેજ સમજજો! કહેશો તો તમારી આખી પારલામેંટ-અને પ્રધાન મંડલનું કામબી હું એકલોજ બજાવીશ. આ-જથી તમારે સુખે કાલ કાહાડવો!"

રાજા રાણીએ મને પોતાનો તારનાર કહી બહુજ સભ-યતાથી મારો પાડ માનયો.

પણ એવાંમાં પેલા પ્રજાસતાક રાજના અધીકારીઓ લશકર સહીત મારી ઉપર હલલો લઇ આવયા. રાજા રાણી-ને એક સલામત જગામાં સંતાડીને હું એકલો બલવાખોરો સામે ગયો. તેઓને મોખરે પાંચશો માછણો સાવરણી લઇને ચાલતી હતી, તેમને તો સેજમાં નસાડી; અને પછી આખાં લશકરને મારતો મારતો ગામને નાકે મેલી આવયો.

એ પછી રાજ મહાલ તરફ પાછો ફરયો તે વેલા રાણીએ હરખથી મને બગલગીરી કીધી, અને તે બોલા, "નામવર મુનચાસન, ઉમરાવ મંડલના તુરા! તારા જેવા ઉમરાવો ફરાંસમાં હતે, તો અમે આટલું ખમતે નહીં."

રાજા રાણીને દીલાશો દઇને તથા બને તેવી રીતે તેમને મજબુત હાલતમાં મેલીને મેં તેમને છેલ્લી સલામ કીધી.

સમાપ્ત.

ચીત્ર ૨૪ મું.



છેલી સલામ. (જુઓ સફે ૧૦૨)